સુવિચાર

ખોટું કામ કરવું મરજિયાત છે પણ તેનું પરિણામ ભોગવવું ફરજિયાત છે...

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૨૦-૧૨-૨૦૨૪, શુક્રવાર

વર્ષઃ ૧૩, અંક : ૨૩૯

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2022-2024 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




રેસકોર્સ પાર્કમાં જોઈએ છે

ફ્લેટ વેચાણ-ભાડેથી, એરોડ્રામ ફાટક પાસે, દલાલભાઈ આવકાર્ય, રાજકોટ

મો.નં. 98242 00970

સેમિકંડક્ટર ક્ષેત્રે ૩૦ હજાર તજજ્ઞોની જરૂર પડશે



તમારાં દાંત ઊંચા કોલેસ્ટ્રોલની 'ચાડી' ખાય છે

# ગેરકાયદેસરના બાંધકામોને નેસ્ત નાબૂદ કરવા રાજ્યોને સુપ્રીમનો છૂટોદોર

## ગેરકાયદે બાંધકામો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનું બંધ કરવાનો સ્પષ્ટ આદેશ, તમામ હાઈકોર્ટ અને મુખ્ય સચિવોને ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહીની સૂચના

**અબતક, નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં વહીવટી તંત્રને અનધિકૃત અને ગેરકાયદે બાંધકામો અને અતિક્રમણ તોડવાની સંપૂર્ણ સત્તા આપી છે અને કહ્યું છે કે કાયદાના દાયરામાં આવતી મિલકતોને એ આધાર પર કાયદેસર બનાવી શકાય નહીં કે લોકો તેમાં રહેતા હોય. દાયકાઓથી અધિકારીઓએ ગેરકાયદેસર બાંધકામો ઉપર ધ્યાન આપ્યું નથી.



ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા કેટલીક ગેરકાયદેસર મિલકતો સામે કરવામાં આવેલી ડિમોલિશનની કાર્યવાહીને સમર્થન આપતી વખતે, ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને આર મહાદેવનની ખંડપીઠે જણાવ્યું હતું કે, ''અનધિકૃત બાંધકામની ગેરકાયદેસરતા ટકી શકતી નથી. જો બાંધકામ કાયદા/નિયમોના ઉલ્લંઘનમાં કરવામાં આવ્યું હોય તો. તે ગેરકાયદેસર અને અનધિકૃત બાંધકામ તરીકે ગણવામાં આવશે, જેને ફરજિયાત રીતે તોડી પાડવું જોઈએ.''

૩૬ પાનાનો ચુકાદો લખતા જસ્ટિસ મહાદેવને કહ્યું હતું કે સમય પસાર થવાના બહાને, અધિકારીઓની લાંબી નિષ્ક્રિયતા અથવા બાંધકામ પર ખર્ચવામાં આવતી નોંધપાત્ર રકમના બહાને કોઈપણ અનધિકૃત અથવા ગેરકાયદેસર માળખાને કાયદેસર કરી શકાય નહીં. જસ્ટિસ મહાદેવને કહ્યું, ''અનધિકૃત બાંધકામ, નજીકમાં રહેતા રહેવાસીઓ અને નાગરિકોના જીવન માટે જોખમ ઊભું કરવા ઉપરાંત, વીજળી, ભૂગર્ભજળ અને રસ્તાઓ જેવા સંસાધનોને પણ અસર કરે છે, જેનો ઉપયોગ મુખ્યત્વે સુવ્યવસ્થિત વિકાસ માટે થાય તે જરૂરી છે''

જમીન માફિયાઓ સાથે રજીસ્ટ્રેશન સત્તાવાળાઓની મિલીભગતને કારણે અનધિકૃત બાંધકામો નોંધાયા હોવાના કિસ્સાઓનો ઉલ્લેખ કરતા બેન્ચે કહ્યું કે અનધિકૃત બાંધકામો દૂર કરવાની સત્તા રજીસ્ટ્રેશન એક્ટથી સ્વતંત્ર છે અને કહ્યું, ''કોઈપણ સંજોગોમાં, મિલકતની નોંધણી આનાથી થશે નહીં.''અનધિકૃત બાંધકામો સંબંધિત લાંબા સમયથી ચાલી રહેલા મુકદ્દમાના મુદ્દા પર, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ''જો કોઈ ઉલ્લંઘન અદાલતોના ધ્યાન પર લાવવામાં આવે છે, તો તેને સખત રીતે રોકવું જોઈએ અને તેમને આપવામાં આવતી કોઈપણ હળવાશ ખોટી સહાનુભૂતિ દર્શાવવા સમાન છે.''

તેમાં કહેવામાં આવ્યું છે કે, તેથી, નિયમિતીકરણ યોજનાઓ માત્ર અસાધારણ સંજોગોમાં જ ધ્યાનમાં લેવી જોઈએ. તેણે બિલ્ડરોને કમ્પ્લીશન/ઓક્યુપન્સી સર્ટિફિકેટ મેળવ્યા વિના ફ્લેટ ફાળવવાની મંજૂરી ન આપવા માટે સત્તાવાળાઓને ઘણા નિર્દેશો જારી કર્યા હતા. નાણાકીય સંસ્થાઓ અને બેંકો પૂર્ણતા/ ભોગવટા પ્રમાણપત્રની ચકાસણી કર્યા પછી જ કોઈપણ મકાન માટે લોન મંજૂર કરશે. સુપ્રીમ કોર્ટે રજિસ્ટ્રીને આ આદેશને તમામ હાઈકોર્ટ અને રાજ્યના મુખ્ય સચિવોને કડક પાલન માટે મોકલવા જણાવ્યું હતું.

### રાજ્ય સરકારોને ગેરકાયદેસર ખડકાયેલી કોલોનીઓને આડેધડ નિયમિત ન કરવા સુપ્રીમની ટકોર

કોર્ટે રાજ્ય સરકારોને અસાધારણ સંજોગો સિવાય આડેધડ રીતે ગેરકાયદેસર કોલોનીઓને નિયમિત ન કરવા જણાવ્યું હતું. ''રાજ્ય સરકારો વારંવાર ઉલ્લંઘન અને ગેરકાયદેસરતાઓને માફ કરીને/મંજુરી આપીને નિયમિતીકરણની પ્રક્રિયા દ્વારા પોતાને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કરે છે. રાજ્ય એ હકીકતથી બેખબર છે કે આ નફો વ્યવસ્થિત શહેરી વિકાસને લાંબા ગાળાના નુકસાન અને શહેર પર અફર પ્રતિકૂળ અસરોના ખર્ચે છે. પર્યાવરણની સરખામણીમાં અસર નહિવત્ છે, બેન્ચે જણાવ્યું હતું.

# જયપુરમાં મોટી દુર્ઘટનાઃ સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ થતાં પાંચ લોકો જીવતા ભૂંજાયા

## આગ લાગતા ૨૪ લોકો ગંભીર રીતે દાઝ્યાઃ ઈજાગ્રસ્તોની ખબર અંતર પૂછવા મુખ્યમંત્રી ભજનલાલ હોસ્પિટલ દોડી ગયાં

**અબતક, રાજકોટ**

જયપુરમાં આજે સવારે અજમેર રોડ પર એક સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ થતાં લગભગ ૪૦ વાહનોમાં આગ લાગી ગઈ છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે બે ડઝનથી વધુ લોકો દાઝી ગયાંના અહેવાલ પ્રાપ્ત થયાં છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હોસ્પિટલ ખાતે ઘાયલોની સ્થિતિ જોવા પહોંચ્યા છે.

રાજસ્થાનની રાજધાની જયપુરમાં શુક્રવારે સવારે એક ભયાનક દુર્ઘટના ઘટી હતી. અજમેર રોડ પર એક સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ થતાં લગભગ ૪૦ વાહનોમાં આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘણા લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. અત્યાર સુધીમાં ૫ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટના અજમેર રોડ પર ભાંકરોટા વિસ્તારમાં બની હતી. ગેસ ટેન્કરમાં થયેલા વિસ્ફોટને કારણે પેટ્રોલ પંપ સહિત કેટલાય વાહનોમાં આગ લાગી ગઈ હતી. જેમાં બસ, ટ્રક, કાર વગેરે સામેલ છે.

ઘટનાસ્થળે પહોંચેલા જયપુર કલેક્ટર જિતેન્દ્ર સોનીએ જણાવ્યું કે ઘટનામાં ૪૦ વાહનો સામેલ છે. તેમણે કહ્યું કે માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડના વાહનો અને એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. આગ પર કાબૂ મેળવવાની સાથે જ ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. રાહત કાર્ય ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે. આ ઘટનામાં લગભગ ૨૩-૨૪ લોકો ઘાયલ થયા છે.

ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીએ જણાવ્યું કે તેમને લગભગ પોણા છ વાગ્યે એક સાથે અનેક વાહનોમાં આગની લાગ્યાની માહિતી મળી હતી. ફાયર બ્રિગેડના ૩૦ વાહનોને આગ બુઝાવવા માટે તૈનાત કરવામાં આવ્યા.

અહેવાલ મળી રહ્યા છે કે, કેમિકલ અથવા ગેસથી ભરેલા ટેન્કરની એક બીજા ટ્રક સાથે ટક્કર થઈ ગઈ હતી.જેના કારણે મોટો વિસ્ફોટ થયો હતો. વ્યસ્ત રોડ પર એ સમયે ઘણા વાહનો હાજર હતા. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે એક બસ, અનેક ટ્રક, કાર, બાઈક અને અન્ય ઘણા વાહનોમાં આગ લાગી ગઈ હતી. આગ પેટ્રોલ પંપ સુધી પણ પહોંચી ગઈ હતી. અચાનક થયેલા વિસ્ફોટને કારણે લોકોને ભાગવાની તક ન મળી હતી. ઘણા

(અનુ. આઠમા પાને)

# વર્ષે ૧૩ લાખ લોકો તમાકુના સેવનથી મોતને ભેટે છે !

## ભારતમાં ૨૮ કરોડથી વધુ લોકો તમાકુનું સેવન કરી રહ્યા છે

**અબતક, રાજકોટ**

તમાકુ એક એવું વ્યસન છે જેના કારણે સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ શકે છે. તમાકુ કેન્સરને નોતરે છે તેમ જાણતા હોવા છતાં તેનું સેવન કરતા લોકોની સંખ્યા દર વર્ષે વધતી જ જાય છે. તમાકુનો ઉપયોગ થતી વસ્તુઓ જેવી કે માવા, મસાલા, ખૈની, સિગારેટ, બીડીનાં પેકેટ પર ચેતવણી હોય છે કે તેનું સેવન આરોગ્ય માટે ખતરનાક છે તેમ છતાં લોકો તેનું આંધળું અનુકરણ કરતા હોય છે. જે અંગેની ગણતરી ચોંકાવનારી છે. ભારતમાં ૨૮ કરોડથી વધુ તમાકુનું સેવન કરી રહ્યા છે. તો વર્ષે ૧૩ લાખ લોકો તમાકુના સેવનથી મોતને ભેટે છે.

ત્યારે લોકોને જાગૃત કરવા માટે સરકારે નિર્ણય લીધો છે જેમાં તમાકુ ઉત્પાદનો પર ચિત્રાત્મક ચેતવણીઓ વધુ ગંભીર બનશે. કારણ કે આવતા વર્ષે ૧ જૂન થી, ભારતમાં તમાકુના ઉત્પાદકો અંતિમ તબક્કાના મોઢાના કેન્સરથી પીડિત વ્યકિતના ચહેરાની આગળની પ્રોફાઈલ પ્રદર્શિત કરશે અને ટેક્સ્ટ ચેતવણીમાં ''તમાકુ પીડાદાયક મૃત્યુનું કારણ બને છે.'' તેવું લખવામાં આવશે. આ ફેરફારનો ઉદ્દેશ્ય તમાકુના વપરાશના ઊંચા દરનો સામનો કરવાનો છે, જે વાર્ષિક અંદાજિત ૧.૩ મિલિયન મૃત્યુ માટે જવાબદાર છે. નવી ચેતવણીઓમાં રાષ્ટ્રીય તમાકુ

(અનુ. આઠમા પાને)

# ગૌશાળાની સંખ્યામાં ગુજરાત ચોથા ક્રમે, પરંતુ નવી એકપણ પશુ કલ્યાણ સંસ્થા ન મળી



## એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ છેલ્લા એક વર્ષમાં દેશમાં ૫૧ પશુ કલ્યાણ સંસ્થાઓને માન્યતા આપી, એમાંથી ગુજરાતમાં એક પણ નહીં

**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં પશુઓ માટેના આશ્રય ગૃહો અથવા ગૌશાળાઓમાં ચોથા ક્રમે છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ ટોચના ત્રણ સ્થાન પર છે. તેમ કેન્દ્ર સરકારે બુધવારે લોકસભામાં જણાવ્યું હતું.

એક લેખિત પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે કહ્યું કે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા એ ૨૦૨૩-૨૪માં દેશમાં ૫૧ પશુ કલ્યાણ સંસ્થાઓને માન્યતા આપી છે, જેમાંથી એક પણ ગુજરાતમાંથી નથી. સાંસદ ઉજ્જ્વલ રમણ સિંહે રખડતા પ્રાણીઓ માટે આશ્રય ગૃહોની રાજ્યવાર વિગતો માંગી હતી. તેમણે આશ્રય ગૃહોમાં જગ્યા અને અન્ય સુવિધાઓના અભાવે રખડતા પ્રાણીઓની અવગણના અંગે મળેલી ફરિયાદોની સંખ્યા વિશે પણ માહિતી માંગી હતી.

એક લેખિત જવાબમાં, કેન્દ્રીય

(અનુ. આઠમા પાને)

### આમાં મહિલા સશક્તિકરણ ક્યાંથી થાય!!

# મધ્યાહન ભોજનમાં ન્યૂનતમ વેતનથી પણ ઓછો પગાર ચૂકવાય છે!

## મધ્યાહન ભોજનના રસોઈયાને ચૂકવાતા ઓછા વેતનના પરિણામે સરકાર પાસે રૂ. ૭,૪૦૦ કરોડનું ભંડોળ જમા

**અબતક, રાજકોટ**

દરેક શાળાઓમાં વિદ્યાર્થીઓને ભોજનની સુવિધા પૂરી પાડવા મધ્યાહન ભોજન યોજના અમલમાં મુકવામાં આવી હતી. વિશ્વનો સૌથી મોટો મધ્યાહન ભોજન કાર્યક્રમ ૨૫ લાખથી વધુ શાળાના મધ્યાહન ભોજનના રસોઈયાઓને ઓછા વેતન સાથે રોજમદારી આપે છે, જેમાંથી ૯૦ ટકા મહિલાઓ છે. 'પીએમ પોષણ' શક્તિ નિર્માણ કાર્યક્રમને ઓછા વેતનવાળી મજૂરી દ્વારા આશરે રૂ. ૭,૪૦૦ કરોડનું ભંડોળ સરકારને પરત મળે છે. જે રકમ એકલા કેન્દ્ર દ્વારા બચત કરાયેલી રકમ યોજના માટે તેના કુલ વાર્ષિક બજેટના અડધાથી વધુની સમકક્ષ છે.

ગણતરી કરતાં જાણવા મળ્યું કે કે કૂક-કમ હેલ્પર્સ (સીસીએચ) ને ચૂકવવામાં આવેલી વાસ્તવિક રકમની સાથે જો તેઓને ૫,૩૪૦ રૂપિયાનું રાષ્ટ્રીય સ્તરનું લઘુત્તમ વેતન સરખાવવામાં આવે તો તે કેટલું થયું હોત ? ત્યારે બંને વેતનના આંકડાઓ વચ્ચેનો તફાવત આશરે રૂ. ૭,૪૦૦ કરોડ (રૂ. ૬,૦૬૫ કરોડની સામે રૂ. ૧૩,૪૩૯ કરોડ) હતો.

કેન્દ્ર સરકાર મોટા ભાગના રાજ્યોમાં તેના દ્વારા નક્કી કરાયેલ માનદ વેતનના ૬૦ ટકા (રૂ. ૧,૦૦૦ પ્રતિ માસ) અને અન્ય કેટલાક રાજ્યોમાં ૯૦ ટકા વેતન આપવામાં આવે છે. કેન્દ્રના બિલની ગણતરી દર મહિને રૂ. ૧,૦૦૦ના માનદ વેતન પર કરવામાં આવી હતી. ગણતરીના અંતે તફાવત જોવા મળ્યો. આ તફાવત લગભગ રૂ. ૬,૯૦૦ કરોડ (રૂ. ૧,૫૯૨ કરોડની સરખામણીએ રૂ. ૮,૪૯૭ કરોડ) થયો હતો, જે કેન્દ્ર દ્વારા રૂ.

(અનુ. આઠમા પાને)

# જંત્રીની પળોજણ વચ્ચે મુખ્યમંત્રીએ ૫૦૦૦ સૂચનોનું અવલોકન કર્યું

## સૂચિત જંત્રી દર સામે હજુ ૧૦ હજાર જેટલા સૂચનો મળવાની સંભાવનાઃ આજે કલેક્ટર અને ડીડીઓની કોન્ફરન્સમાં નવા જંત્રીના દરો અંગેનો અભિપ્રાય મંગાય તેવી શકયતા

**અબતક, ગાંધીનગર**

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુરુવારે સૂચિત જંત્રી દર સુધારણા પર મળેલી ૫,૩૦૦ થી વધુ રજૂઆતોની પ્રથમ સમીક્ષા હાથ ધરી હતી.સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર દરખાસ્ત પર સૂચનો અથવા વાંધાઓ સબમિટ કરવાની સમયમર્યાદા ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ પછી લંબાવવા ઈચ્છુક નથી અને વાંધાઓની સંખ્યા ૧૦,૦૦૦થી વધુ થવાની સંભાવના છે.

મુખ્ય પડતર બાબતોની ચર્ચા કરવા માટે રાજ્યના મહેસૂલ વિભાગની બેઠકમાં,ભુપેન્દ્ર પટેલે જંત્રી દરોમાં સૂચિત નોંધપાત્ર વધારા અંગે વિવિધ હિતધારકો તરફથી મળેલા વાંધાઓ અને સૂચનોની ખાસ તપાસ કરી હતી. એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ૫,૩૦૦થી વધુ વાંધા અને સૂચનો મળ્યા છે.

આ ઘટનાક્રમથી વાકેફ મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, ''મહેસૂલ વિભાગની અન્ય બાબતોની સાથે, મુખ્ય પ્રધાન, જેમની પાસે મહેસૂલ વિભાગનો વધારાનો હવાલો પણ છે, તેમણે સૂચિત નવા જંત્રી દરો માટે મળેલા વાંધાઓ અને સૂચનોની તપાસ કરી હતી. અત્યાર સુધીમાં, આશરે. એક મહિનામાં, ઓનલાઈન અને ઓફલાઈન ચેનલો દ્વારા બરાબર ૫,૩૦૨ વાંધા/સૂચનો પ્રાપ્ત થયા છે તેમ છતાં, સરકારને અપેક્ષા છે કે ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ સબમિશન બમણા થઈ જશે. ''અમે સમય મર્યાદાને ૨૦૧૫ પછી લંબાવવાનો ઈરાદો ધરાવતા નથી, કારણ કે બે મહિના પૂરતો સમય લાગે છે.'' સૂત્રોએ જણાવ્યું હતું કે મોટાભાગની રજૂઆતો સૂચિત વધારા સામે વાંધો છે.

(અનુ. આઠમા પાને)

### જંત્રી દરમાં વાર્ષિક ૨૫ ટકાનો વધારો જાહેર કરવા સરકારમાં વિચારણા

રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રચંડ વિરોધને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર જંત્રીના દરોમાં આગામી ત્રણ વર્ષ સુધી સમયાંતરે વધારો કરવાની દરખાસ્ત રજૂ કરવા વિચારી રહી છે. આમ તો જંત્રીના નવા દરો જાહેર થઈ ચૂક્યા છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તો ૧૦૦ ટકા કરતા પણ વધુ વધારો કરાયો છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર મહારાષ્ટ્રની જેમ આગામી ત્રણ વર્ષ માટે પ્રત્યેક વર્ષે જંત્રીના દરોમાં ૨૫ ટકાનો વધારો કરવા વિચારી રહી છે. રાજ્ય સરકારે સત્તાવાર રીતે ગત ૨૦ નવેમ્બરના રોજ જંત્રીના દરો જાહેર કર્યા હતા. સરકારે આ દરોને જાહેર જનતા માટે પબ્લિક ડોમેઈનમાં મૂક્યા હતા અને તમામ સંબંધિત પક્ષકારો પાસેથી તેને લગતા વાંધા-વિરોધ અને સૂચનો પણ મંગાવ્યા હતા. આ દરો સામે વાંધો-વિરોધ નોંધાવવા માટે આરંભમાં એક મહિનાની મુદત આપવામાં આવી હતી, પરંતુ સંબંધિત પક્ષકારોએ સૂચનો આપવા માટે મુદતમાં વધારો કરવાની માંગ કરતા આ મુદત વધારીને ૨૦ જાન્યુઆરી સુધીની કરી દેવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન (અનુ. આઠમા પાને)


શું તમે રીપોર્ટર બનવા માંગો છો?

શું તમારે મીડિયામાં કામ કરવું છે?

શું તમે નોકરીની શોધમાં છો?

તો તમારા આ પ્રશ્નોના જવાબ અમારી પાસે છે

અબતક

રૂબરૂ મળો : સવારે ૧૦ થી સાંજે ૬ સુધી
'અબતક' મીડિયા હાઉસ, રાષ્ટ્રીય શાળા-રાજકોટ
મો.નં. ૯૪૨૬૬ ૭૨૩૦૩

# વૃધ્ધત્વ દરેકને આવે, પણ બુધ્ધત્વ માટે આપણે સજજ થવું પડે

## એક જ ઘરેડમાં જીવતો માણસ ઘરડો થઇ જાય છેઃ નિવૃત્તિમાં પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ શ્રેષ્ઠ ફળ છેઃ આજે ઘણા વૃધ્ધોને પોતાની નવરાશ અસહ્ય લાગે છે, પણ મનગમતી પ્રવૃતિમાં જોડાય જાય એ જ શ્રેષ્ઠ જીવન છે

### શરીર ભલે વૃદ્ધ થાય પણ, માનસિક રીતે ક્યારેય વૃદ્ધ ન થવું : રોજ નવું નવું શીખતા રહેવું એ જીવન જીવવાની શ્રેષ્ઠ પદ્ધતિ છે : ગમતું કામ કરનાર વ્યક્તિ ક્યારેય વૃદ્ધ થતો નથી

ફિલ્મ લગે રહો મુન્નાભાઈમાં કેટલાક વૃધ્ધો, નિવૃત્તો એક જુટ થઈને 'સેકન્ડ ઈનિંગ્સ' હોમમાં રહીને મસ્ત જીવન પસાર કરતાં બતાવાયા છે. બુધ્ધ અને વૃધ્ધની ફિલસુફી સમજવાની જરૂર છે. યુવાની પછી વૃધ્ધાવસ્થા આવે જ છે. પણ એમાં સતત પ્રવૃતિશીલ રહેવાથી તમો સદાબહાર રહી શકો છો. શરીર ભલે વૃધ્ધ થાય, ઘરડું થાય પણ માનસિક રીતે કયારેય વૃધ્ધ ન થવું, નવું-નવું શિખતા રહેવું એ જીવન જીવવાની શ્રેષ્ઠ રીત છે. આપણે ત્યાં મોટા ભાગે ૫૦ થી ૬૦ વચ્ચે વૃધ્ધ થઈ જાય છે. કપડા, રહન-સહન, દિનચર્યા વિગેરે બધુ જ ફેરવીને માણસ પોતે વૃધ્ધની ટીપીકલ ઘરેડમાં જીવવા લાગે છે, તેથી જ તો કહેવાય છે કે જે એક ઘરેડમાં ચાલે તે ઘરડો થઈ જાય.



નોલેજ કોર્નર
ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે ૨૧ મી સદીમાં બદલાવ આવવાથી સીનીયર સીટીઝનોની કલબો, નિવૃત લોકોના મંડળો જેવા વિવિધ યુનિટોના સથવારે માણસ ફરી ધબકવા લાગ્યો છે. અમેરીકાના પૂર્વ વડાપ્રધાન બિડેન ૭૮ વર્ષના છે, જે સતત કાર્યશીલ, પ્રવૃત્તિ શીલ સાથે દુનિયાના સૌથી મોટી મહાસત્તાના રાષ્ટ્રપતિ બન્યા હતા, તે લોકડીના ટેકે નથી ચાલતા આજે એ એઈજના આપણે આસપાસ જોઈએ તો જ ખ્યાલ આવી શકે. આજે સમાજમાં સૌ પોતાની રીતે જીવવા માટે મથામણ કરી રહ્યો છે ત્યારે પરિવારના વડિલો માટે શું તે કોઈ સમજતું નથી. દિકરો પણ મા-બાપને રાખવા માંગતો નથી ત્યારે આપણા ગુજરાતમાં દિન પ્રતિદિન સમસ્યા વધી રહી છે.

એક સર્વે મુજબ ગુજરાતમાં બસો જેટલા વૃધ્ધા શ્રમો છે. દર વર્ષે તેમાં ૧૫ નો વધારો થાય છે. તો એની સામે ૪ કે ૫ બંધ પણ થાય છે. ૨૦૦૫માં વૃધ્ધાશ્રમની સંખ્યા માત્ર ૬૭ જેટલી હતી. છેલ્લા દોઢ દાયકામાં ત્રણ ગણી સંખ્યા વધી ગઈ છે. એકલા અમદાવાદમાં ૨૫ જેટલા વૃધ્ધાશ્રમો આવેલા છે.

૫૮ વર્ષ સુધી સરકારી નોકીરી કરીને નિવૃત થનાર કર્મચારીને પ્રશ્ન છે હવે દરરોજ જવું કયા? માણસ પોતે અભિમાન, ઘમંડ, હોદ્દો, માન-મોભ્ભો, ઈજજતા, દોલત વિગેરેમાં જીવ્યો હોય ત્યારે વૃધ્ધાવસ્થામાં તેને એકાંત એકલતા મહસુસ કરવી પડે છે.

સતત કામ કરનારને કયારેય ઉંમર નડતી નથી. કેટલાય ફિલ્મ કલાકારો ૭૦ ઉપરની વય વટાવી ગયા છે છતાં આજે એ જ ઉત્સાહથી કાર્યરત છે. નિવૃત થયા પછી પોતાની નવરાશ જ માણસને અસહય લાગવા માંડે છે.

નોકરી, વ્યવસાય કે પારિવારિક જવાબદારીમાંથી નિવૃત માણસ ગમતું કામ કરવા લાગે તો ફુલગુલાબી થઈ જાય છે. જીવન જીવવાની લલિતકલા હવે આજના યુગમાં સૌએ શિખી લેવાની જરૂર છે. પ્રવૃત્તિમય નિવૃત્તિ અને નિવૃત્તિમય પ્રવૃત્તિ સાથેની રહેણી કરણી કરીને પોતાને માટેને પોતાની રીતે જીવવાનો આનંદ એ જ સાચુ જીવન છે. જીવન અને મરણ વચ્ચેના તમામ તબકકાવાઈઝ સંસાર યાત્રા પુરી કરીને એક ગાળો એવો આવે છે કે જયારે ખરેખર પોતાની જાત સાથે વાતો કરતા ને પોતાની જાતે જીવન જીવતાં ને આનંદોત્સવજીવન જીવવાનો સમય મળે છે. ઘણા બધા લોકોએ પોતાની નિવૃતિ ને સારી જાળવણી કરીને શ્રેષ્ઠ બનાવી છે. વૃધ્ધાવસ્થાએ જ સમગ્ર જીવન ફાસ્ટ ફોરવર્ડ સાથે આપણાં મગજની સામેથી દ્રશ્યમાન થાય છે. વૃધ્ધા વસ્થાની ટેકણ લાકડી ખરેખર એકલતા છે. જેને એકલા રહેતા કે જીંદગી સાથે સમાધાન કરીને કે ભારેખમ જીવન જીવનો માણસ તરીકે કેમ જીવવું તે હવે સૌએ નકકી કરી લેવું પડશે. સ્ત્રી-પુરૂષ બન્ને જીવતાં હોય તો વૃધ્ધાવસ્થા સહન થઈ જાય છે પણ એકલી સ્ત્રી કે પુરૂષ કોઈકનો સહવાસ ઝંખે છે.



મમ્મી-પપ્પા વૃધ્ધ થાય એટલે સંતાનો તથા તેના પરિવારો બહુ ગણકારે નહી કે તેનું ધાર્યુ ન થાય તેવા સંજોગોમાં ઘરમાં કલેશ જોવા મળે છે. સંયુકત કુટુંબોમાંથી વિભકત કુટુંબો થતા વૃધ્ધ મા-બાપનું કોઈ ધણી ઘોરી નથી થાતું, હા મા-બાપની બેંક બેલેન્સ તગડી હોય તો પરિવાર સરખી રીતે સાચવે છે. વૃધ્ધાવસ્થાની બચવાના ઘણા રસ્તા છે. પૌત્ર-પૌત્રીઓ, દોહિત્ર-દોહિત્રીઓ વિગેરેમાં જીવ પરોવીને તમારા સંતાનોની જેમ વાર્તા કરો, રમાડો, ઘણીવાર આપણને જીંદગી મોડી સમજાય છે. બે પેઢી વચ્ચેના સમન્વયનું નામ જ વૃધ્ધાવસ્થા છે. કેટલાક તો નવી નોટ જેવા હતાને નિવૃતિ બાદ પરચુરણ જેવા થઈ જાય છે.

સિનિયર એટલે અનુભવી જુના જે બીજાને માર્ગદર્શન આપી શકે પણ આજે એ વાત કોણ સમજે છે. છોકરા બાપાને કહે કે તમને નહી સમજાય ને બાપ છોકરાને કહે કે અમારા જમાનામાં આવું કંઈ ન હોતું, બન્ને વચ્ચેની ખાઈ દિવસ દિવસે મોટી થતી જાય છે. એક વાત એ પણ છે કે ઘડપણમાં શરીર નબળું પડે છે તેથી વૃધ્ધોની શારીરિક પ્રવૃતિઓ બંધ થઈ જાય છે, જો કે ઘણા વૃધ્ધો સક્રિય રહેતા હોય છે. ઘડપણમાં રોગનું પ્રમાણ વધે ને શરીર સાથ આપતું નથી. દરેક વૃધ્ધે ચાલવાની કસરત કરવી જે સૌથી સરળ, સલામત અને કુદરતી છે. વૃધ્ધત્વ ટાળી શકાતું નથી. યુવાન જેટલું તે કામ ન કરી શકે એ સ્વાભાવિક છે. યોગ વિજ્ઞાનનો ફાયદોઓ છે કે તે વૃધ્ધત્વની પ્રક્રિયાને ધીમી કરે છે. તમારો વિલપાવર સાથેનું જીવન સાદા યૌવન રાખે છે. નેગેટીવીટી જ માણસને ઘરડો કરી નાંખે છે. તમારૂ સમગ્ર જીવનનો અરિસો જ તમારૂ વૃધ્ધત્વ છે. સમયની સાથે તાલ મિલાવીને, વસ્ત્રો પહેરીને, જીવનમાં બદલાવ લાવીને જીવતો માણસ કયારે વૃધ્ધ થતો નથી.

બાળક માટે રૂપિયા ૨૦ હજારનું ટેબલેટ જરૂરિયાત છે, પણ બુઝૂર્ગ માટે રૂપિયા ૨૦ ની ટેબલેટ મોંઘવારી છે.

### ૭૦ની વય વટાવી ચૂક્યા છતાં ફિલ્મો કે સામાજીક ક્ષેત્રે સક્રિય તારલાઓ

અંતિમ ક્ષણ સુધી જીવનનો આનંદ મેળવવા સતત પ્રવૃત્તિ શિલ રહેવું પડે છે. આજે બોલીવુડમાં ૭૦ની વય વટાવી ચુકયા બાદ પણ ફિલ્મો કે સામાજીક ક્ષેત્રે સતત કાર્યશીલ છે, એવા કલાકારોની યાદીમાં ઘણા જાણીતા નામો માં અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, પ્રેમ ચોપરા, સલીમ ખાન, સંજય ખાન, મુમતાજ , વહીદા રહેમાન,હેલન, આશા પારેખ, માલાસિહા, ગુલજાર અને અમલ પાલેકર જેવા ઘણા કલાકારો સતત પ્રવૃત્તિશીલ રહીને આનંદમય જીવન જીવી રહ્યા છે.

# દસ કરોડના એસએમઈ આઈપીઓમાં રૂ.૧૪૩૮૫ કરોડનું ભરણું

## શેરબજારમાં સેકન્ડરી માર્કેટમાં મંદી પરંતુ પ્રાઈમરી માર્કેટમાં જોરદાર તેજી અનેક આઈપીઓની વણઝાર સાથે ખૂબ જ ઊંચા લિસ્ટિંગ થઈ રહ્યા છે

**અબતક, રાજકોટ**

શેરબજારમાં જોરદાર મંદી ચાલી રહી છે.દરરોજ સેન્સેક્સ અને નિફટી માં ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ પ્રાઈમરી માર્કેટમાં મોટી તેજી થઈ રહી છે.આમ,શેર બજારમાં સેકન્ડરી માર્કેટ અને પ્રાઈમરી માર્કેટમાં સામસામા રાહ છે.હાલમાં મેઈન બોર્ડના પાંચ આઈ.પી.ઓ સબસ્ક્રીપ્શન માટે ખુલ્લા છે. તો નવા ચાર મેઈન બોર્ડ આઈ.પી.ઓ પણ આવતા સપ્તાહ સુધીમાં આવી રહ્યા છે.



NACDAC ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડના એસ.એમ.ઈ આઈ.પી.ઓને ૧૦ કરોડના ઈસ્યુની સામે ૧૪,૩૭૨ કરોડનું ભરણું મળ્યું છે.આ એસ.એમ.ઈ આઈ.પી.ઓ કુલ ૨,૨૦૦ ગણો ભરાણો છે.રિટેલ રોકાણકારો દ્વારા ૮,૨૦૦ કરોડ રૂપિયા ઠાલવામા આવ્યા છે. એચ.એન.આઈ કેટેગરી ૪,૦૦૦ ગણા થી વધુ ભરાણો છે.

ફેડ રિઝર્વના ચેરમેનની સ્પીચ પછી બજારમાં કડાકો બોલાઈ ગયો છે.૨૦૨૫ માં ફક્ત બે જ રેટ કટ આવશે . આ વાત બજારને ગમી નથી. જ્યારે પ્રાઈમરી માર્કેટ સેકન્ડરી બજારની મંદીને અવગણીને ખૂબ ઊંચા પ્રીમિયમ થી નવા આઈ.પી.ઓને લિસ્ટિંગ કરાવી રહ્યું છે.

શેર બજારમાંથી રોકાણકારો શેર વેચી અને પ્રાઈમરી માર્કેટ તરફ વળી રહ્યા છે.સેકન્ડરી માર્કેટમાં રૂપિયા છૂટા કરી અને આઈપીઓના સબસ્ક્રીપ્શનમા રૂપિયા લગાવી રહ્યા હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વૈશ્વિક શેરબજારમાં મંદી છવાઈ ગઈ છે.ત્યારે ભારતીય શેરબજારમાં પણ સેકન્ડરી માર્કેટમાં મંદી જોવા મળી રહી છે.છેલ્લા ઘણા સમયથી ચાલતી તેજીને બ્રેક લાગી છે.શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર, શેરબજારની તેજી સરકારને પણ ફળી છે.એસ.ટી.ટીની આવક છેલ્લા નવ મહિનામાં ૪૧,૦૦૦ કરોડને પાર કરી ચૂકી છે.ડાયરેક્ટ ટેક્સના કલેકશનમાં પણ ઉછાળો જોવા મળ્યો છે.ત્યારે આવનારા દિવસોમાં જો સેકન્ડરી માર્કેટમાં તેજી થશે તો એસ.ટી.ટી ની આવકમાં પણ જોરદાર ઉછાળો જોવા મળશે.

સામાન્ય રીતે આઈ.પી.ઓ ના ભરણા અનેક ગણા થઈ રહ્યા છે અને આઈ.પી.ઓની વણઝાર છે.ત્યારે સારા લિસ્ટીંગ ની શક્યતા જોતા શેરબજાર મા વોલ્યુમ માં વધારો થશે અને કંપનીઓના લિસ્ટિંગની દ્રષ્ટીએ પણ જોરદાર ઉછાળો જોવા મળશે, સાથોસાથ સરકારને પણ ટેક્સની આવક વધશે.

# જસદણના રાઠોડ પરિવારે જરૂરીયાતમંદોને ધાબળાની હુંફ આપી દીકરીનો જન્મદિવસ ઉજવ્યો



**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

જસદણના ઉધોગપતિ પરિવારએ પોતાની સુપુત્રીના જન્મદિનની ઉજવણી એક અનોખી રીતે કરી જે થકી અનેક ગરીબોને કડકડતી ઠંડીમાં હુંફ મળી હતી હાલ શિયાળામાં કડકડતી ઠંડી ઘણાં દિવસોથી પડી રહી છે ત્યારે આ ઠંડી વચ્ચે આજે જસદણ જીઆઈડીસી એસોસિએશન અને શહેર ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને વિખ્યાત તિર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મંદિરના ટ્રસ્ટી વિજયભાઈ રાઠોડના સુપુત્રી પલકબેનનો જન્મદિન હોય તે પૂર્વે આ અંગે વિજયભાઈ રાઠોડ અને તેમની ટીમએ જે ગરીબ લોકો ઠંડીનો સામનો કરી શકે એ માટે ગરમ ધાબળાનું દાન કર્યુ હતું. ગરીબ પરિવારોને હુંફ આપવાનું ભગીરથ કાર્ય કર્યુ હતું આ અંગે વિજયભાઈએ જણાવ્યું હતું કે અમે તો જન્મદિન ભભકાદાર મનાવી શકતાં હતાં પણ પણ ઠંડીમાં ધ્રુજતા અંગને ઢાંકવું એ મોટું પુણ્યકાર્ય છે એવો વિચાર ઝબકતા અમે અનેક જરૂયિાતમંદ લોકો સુધી ધાબળા પહોંચાડ્યા હતા.

# ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતો ચિંતાતુર

**અબતક**
**રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના માર્કેટિંગ યાર્ડમાં હાલ છેલ્લા ત્રણ ચાર દિવસ થયા ડુંગળીમાં ભાવ ગગળતા જોવા મળેલ છે જેને લઈને ધોરાજી અને આજુબાજુના વિસ્તારના ખેડૂતો પોતાની ડુંગળી ની જણસી લઈને ખુલ્લી બજારમાં વેચવા માટે આવતા હોય છે છેલ્લા ત્રણ ચાર દિવસ થયા ડુંગળીના ભાવમાં કડાકો નોંધાયો છે ડુંગળીના વેપારીઓએ જ્યારે ડુંગળીનું વાવેતર કરેલું હોય ત્યારે મોંઘા ભાવના બિયારણો જંતુનાશક દેવાનો છંટકાવ અને આખા વરસની મહેનત અને પરસેવો વેઠી અને આ ડુંગળીનું પોતાના જ ખેતરમાં વાવેતર કરેલ હોય ખેડૂતોને એવી આશા હોય કે ખેડૂતોને જણસી જો માર્કેટિંગ યાર્ડમાં વેચવા જઈશું તો સારા એવા ભાવ મળશે પણ ખેડૂતોએ જે વિચાર્યું હતું તેના કરતાં અલગ પરિસ્થિતિ નિર્માણ પામી છે ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ત્રણ ચાર દિવસ થયા ડુંગળીના ભાવમાં ઘટાડો જોવા મળેલ છે

ડુંગળીના ભાવમાં મણ માં સો રૂપિયા થી લઈને ૨૦૦ રૂપિયા ૨૫૦ રૂપિયા જેવો ભાવ ડુંગળીના બોલાઈ રહ્યા છે ત્યારે ખેડૂતોને ભારે નુકસાની વેચવાનો વારો આવેલ છે અને ડુંગળીના વાવેતરમાં ખેડૂતો રાતા પાણીએ રોવાનો વારો આવેલ છે નુકસાની ખાઈને ડુંગળી જણસી ખુલ્લી બજાર માં વહેંચવી પડે છે ડુંગળીના ભાવો નહીં મળતા ખેડૂતોમાં મુશ્કેલી સહન કરવાનો વારો આવેલ છે હાલ ડુંગળીનું વાવેતર ખૂબ જ હોય ત્યારે ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની અઢળક આવક ધોરાજી માર્કેટ યાર્ડ આવી રહી છે અને વધુ આવકને લઈને ભાવમાં ખાસ્સો ઘટાડો ડુંગળીના ભાવમાં જોવા મળેલ છે હાલના ભાવમાં વેપારીઓ પણ મુશ્કેલીમાં છે તો ખેડૂતો પણ ડુંગળીના પોષણક્ષમ ભાવ ન મળતા મુશ્કેલીના મુકાયા છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૧૨-૨૦૨૪ શુક્રવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ સંસદ શિયાળુ સત્ર લાઈવ
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (જાણો સર્પ અને અજગરની દુનિયાની રોચક વાતો)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે. સ્ટોરી (અરવિંદ મણિયાર રિસર્ચ સેન્ટર)
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (અભી તો મેં જવાના હું)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૧૨-૨૦૨૪ શનિવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટીવેશનલ સ્પીચ
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૨૧-૧૨-૨૦૨૪ શનીવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | માગશર વદ છઠ્ઠ સાયન ઉતરાયન |
| **નક્ષત્ર** | પૂર્વાફાલ્ગુની |
| **યોગ** | પ્રીતિ **કરણ:** વિષ્ટિ |
| **સુર્યોદય** | ૭.૨૨ **સુર્યાસ્ત:** ૬.૦૮ |
| **ચંદ્ર રાશી** | સિંહ |
| **રાશિ અક્ષર** | મ.ટ |
| **દિશાશૂળ** | પૂર્વ દિશા તરફ |
| **રાહુકાળ** | સવારે ૯ થી ૧૦.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| **રાત્રીનાચોઘડીયા** | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૧ થી ૧.૦૪ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૬ | | | |
| ૮ | ૫ | | | | | | | |
| | | | | | | | ૧ | |
| ૭ | | ૨ | ૯ | ૧ | | | | ૫ |
| | | | ૩ | | | | | ૧ |
| | ૩ | ૫ | | | | ૮ | | |
| | ૭ | | | | | ૪ | ૮ | |
| ૨ | | | | | | | | ૬ |
| | | ૯ | ૧ | ૫ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૩ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ | ૭ |
| ૮ | ૨ | ૯ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ | ૬ |
| ૯ | ૮ | ૭ | ૫ | ૧ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૧ | ૩ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૧ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૪ |
| ૭ | ૧ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ | ૩ |
| ૩ | ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ |

## આજનું રાશિફળ

**તા.૨૦.૧૨.૨૦૨૪, શુક્રવાર, સંવંત ૨૦૮૧, માગશર વદ પાંચમ, મઘા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય, સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ)** : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ)** : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો, શુભ દિન, લાભ થાય.

**કર્ક (ડ,હ)** : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.

**સિંહ (મ,ટ)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે,લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : લોન વિગેરે બાબતમાં સાંભળવું, ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.

**તુલા (ર,ત)** : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન ,ય)** : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .

**મકર (ખ,જ)** : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો, વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ રહે .

**કુંભ (ગ,સ,શ)** : આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ)** : આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા!, હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

# શરૂઆતમાં જ અમેરિકામાં ઘણા ઉલટફેર જોવા મળે

અગાઉ અત્રે લખ્યા મુજબ શેરબજારમાં કડાકો જોવા અને મુદ્રાસ્થિતિમાં ગિરાવટ જોવા મળી છે તો અપેક્ષા મુજબ મેડિકલ ક્ષેત્રે સંશોધનમાં કેન્સરની રસી વિષે સારા સમાચાર સાંપડી રહ્યા છે. વર્ષ ૨૦૨૫ નજીક આવી રહ્યું છે ત્યારે ૨૦૨૫માં વિશ્વની સ્થિતિ વિષે ગ્રહો મુજબ અવલોકન કરીએતો આ સમય અનેક પડકારોથી ભરેલો રહેશે. માનવજાત માટે કુદરતી આપદાઓથી લઈને યુદ્ધ અને આતંકવાદ મોટા પડકાર બની રહેશે અને ઘણા યુદ્ધમાં વર્ષ ૨૦૨૫ નિર્ણાયિક સાબિત થશે. વિક્રમ સંવત ૨૦૮૧ નું નામ કાલયુક્ત સંવત્સર છે જે ઘણું સૂચક છે આ નામ જ દર્શાવે છે કે અહીં કાળ એટલે કે સમય જેના અધિષ્ઠાત્રી દેવી કાલી છે તે પોતાની લીલા દર્શાવિશે અને અસુરોનો વધ પણ કરશે પરંતુ કાલયુક્ત સંવત્સર સમયને પ્રણામ કરવાનું કહે છે જે વ્યકિત સમયને સમજી શકતો નથી તે કાળની ગર્તામાં સારી પડે છે! વિશ્વને ગ્લોબલ વોર્મિંગની સમસ્યા તરફ પણ વિશેષ ધ્યાન દેવાની જરૂર પડશે.કેટલાક દિગ્ગજ નેતાઓની મુશ્કેલી વધતી જોવા મળે અને તેમના વિષે નવા ખુલાસાઓ સામે આવે. આ સમયમાં વૈશ્વિક સંગઠનોનો પ્રભાવ ઘટતો જોવા મળે અને અમેરિકા સહીત પશ્ચિમી દેશોને આર્થિક માર લાગે અને શક્તિની દ્રષ્ટિએ તેમની સામે અનેક પડકારો આવતા જોવા મળે તો ચીન ધીમે ધીમે તેના મનસૂબા વ્યક્ત કરતું જોવા મળે સાથે સાથે ટેક્નોલોજી અને મેડિકલ અને અવકાશીય સંશોધનમાં પણ તે આગળ નીકળતું જોવા મળે. અનેક દેશની વિદેશનીતિમાં ધરખમ ફેરફાર આવતા જોવા મળે વળી વર્ષની શરૂઆતમાં જ અમેરિકામાં ઘણા ઉલટફેર જોવા મળે અને કેટલીક કુદરતી આપદાઓ નો સામનો કરવાનું પણ આવે! જો કે સારી બાબત એ છે કે આ સમયમાં ઉર્જાના નવા સ્તોત્ર અને મેડિસિન અને અવકાશ સંશોધનમાં સારા સમાચાર મળે પરંતુ વિશ્વની હથિયાર માટેની દોડ વધતી જોવા મળે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# ''પોષણ ઉત્સવ''નો રાજ્યવ્યાપી આરંભ કરાવતા મંત્રી ભાનુબેન બાબરિયા

## રાજ્યભરમાં 'ટેક હોમ રાશન' અને 'શ્રી અન્ન'માંથી બનતી વિવિધ પૌષ્ટીક વાનગીઓની ચાર ભાગમાં સ્પર્ધા યોજાશે




**અબતક, રાજકોટ**

''પોષણ ઉત્સવ-૨૦૨૪''નો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવતા મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દેશને વિકસીત ભારતના નિર્માણમાં સશક્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા રહેલી છે. દરેક ઉંમર અને વ્યક્તિના વિકાસમાં શિયાળાની ઋતુની મહત્વતાને ધ્યાનમાં રાખી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સહી પોષણ, દેશ રોશનના સુત્રને સાર્થક કરવા રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ''પોષણ ઉત્સવ-૨૦૨૪''નો શુભારંભ કરવામાં આવ્યો છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, સ્વસ્થ, સશક્ત અને સામર્થ્યવાન બાળક દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે, દેશનું દરેક બાળક સ્વસ્થ અને સશક્ત બને તે માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. આજનું બાળક દેશનું ભવિષ્ય છે, તેમને પોષણયુક્ત સ્વસ્થ્ય આહાર આપવો ખુબ જ જરૂરી છે. ગુજરાત પોષણ વિકાસના દરેક માપદંડોમાં સિદ્ધિ હાંસલ કરવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે.

''પોષણ ઉત્સવ-૨૦૨૪'' વિશે માહિતગાર કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, આ ઉત્સવ ચાર ભાગમાં યોજવામાં આવશે. જેમાં રાજ્ય કક્ષાએ, દરેક ઝોન કક્ષાએ, તમામ જિલ્લા-મહાનગરપાલિકા, ઘટક તેમજ સેજા કક્ષાએ યોજાશે. આંગણવાડીના માધ્યમથી લોકોમાં અને ખાસ કરીને મહિલાઓને મિલેટ એટલે કે, શ્રી અન્ન તેમજ સરગવા જેવા ઘરઆંગણે સરળતાથી મળતા પૌષ્ટીક ખાદ્યો અને તેના પોષણના મહત્વ અંગે જાગૃત કરી તેના વધુ ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવામાં આવશે.

આજની કિશોરીઓ ભવિષ્યની માતા છે, તેમ કહેતા ગાંધીનગરના મેયર મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના વિકસિત ભારત @2047ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પોષણ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર બાળકો, કિશોરીઓ તથા મહિલાઓને પોષણક્ષમ બનાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી રહી છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ રાકેશ શંકરે જણાવ્યું હતું કે, છેવાડાના બાળકો, મહિલાઓ સુધી પોષણક્ષમ આહાર સમયસર પહોંડવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ સાથે જ સચિવશ્રીએ પોષણ ઉત્સવ -૨૦૨૪ની યોજાનાર કામગીરી અંગે તમામ જિલ્લાના અધિકારીઓ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રીના હસ્તે પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહાઅભિયાન યોજના તથા સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત આદિમ જનજાતિ ધરાવતા વિસ્તારમાં નવનિર્માણાધિન ૫૭ આંગણવાડી કેન્દ્રો 'નંદઘર' તથા ત્રણ ઘટક કચેરીનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીધામ: મીડિયાકર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## સી.બી.સી., સુગર, કોલેસ્ટ્રોલ, પ્રોટીનના બ્લડ રીપોર્ટસ, ઈ.સી.જી., એક્સ-રે સહિતના ફિટનેસ ટેસ્ટ કરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે આજરોજ ગાંધીધામના રેડક્રોસ ભવન ખાતે પત્રકારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયાના લક્ષ્ય સાથે રાજ્યભરમાં પત્રકારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજરોજ રેડક્રોસ ભવન ગાંધીધામ ખાતેના હેલ્થ કેમ્પમાં બહોળી સંખ્યામાં પત્રકારોએ ભાગ લઈને હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં બ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઈસીજી સહિતના વિવિધ ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પનો ૫૦થી વધુ પત્રકારો, ફોટોગ્રાફરોઓ લાભ લીધો હતો.

આજરોજ ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પમાં વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડો.નીમાબેન આચાર્ય, ઈન્ડીયન રેડક્રોશ સોસાયટી રાજ્ય શાખાના માજી ચેરમેન તથા જિલ્લા શાખાના એક્ઝીકયુટીવ સભ્ય ડો.ભાવેશ આચાર્ય તથા રેડક્રોસના ચેરમેન ધવલભાઈ આચાર્યે ખાસ ઉપસ્થિત રહીને પત્રકારોનો ઉત્સાહ વધાર્યો હતો.

### નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરું છું કે મારું નામ અનિકેત પરવીન કુમાર ગુપ્તા બદલીને અનિકેત પરવીન ગુપ્તા કરેલ છે. અને હવે પછી હું અનિકેત પરવીન ગુપ્તા તરીકે ઓળખાઇશ. જેની સૌ લોકોએ નોંધ લેવી. સરનામું - 202, [illegible] એપાર્ટમેન્ટ, પરશુરામ સોસાયટી, નઝરબાગ રોડ, મોરબી, પીન : ૩૬૩૬૪૨ ગુજરાત (ભારત)

# યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાનો આજે જન્મદિવસ



રાજયના પૂર્વ કેબીનેટ મંત્રી, યુવા ધારાસભ્ય, રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકનાં ચેરમેન યુવા આગેવાન જયેશભાઈ રાદડીયાનો આજે જન્મ દિવસ છે.

મોરના ઈંડાને ચિતરવા ના પડે તે કહેવતને સાર્થક જયેશભાઈ રાદડીયાએ કરી બતાવી છે, તેઓએ તેમના પિતા સ્વ. વિઠ્ઠલભાઈ - રાદડીયાના પગલે ખેડુતો, ગરીબો માટે સતત પ્રયત્નશીલ રહે છે. સર્વ સમાજના '' લોકોને હંમેશાને માટે ઉપયોગી બને છે. સહકારી ક્ષેત્રે પણ તેઓ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. સહકારી ક્ષેત્રે જેમનો કાયમી દબદબો રહ્યો છે.

તેઓ યુવાનોના યુથ આઈકોન છે. તેઓએ સ્વ. વિઠ્ઠલભાઈના સુત્ર 'બાતે કમ કામ જયાદા'ના સુત્રને ખરા અર્થમાં સાબીત કરી રહ્યા છે.

આજે તેમના જન્મદિવસ નિમિતે પરિવારજનો, રાજકીય આગેવાનો, ધારાસભ્યો, સાંસદો, સહકારી ક્ષેત્રના આગેવાનો, ઉદ્યોગપતિઓ, સહકારી મંડળીના આગેવાનો, સરપંચો તેમજ અબતક પરિવાર દ્વારા જયેશભાઈ રાદડીયા પર શુભેચ્છાનો ધોધ વરસાવી રહ્યા છે તેમના મો.નં. ૯૯૨૫૧ ૪૪૪૪૪ પર શુભેચ્છાઓ મળી રહી છે.

## સુધારા જાહેર નીવિદા

આથી ગ્રામ પંચાયત ધણફુલિયા તાલુકો વંથલી જી.જુનાગઢ દ્વારા ૧૯-૧૨-૨૦૨૪ ના વર્તમાન પત્ર અબતક સાંધ્ય દૈનિક રાજકોટ આવૃત્તિમાં ધણફૂલિયા ગામે દરગાહ વિસ્તારમાં તથા અન્ય ખૂટતા પેવર બ્લોક ના કામની જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ જેમાં ઈજારદારો પાસેથી મંગાવેલ ભાવો સંપૂર્ણ કામના નહિ પરંતુ પેવર બ્લોક તથા ગ્રીટ (પાવડર), સિમેન્ટ ના ભાવો મટીરીયલ્સ પૂરતા ભાવો મંગાવેલ હોય જે મુજબ સુધારો ધ્યાને લેવા લાગતા વળગતા ને આથી જાણ કરવામાં આવે છે.

લી. સરપંચશ્રી
ગ્રામ પંચાયત કચેરી-ધણફૂલીયા
તા.વંથલી, જી.જુનાગઢ

**સરનામું:**
સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ધણફૂલીયા,
મુ.ધણફૂલીયા, તા.વંથલી જી.જૂનાગઢ-૩૬૨૨૦૫
**મો.નં.૮૧૨૮૩૬૮૩૪૭**


The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટના વ્યાજના દરમાં આકર્ષક વધારો (તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં)

7.50% જનરલ ડિપોઝીટર માટે
8.00% વરીષ્ઠ નાગરીકો માટે

૧૦ લાખ સુધીના તમામ ધિરાણ 7.95 % વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.


### ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૪૬ સને (૨૩-૨૪) મુદત વધારો સુધારો બીજો (ટુકી મુદત) પ્રસિધ્ધ કરવા (મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત. રાજકોટ દ્વારા **કીશાન પથ સદર પેકેજ -૧ ના કામો ૧ (એક) ની અંદાજિત કિમત રૂા. ૨૫૫.૦૦ લાખ છેં જે કામ માટે બી- કલાસ અને સ્પે. રોડ કેટેગરી-૩ અને ઉપર જરૂરી નોધણી ધરાવતા ઈજારદારશ્રી પાસેથી** મંગાવવા માટે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની **ની છેલ્લી તા.૨૭/૧૨/૨૪ રહેશ** વેબ સાઈટ http://tender.nprocure.com પર જોઈ શકાશે તેમજ ટેન્ડરો ભરી શકાશે. ઈ.એમ.ડી.(એફડીઆર) ૬ માસ (૧૮૦ દિવસની) માન્ય ગણવામા આવશે, શેડયુલ બેકની સોલ્વશી ચાલુ કેલેન્ડર વર્ષની માન્ય રાખવામા આવશે. કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે.

**માહિતી/રાજ/૧૧૭૪/૨૪**

WRD
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
જાહેર નોટીસ નં.SBD/02, સને ૨૦૨૪-૨૫

૧. હરપાલ સાગર (બ્રાહ્મણી-૧)સિંચાઇ યોજના, શક્તિ સાગર (બ્રાહ્મણી-૨) જળસંપત્તિ યોજના તથા ઘોડાધ્રોઇ સિંચાઇ યોજના:-

પ્રોવાઈડીંગ, સપ્લાઈંગ & ફિક્સીંગ પ્રોહીબીટેડ એરીયા એંડ સેલીયંટ ફીચર્સ બોર્ડ એટ બ્રાહ્મણી-૧, બ્રાહ્મણી-૨ એન્ડ ઘોડાધ્રોઈ ડેમ સાઈટ.

અંદાજીત રકમ રૂા ૨,૧૫,૪૯૯=૦૦ (અંકે રૂ. બે લાખ પંદર હજાર ચાર સો નવાણુ)

બાનાની રકમ: રૂા.૨,૨૦૦=૦૦, ટેન્ડર ફી રૂા. ૬૦૦=૦૦, શ્રેણી-"ઇ-૨" અને ઉપરની શ્રેણી

કામની સમય મર્યાદા: ૨ (બે) માસ

ટેંન્ડર આપવાની છેલ્લી તા. અને સ. 30/૧૨/૨૦૨૪ સાજે. ૬.00 કલાક સુધી

ટેંન્ડર સ્વીકારવાની છેલ્લી તા. અને સ. 0૬/0૧/૨૦૨૫ સાંજે ૬..00 કલાક સુધી

ટેંન્ડર ખોલવાની તા. અને સ. 0૭/0૧/૨૦૨૫ સવારે ૧૨.00 કલાક સુધી

**કચેરીનુ નામ :-**

૧) કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ, તાલુકા સેવા સદન, રૂમ નં ૧૫૨ થી ૧૫૫ , મોરબી 3૬3૬૪૨ ગુજરાત રાજ્ય (ફોન- 0૨૮૨૨- ૨૪૧03૫)

૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, હળવદ સરકારી દવખાના સામે, હળવદ બસ સ્ટેન્ડની બાજુમાં -3૬3330

શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરી ના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા તેમજ માહિતી ખાતાની વેબ સાઇટ www.statetenders.com ઉપર જોઇ શકાશે. ઓફ ઓનલાઇન ટેંડર ફક્ત www.statetenders.com ઉપર છેલ્લી તારીખ / /૨૦૨૪ ૧૮.00 કલાક IST સધીમાં મોકલવાના રહેશે.

**માહિતી/રાજ/૧૧૭૧/૨૪**


We are an integrated Indian Engineering, Procurement and Construction ("EPC") company.
With primary focus on power transmission and distribution business and footprint in 58 countries.
We have integrated manufacturing facilities for lattice structures, conductors and monopoles.
We are TRANSRAIL




• Track record of four decades • Having footprint in 58 countries • We have positioned ourself as reliable EPC partner in (UHV) transmission line sector • Diversified into Civil Construction, Railways and Poles & Lighting businesses • Manufacturers of Towers, Conductors and Monopoles • Confirmed unexecuted order book of ₹102,130.66 million* • We have more than 1,760 employees*


*As of June 30, 2024

TRANSRAIL
TRANSRAIL LIGHTING LIMITED
www.transrail.in

**TRANSRAIL LIGHTING LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated December 10, 2024 with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.transrail.in and on the websites of the BRLMs, i.e. Inga Ventures Private Limited, Axis Capital Limited, HDFC Bank Limited and IDBI Capital Markets & Securities Limited at www.ingaventures.com, www.axiscapital.co.in, www.hdfcbank.com and www.idbicapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *'Risk Factors'* on page 31 of the RHP.

The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state law of the United States and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act or any state law of the United States. Accordingly, the Equity Shares are only being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.





A global provider of water and wastewater treatment and reuse solutions

Over 289 domestic customers*
21 international customers*
Among the top two largest ZLD solutions providers in India**

• In-house capabilities to develop solutions across the entire value chain including designing, manufacturing, installation and commissioning, operations and maintenance and digitalization solutions including Internet of Things
• Integrated provider of wastewater treatment and ZLD solutions
• Exports to countries in North America, Latin America, Africa, Middle East and Southeast Asia
• Large customer base of 310 customers across the globe as of August 31, 2024
• As of August 31, 2024, serviced over 289 domestic customers and 21 international customers
• Two manufacturing facilities, one at Vasai in Maharashtra, India, and the other at Sharjah in the UAE
• As of August 31, 2024, we had been awarded four patents in India and had filed nine additional patent applications

*As on August 31, 2024
**In terms of the revenue as of Fiscal 2024

www.concordenviro.in

CONCORD enviro
Concord Enviro Systems Limited

**CONCORD ENVIRO SYSTEMS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the the Red Herring Prospectus dated December 14, 2024 (the "**RHP**") with the ROC, on December 14, 2024. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.concordenviro.in and the website of the BRLMs, i.e. Motilal Oswal Investment Advisors Limited and Equirus Capital Private Limited, at www.motilaloswalgroup.com and www.equirus.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 31 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision, and should instead rely on the RHP.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U. S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering in the United States.

Adfactors 351

## તંત્રી લેખ

# સોનાને લાગે ક્યાંથી કાટ: ભારતની સમૃદ્ધિને સ્ત્રી ધનના આશિર્વાદ ફળ્યા

ભારત આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ દિશાએ આગળ વધી રહ્યું છે, ભારતની સમૃદ્ધિના કારણના મૂળમાં ભારતીય સામાજિક રીત રિવાજો અને ખાસ કરીને સામાજિક દ્રષ્ટિકોણના કારણે ભારત ની સમૃદ્ધિ નક્કર અને ટકાઉ બની રહી છે.ભારતમાં સોનાનું મૂલ્યાંકન માત્ર કીમતી ધાતુ તરીકે નહીં પરંતુ અહીં સોનાને સ્ત્રી ધનનો દરજ્જો અપાયો છે, આદિકાળથી ભારતની સામાજિક પરંપરામાં મહિલા સશક્તિકરણનો અભિગમ રહેલો છે, દીકરીને કરિયાવરમાં સવિશેષ રૂપે સોનુ આપવાની પ્રથા હતી અને આજે પણ છે, કરિયાવરના સોના ને સ્ત્રીધન માનવામાં આવતું હતું, તેનો અધિકાર વહુમાંથી માં કે દાદીમાં બનનાર મહિલાનો જ રહેતો, આજે પણ ભારતમાં સોનું માત્ર રોકાણ અને શોખની વસ્તુના બદલે સ્ત્રી ધન તરીકે ગણાય છે, સોનાની મહત્વતાને તેના જતન માટે સોનાને દેવ અંશ સાથે સરખાવવામાં આવે છે મંદિરોમાં ભગવાનને સોનાના આભૂષણો અને સોનાની મૂર્તિઓ અને પૂજાના વાસણોથી લઈ સાધન સામગ્રી સોનાની બનાવવામાં આવે છે આ પરંપરાના રૂપમાં પણ ભારતમાં અઢળક સોનું સચવાયેલું છે ઘણા એવા મંદિરો છે જ્યાં વર્ષે ટન મોઢે સોનું ચડે છે જે અંતે દેશની સમૃદ્ધિને વધુ સમૃદ્ધ બનાવે છે,

વિશ્વના તમામ અર્થતંત્રને હવે સોનાનું મહત્વ સમજાયું છે, ભારત આ મહત્વ સદીઓથી સમજતું આવ્યું છે ભારતમાં સોનું માત્ર સંપત્તિ અને સમૃદ્ધિ નહીં પરંતુ સંસ્કૃતિનું પ્રતીક બની રહ્યું છે, ભારતના કોઈ ઘર એવા નહીં હોય કે જ્યાં સ્ત્રીધન ના રૂપમાં સોનું ન હોય ,તાજેતરમાં આવેલા એક સર્વેમાં વિશ્વના કુલ સોનાના જથ્થામાં ભારતીય મહિલાઓનો ૧૧ ટકો હિસ્સો છે ભારતીય મહિલાઓ પાસે અંદાજિત ૨૪૦૦૦ ટન સોના નોભંડાર ભરેલછે, જે વિશ્વના પાંચ ટોચના દેશો ની સુવર્ણ સંપત્તિકરતા પણ વધુ છે,

ભારત આધ્યાત્મિક રીતે સદીઓથી વિશ્વ ગુરુની ભૂમિકા નિભાવતું આવ્યું છે, હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યું છે, ભારતની આ સમૃદ્ધિ તેની સામાજિક દીર્ઘદ્રષ્ટિ અને સોના પ્રત્યેના દ્રષ્ટિકોણને આભારી ગણી શકાય . સોનું દરેક યુગમાં અડધી રાતના હોંકારાની જેમ જરૂર પડે ત્યારે કામ આવે, સ્ત્રી ધન તરીકે મધ્ય અને પ્રાચીન યુગમાં સોનાને મહિલા સશક્તિકરણ સામાજિક સુરક્ષા અને ખરી સમૃદ્ધિ તરીકે ઉપયોગમાં લેવાતો હતો, આજે પણ ભારતે સોનાને સ્ત્રી ધનગણવાની પ્રાચીન પરંપરા જાળવી રાખી છે જે દેશને સમૃદ્ધિમાં સ્વયંભુ સશક્ત બનાવવામાં કારણભૂત બન્યું છે,

પ્રાચીન કાળ અને મુઘલકાળમાં પણ ભારત સોનાની ચીડીયા જેવી ઉપમા ધરાવતો સમૃદ્ધ દેશ હતો , દેશમાં અમીરથી લઈ ગરીબ ના ઘરમાં હેસિયત મુજબનું સોનુ સચવાયેલું છે, અને હજુ પણ સોનું ભારતીયો નું સૌથી લોકપ્રિય રોકાણની સાથે સાથે સ્ત્રીનો દરજ્જો ધરાવે છે ભારતમાં મહિલાઓ પાસેનું સોનુ વિશ્વના અનેક દેશોની સરકાર કરતા ચડિયાતું છે .તાજેતરમાં આવેલા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટમાં ભારતીય મહિલાઓ ૨૪.૦૦૦ ટન સોનું સાચવીને બેઠી છે અમેરિકા પાસે ૧૮.૦૦૦ટન સોનાનો ભંડાર છે જર્મની પાસે ૩૩૦૦ટન સોનું છે ઈટાલી ૨૪૫૦ ટન સોનુ સંગ્રહ કરી બેઠું છે રશિયા પાસે ૧૯૦૦ ટન સોનું રિઝર્વ રાખ્યું છે જ્યારે ભારતની મહિલાઓ જ ૨૪ હજાર ટન સોનાની માલકીન છે.ભારતની સોનાની આ વિરાસત દેશને આર્થિક મહાસત્તાક બનાવવા માટે પણ આશીર્વાદ બની રહેશે.





# સુરેન્દ્રનગરના આદેશ્વર પાર્કમાં ગેરકાયદે ખડકાયેલા મોબાઈલ ટાવરને હટાવાયો

## રહિશો દ્વારા તંત્રને રજુઆત કરાતાં નિયમોનું ઉલ્લંઘન કરી ઉભો કરેલ ટાવરને પાડી દેવાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ સહિતના શહેરી વિસ્તારોમાંખાનગી મોબાઈલ કંપનીઓના નેટવર્ક ટાવર કાર્યરત છે ત્યારે શહેરના આદેશ્વર પાર્કમાં ઉભો કરવામાં આવેલ મોબાઈલ ટાવર નિયમો વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે ઉભો કરવામાં આવ્યો હોવાનું જણાઈ આવ્યું હતું આથી તંત્ર દ્વારા ઉભો કરવામાં આવેલ નેટવર્ક ટાવર પાડી દેવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ રતનપર વિસ્તારમાં આવેલ આદેશ્વર પાર્કમાં ખાનગી મોબાઈલ કંપની જીઓ દ્વારા નેટવર્ક ટાવર ઉભો કરવામાં આવ્યો હતો પરંતુ જેતે સમયે નિયમોનું ઉલંઘ્ધન કરી રહેણાંક વિસ્તારમાં ટાવર ઉભો કરાતા તેના રેડીયેશનના કારણે આસપાસના રહિશોના આરોગ્યને નુકશાન થતું હોવાનું આદેશ્વર પાર્ક સહિતના વિસ્તારોમાં રહેતા અંદાજે ૫૦૦થી વધુ રહિશોએ લેખીત રજુઆત કરી હતી અને આ રજુઆતને પગલે તંત્ર દ્વારા સ્થળ પર તપાસ કરતા કંપની દ્વારા નિયમોનું ઉલંઘ્ધન કરી ટાવર ઉભો કરવામાં આવ્યો હોવાનું માલુમ પડયું હતું આથી ડેપ્યુટી કલેકટર દ્વારા નિયમો વિરૂધ્ધ ઉભો કરવામાં આવેલ મોબાઈલ ટાવર પાડી દેવાનો હુકમ કર્યો હતો. જેના ભાગરૂપે તંત્ર દ્વારા મોબાઈલ ટાવરને પાડી નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે લોકોના આરોગ્યને નુકશાન કરતા મોબાઈલ ટાવર પાડી દેતા રહિશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ગોંડલ પાલિકાની ભુતિયા નળ કનેકશન સામે આંખલાલ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ શહેર માં અનેક લોકોએ 'સબભુમી ગોપાલકી' ગણી નગરપાલિકા તંત્ર ની જાણ બહાર ભુતિયા નળ કનેક્શન લીધા હોય આવાં આસામી સામે તંત્ર દ્વારા આંખ લાલ કરાઈ છે.

નગરપાલિકા વોટરવર્કસ ચેરમેન શૈલેશભાઈ રોકડ (ફૌજી) ની યાદીમાં જણાવ્યાં મુજબ શહેરીજનોને વિદિત કરાયા છે કે રાજ્ય સરકાર નાં નિયમાનુસાર જે આસામીઓ નાં નળ કનેક્શન બિનકાયદેસર હોય તેમણે નગરપાલિકા કચેરીએ આવી તાકીદે રેગ્યુલાઈઝ કરાવી લેવા.અન્યથા પાલીકા નાં ચેકિંગ દરમિયાન બિનકાયદેસર માલુમ પડશે નળનું જોડાણ રદ કરી કાયદેસર ની કાર્યવાહી કરાશે.તેવું જણાવાયું છે.

# સુરેન્દ્રનગર પાલિકાના ૪ નિવૃત્ત સફાઈ કામદારોને ગ્રેચ્યુઈટીની રકમ ચુકવવાનો આદેશ

## મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા વ્યાજ સાથે કુલ રૂા.૬,૦૦,૫૪૩ ગ્રેચ્યુઈટીની રકમ ચુકવાશે

**અબતક,ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુકત નગરપાલિકાના કાયમી સફાઈ કામદારોનેનિવૃત્તિ બાદ ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવામાં આવે છે પરંતુ પાલિકા દ્વારા સફાઈ કામદાર ગેલાભાઈ ટપુભાઈના અવસાન બાદ તેમના વારસદાર લવીંગાબેન ગેલાભાઈ સહિત અન્ય ત્રણ સફાઈ કામદારોને રોજમદાર નોકરી સમય દરમ્યાન ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવામાં આવી નહોતી.




આથી ગુજરાત રાજ્ય કર્મચારી સંઘના મયુરભાઈ પાટડીયા દ્વારા ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવા પાલિકા તંત્ર સામે નિયંત્રણ અધિકારી અને મદદનીશ શ્રમ આયુકત એસ.એ.ભપ્પલ સમક્ષ કેસ કરવામાં આવ્યો હતો જે તાજેતરમાં ચાલી જતા કર્મચારીની તરફેણમાં દલીલો અને પુરાવા રજુ કર્યા બાદ બન્ને પક્ષોને સાંભળ્યા બાદ ગેલાભાઈ ટપુભાઈના વારસદાર લવીંગાબેન ગેલાભાઈને રૂા.૧,૨૮,૩૦૩, કુંદનબેન ટસુભાઈને રૂા.૧,૭૮,૪૦૨, મથુરીબેન નાનુભાઈને રૂા.૧,૩૬,૪૨૫ અને જમનાબેન મગનભાઈ રૂા.૧,૫૭,૪૧૩ ગ્રેજ્યુઈટીની રકમ મળી કુલ ચાર કર્મચારીઓને રૂા.૬,૦૦,૫૪૩ જેટલી રકમ ૧૦ ટકા સાદા વ્યાજ સહિતની ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવતા સફાઈ કામદારોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે.

# સોમનાથ પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે યોગેશ સતીકુંવરની પસંદગી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીર સોમનાથ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલીકા તંત્ર દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ નિર્મણ ગુજરાત ૨.૦ અંતર્ગત IEC પ્રવૃતિઓ માટે સ્થાનિક કક્ષાએ ચીફ ઓફિસર ચેતનભાઈ ડુડીયા દ્વારા બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂંક કરવા બાબત વંચાણે લીધા માન પ્રાદેશિક કમિશનરના પત્ર અન્વયે વેરાવળ-પાટણ સંયુક્ત નગર પાલીકા ઉપ પ્રમુખ કપીલ ભાઈ મહેતાના પ્રયત્નશીલ પ્રયાસથી બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂક વેરાવળના ગોલ્ડ અને સિલ્વર એસોસિયેશનના સોની ગીરીશ ભાઈ જગજીવન ભાઈ પટ્ટ અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે અનેક સેવાઓ બજાવનાર સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટના સોની યોગેશ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુંવર ને વેરાવળ-પાટણ સંયુક્ત નગર પાલીકા ચીફ ઓફિસર ચેતન ભાઈ ડુડીયા પ્રમુખ પલ્લવીબેન જાની દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂંક કરેલ.

# તોલ...મોલ કે બોલ: પોરબંદરની તોલમાપ કચેરીમાં માત્ર એક કલાર્કનું જ "વજન"

## મદદનીશ નિરીક્ષક, સીનીયર નિરીક્ષક, જુનિયર નિરીક્ષક તેમજ કલાર્કની ખાલી જગ્યાઓમાં ભરતી કરવાની માંગ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદર જિલ્લાની તોલમાપ કચેરી ખાતે મહત્વની જગ્યાઓ ખાલી છે અને માત્ર એક કલાર્ક ના ભરોસે જ સમગ્ર કચેરી છે જેના લીધે કામગીરી પર અસર પડી રહી છે આથી વહેલીતકે ભરતી કરવા માંગ ઉઠી છેપોરબંદર જિલ્લામાં સેવાસદન ૨ ખાતે મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાનની કચેરી એટલે કે તોલમાપ કચેરી આવેલી છે આ કચેરીમાં એક મદદનીશ નિરીક્ષક, સીનીયર નિરીક્ષક ,જુનીયર નિરીક્ષક અને જુનીયર કલાર્કની જગ્યા ખાલી છે. એક માત્ર સીનીયર કલાર્કના ભરોસે સમગ્ર કચેરી ચાલી રહી છે. પરંતુ મહત્વની જગ્યા ખાલી હોવાથી કચેરીની કામગીરી પર પણ અસર પડી રહી છે જગ્યાઓ ખાલી છે ત્યાં ઈન્ચાર્જ અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે જેને તેની ફરજ પર ના જિલ્લાની કામગીરી સંભાળવાની હોવાથી પોરબંદર જિલ્લામાં કામગીરી યોગ્ય રીતે થઈ શકતી નથી.

ગ્રાહકો પાસેથી એમઆરપી કરતા વધુ ભાવો લેવામાં આવી રહ્યા છે અને વજન માં પણ ઘણી વખત ઓછું રાખી ગ્રાહકો સાથે છેતરપિંડી થતી હોવાની ફરિયાદો ઉઠતી હોય છે, જિલ્લા સેવા સદન ૨ ખાતે જિલ્લા તોલમાપ કચેરી એ ઘણા સમયથી માત્ર ૧ કર્મચારી જોવા મળે છે, જિલ્લામાં તોલમાપ કચેરી દ્વારા વેપારીઓના વજન કાંટા, લખેલ વજન કરતાં ઓછા વજન વાળુ પેકિંગ સહિતની કામગીરી કરવાની હોય છે.

# પોરબંદરમાં આગોતરૂં આયોજન: પૂરને સ્થિતિ પહોંચી વળવા સર્વે કામગીરી ધમધમી

## સિંગાપુર તેમજ મેટ્રો સિટીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્લાન તૈયાર કરનાર એજન્સી દ્વારા સર્વેની કામગીરી શરૂ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરમાં આગામી ચોમાસામાં ભારે વરસાદ બાદ પુરની સ્થિતિ ન સર્જાઈ તે પ્રકારની ડિઝાસ્ટર મેનેજમેન્ટ કામગીરી હાથ ધરવામાં આવશે. જેના માટે સિંગાપુરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટરની સર્વે કરેલ એજન્સી મારફતે શહેરમાં પૂરગ્રસ્ત વિસ્તારોનો સર્વે હાથ ધરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પોરબંદર શહેરમાં ચોમાસામાં જુલાઈ માસમાં એક જ દિવસમાં ૧૫ ઈંચ થી વધુ ધોધમાર વરસાદ નોંધાયો હતો. પોરબંદર શહેરમાં વર્ષ ૧૯૮૩ બાદ પ્રથમ વખત આટલો વરસાદ એક સાથે પડ્યો હોય તેવો રેકોર્ડ તૂટ્યો હતો. જેથી શહેરભર પાણીમાં તરબોળ બની ગયું હતું ત્યારે મોટાભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા જેમાં જુલાઈ માસ બાદ ઓગસ્ટ માસમાં પણ સતત ધોધમાર વરસાદને લઈને શહેરના અનેક વિસ્તારોમાં પુરની સ્થિતિ સર્જાઈ હતી. પોરબંદર શહેરમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદ દરમ્યાન શહેરના એમ.જી.રોડ, એસ.વી.પી.રોડ, અને છાયા રોડ સહિતના વિવિધ વિસ્તારમાં પાણી ફરી વળ્યાં હતા અને દિવસો સુધી શહેરીજનોને મુશ્કેલી વેઠવી પડી હતી ત્યારે પોરબંદર છાયા નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં શહેરમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદમાં પુરની સ્થિતિ ન સર્જાય તેવા હેતુથી સિંગાપુર તેમજ મેટ્રો સીટીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરેલ અનુભવી એજન્સી મારફતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન માટે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ સર્વેમાં શહેરના પૂરગ્રસ્ત વિસ્તારમાં વરસાદી પાણીની આવક, નિકાલ, અને વરસાદી પાણીનો ભરાવો જેવા સ્થળો ઉપર સર્વે કરવામાં આવશે. આ સર્વે બાદ માસ્ટર પ્લાન તૈયાર કરી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે કામગીરી તબબકા મુજબ પ્રારંભ કરવામાં આવશે.

# ધ્રાંગધ્રા: સાત લીમડાવાળા માતાજીના નવરંગ માંડવામાં ડાક-ડમરૂના તાલે ભકતો ઝુમી ઉઠયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા પૌરાણિક માન મહેલાતથી નજીક જ ગ્રીનચોક કંસારા બજારમાં સાત લીમડાવાળી મેલડીનું જૂનું મંદિર આવેલું છે. ઐતિહાસિક આ મંદિરની સ્થાપના સમયે એ વખતના રજવાડાએ શ્રીફળ અને ૧૧ રૂપિયાનું બીડું અર્પણ કરી સ્થાપન કરેલ હતું. સાત લીમડાવાળા માતાજીએ દર સાલની જેમ આ વર્ષે પણ ભવ્ય માંડવો અને પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. કંસારા બજાર, ગ્રીનચોક ની દુકાનો તેમજ માતાજીના ભાવિ ભક્તો દ્વારા સેવા આપી માતાજીના દર્શને આવેલ ૧૦ હજાર થી પણ વધુ લોકો માટે પ્રસાદની વ્યવસ્થા સંભાળી હતી. આનંદના ગરબા અને રાત્રે ડાક ડમરૂ સાથે સંતવાણીનો પણ કાર્યક્રમ હોવાથી આખો દિવસ માતાજીએ અનેક લોકો દર્શનનો લાભ લીધો હતો.. આ તકે ધ્રાંગધ્રા પાલીકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, શહેર પ્રમુખ કિરીટસિંહ જાડેજા,સહીત અનેક મહાનુભવોએ દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર પાટોત્સવમાં સેવાભાવી મોહિતભાઈ કંસારા, સિંધુ દિલસે, ગોપાલભાઈ દેપાડા, હિતેશ ચૌહાણ, ચકા ભાઈ શેઠ, માલાભાઈ ભરવાડ સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી સુંદર વ્યવસ્થા જાળવી હતી.

# અમરેલી: પ્રદેશ કક્ષા 'ઉમંગ ઉત્સવ' સ્પર્ધામાં દિવ્યાંગ કલાકારોએ કૌશલ્ય બતાવ્યું

## વિજેતા કલાકારો રાજ્ય કક્ષાની ઉમંગ ઉત્સવ સ્પર્ધામાં જૂનાગઢ ખાતે ભાગ લેશે



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી સ્થિત લાઠી રોડ ખાતેના ગજેરા કેમ્પસનાં સહયોગથી યોજાયેલ આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાનાં દિવ્યાંગ કલાકારોએ વિવિધ કૃતિઓમાં પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું.

રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જૂનાગઢ મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ તથા લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાવનગર અંકુર શાળા અને સમૂહ ગીત સ્પર્ધામાં થોરડી નિવાસી અંધ વિદ્યાલયે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આ પ્રસંગે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલ, અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી.મિયાણી, અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી.પરમાર,સંસ્થાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, રાજ્ય આચાર્ય સંઘના મંત્રી સી.પી. ગોંડલીયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી તમામ કલાકારોને પ્રેરણા આપી બિરાદાવ્યા હતા. કલાકારોને સ્મૃતિ ભેટમાં વોટર બોટલ તથા સ્કૂલ બેગ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વિજેતા કલાકારો રાજ્ય કક્ષાની ઉમંગ ઉત્સવ સ્પર્ધામાં જૂનાગઢ ખાતે ભાગ લેશે....

# બાબરા-લાઠી પંથકના ખેડુતોને વ્હારે આવતા ધારાસભ્ય જનક તળાવીયા

## રાજ્ય સરકારના સિંચાઇ વિભાગમાંથી તળાવ રિપેરીંગ માટે રૂ. ૧૭.૭૨ લાખ કરાવ્યા મંજુર

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

લાઠી બાબરા ના જાગૃત ધારાસભ્ય સભ્ય જનક તળાવીયા એ લાઠી બાબરા દામનગર પંથક ના લોકો ની સતત ચીંતા કરી લાઠી દામનગર બાબરા પંથકમાં અનેક વિકાસ ના કામોની હારમાળા સર્જી દીધી છે ત્યારે બાબરા પંથકમાં પણ આરોગ્ય લક્ષી કામગીરી ખેડૂતો ના મુદા હોય કે પછી રોડ રસ્તાઓ ના પ્રશ્નો હોય હર હમેશાં લોકો ના પ્રશ્નો ને વાચા આપી લોક હીત ના કાર્યો સતત કરી રહ્યા છે ત્યારે બાબરા પંથકમાં આવેલ પાનેસડા ગામે તળાવ રીપેરીંગ માટે અંદાજિત ૧૭.૭૨ લાખ ની રાજ્ય સરકાર ના સીચાઇ વિભાગ માથી



ધારાસભ્ય જનકભાઈ તળાવિયા રકમ લય આવી આ વિસ્તારના લોકો ની પાણી ની સમસ્યા હલ થાય તે માટે ૧૭.૭૨ લાખની ગ્રાન્ટ બંધારા માટે મંજૂર કરાવતા આ વિસ્તારના લોકો ખુશી વ્યક્ત કરી રહ્યા છે અને લાઠી બાબરા ના યુવા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ની કામગીરી ને બીરદાવી રહ્યા છે

# ઐતિહાસિક અંજાર શહેરનો સ્થાપના દિન સોમવારે રંગે ચંગે ઉજવાશે

## નગરપાલિકા કચેરી ખાતેથી વાજતે ગાજતે શોભાયાત્રા નિકળશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ઐતિહાસિક અંજાર શહેરના ૧૪૮૦ મા સ્થાપના દિન નિમિત્તે માગશર વદ-૮ તા.૨૩/૧૨, સોમવાર ના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં સવાર ના ૧૦:૦૦ કલાકે નગરપાલિકા કચેરી મધ્યેથી સવારના શોભાયાત્રા નીકળશે જે સવારે ૧૦:૩૦ કલાકે અજેપાળદાદા ના મંદિરે પૂજા અર્ચના કરીને શોભાયાત્રા રૂપે ગંગાનાકા પહોંચીને સવારના ૧૧:૦૦ કલાકે ગંગાનાકા પર તોરણ વિધી તેમજ ખીલી પુજન અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા અને નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણીના વરદ હસ્તે કરવામાં આવશે. તેમજ સવારે ૧૧:૩૦ કલાકે ટાઉનહોલ મધ્યે અંજારમા વિશિષ્ટ સેવા આપનાર અંજાર શહેરના વરિષ્ઠ વડીલો, સંસ્થાઓ તેમજ અંજારમાં રહેતા હોય અને સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, રમત ગમત, સંગીત, કલા તેમજ કોઈપણ વિવિધ ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ નંબર મેળવેલ




હોય તેવા અંજારના નાગરિકોનું વિશેષ સન્માન તથા બપોરે ૧૨:૦૦ કલાકે ખેલ મહોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ કરવામાં આવશે. સવારે ૮-૦૦ કલાકે ટાઉનહોલ ગ્રાઉન્ડ ખાતે અંજાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાનાં વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ રમતની હરીફાઈ શરૂ કરવામાં આવશે.

અંજાર નગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અંજારમાં રહેતા હોય અને સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, રમત ગમત, સંગીત, કલા તેમજ કોઈપણ વિવિધ ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ નંબર મેળવેલ હોય તેવા અંજારના નાગરિકે પોતાને મળેલ સન્માનની નોંધ મયુરભાઈ હેરમા મોં.નં.૭૦૪૧૭ ૫૫૩૬૬ થી તા.૨૧-૧૨-૨૦૨૪, શનિવાર સુધી જાણ કરી નોંધ કરાવવાની રહેશે.

જે કાર્યક્રમ સચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ, સ્વામિનારાયણ મંદિરના સંતશ્રીઓ તેમજ રામસખી મંદિરના મહંત કીર્તિદાસજી મહારાજ તેમજ મામૈદેવ બગથળા યાત્રાધામ ના મહંત ખીમજીભાઈ ધનજીભાઈ માતંગદાદાની વિશેષ ઉપસ્થિત માં ઉજવવામાં આવશે.

આ તમામ કાર્યક્રમોને સફળ બનાવવા ચીફ ઓફિસર પારસકુમાર મકવાણાના માર્ગદર્શન હેઠળ ઓફિસ સુપરિટેન્ડેન્ટ અધિક્ષક ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ તેમજ સ્ટાફ વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# અંજાર: વીજચોરીના દુષણને ડામવા પીજીવીસીએલની લાલઆંખ

## વિવિધ વિસ્તારોમાં પીજીવીસીએલના દરોડાથી: રૂ. ૨૭૦ લાખની વીજ ચોરી પકડાઇ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

છેલ્લાં કેટલાંક સમયથી કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો



હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ અંજાર વર્તુળ કચેરી દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે.

પૂર્વ કચ્છ જિલ્લાની અંજાર, ગાંધીધામ અને ભચાઉ વિભાગીય કચેરી હેઠળની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ, જીયુવીએનએલ પોલીસ અને એસ.આર.પી. સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૫૬ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. વાણિજ્યિક, ઔદ્યોગિક વગેરે મળીને કુલ ૨૧૪૦ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૨૪૬ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં અંદાજીત કુલ રૂ. ૨.૭૦ કરોડની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે

# પાંચ બુટલેગરોને પાસા તળે અલગ-અલગ જેલમાં ધકેલતી ગીર સોમનાથ એલસીબી

## અગાઉ રૂ.૧૭ લાખના દારૂ સાથે ઝડપાયેલા બુટલેગરો વિરુદ્ધ કડક પગલાં લેતા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા





**અબતક, અતુલ કોટેચા, ગીર સોમનાથ**

પ્યાસીઓ છાંટા પાણી કરીને થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણી કરતા હોય છે અને થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે બુટલેગરો રાજ્યમાં દારૂ ઘુસાડવાનો પ્રયત્ન કરતા હોય છે પણ દારૂબંદીવાળા રાજ્યમાં દારૂની રેલમછેલમ સર્જાય નહિ તે માટે સરહદી વિસ્તારોમાં સઘન ચેકીંગની સાથોસાથ અલગ અલગ શહેરોના લોકલ બુટલેગરો પર ધોસ બોલાવાઈ રહી છે. ત્યારે ગીરસોમનાથ એલસીબીએ એકસાથે પાંચ બુટલેગરોને પાસા તળે અલગ અલગ જેલમાં ધકેલી અસામાજિક તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડિયા, ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા આગામી ૩૧ ડિસેમ્બર પૂર્વે કાયદો અને વ્યવસ્થા તેમજ પ્રોહીબીશનની અસામાજિક પ્રવૃતિ આચરતા શખ્સો જેવા કે પ્રોહીબીશન બુટલેગર કે જેઓ અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા છે તેમના વિરુદ્ધ પાસા જેવા અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે ઉના ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક એમ એફ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ઉના પીઆઈ એમ એન રાણાએ અલગ અલગ શખ્સોની પાસા દરખાસ્તો તૈયાર કરી પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા મારફત કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને મોકલતા તેમણે પાસા વોરંટ મંજુર કર્યા હતા.

જે પાસા વોરંટ ઈસ્યુ થયાં બાદ એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ એ બી જાડેજાના માર્ગદર્શનમાં એલસીબીના હેડ કોન્સ્ટેબલ ગોવિંદસિંહ વાળા, રાજુભાઈ ગઢીયા, કોન્સ્ટેબલ રાહુલભાઈ છેલાણા, વિજયભાઈ ચૌહાણ, પેરોલ ફર્લો સ્કવોડન્સ એએસઆઈ સુભાષભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી દ્વારા પાસા અટકાયતીઓના વોરંટની બજવણી કરવામાં આવી હતી.

ગીર સોમનાથ પોલીસે જયેશ ઉર્ફે નાગણી લખમણભાઈ વાઘેલાને ખાસ જેલ ભુજ, જયદીપ જીતુભાઈ શિયાળને સુરત જેલ, હરદીપ ઉર્ફે ચેતન જીતુભાઈ શિયાળને ખાસ જેલ ભુજ, નિરવસિંહ વિશાભાઈ ગોહિલને અમદાવાદ જેલ, ભગુભાઈ જોધુભાઈ ગોહિલને વડોદરા જેલ ખાતે પાસા તળે ધકેલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય બાબત છે કે, થોડો સમય પૂર્વે જ ગીર સોમનાથ એલસીબીએ રૂ. ૧૭ લાખનો દારૂ ઝડપ્યો હતો જે દારૂના કેસમાં આ તમામ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

### રંગમાં ભંગ પાડતી ગીર સોમનાથ પોલીસ

# રિસોર્ટમાં મંડાયેલી દારૂની મહેફિલ પર એલસીબી ત્રાટકી : ૧૨ નબીરાઓની ધરપકડ

## રાજકોટ, તાલાલા, જૂનાગઢ, પોરબંદરના પ્યાસીઓની ધરપકડ કરી બિયર, દારૂ, બાઈટિંગ સહીત રૂ. ૧.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક લીલાધર હરવાણી, તાલાલા**

ગીર સોમનાથ પંથકના રિસોર્ટમાં ચાલતી દારૂની મહેફીલો સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે ધોસ બોલાવી છે. ગીરપંથકના ૨ રિસોર્ટ પર દરોડો પાડતા પોરબંદર, રાજકોટ, ધોરાજી, જૂનાગઢ, તાલાલાના નશાખોરો દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવતા તમામને જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુંસંત એલસીબી પી.આઈ એ.બી.જાડેજા, પીએસઆઈ આકાશસિંહ સિંધવ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે સાસણ ગીર નજીક ચિત્રોડ ગામની સીમમાં આવેલ સ્વાગત રિસોર્ટમાં દરોડો પાડતા વિદેશી દારૂની મહેફિલ માણતા રિસોર્ટ સંચાલક જેતપુરના રામજી મંદીર પાછળ રહેતો ૩૩ વર્ષીય પ્રશાંત જયસુખભાઈ ભટ્ટી, તેમજ રાજકોટમાં નાના મવા સર્કલ નજીક રહેતા અને હોટલ વ્યવસાય ધરાવતા ૫૭ વર્ષીય પટેલ વિઠ્ઠલભાઈ ડાયાભાઈ અમીપરા, રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય વેપારી બિપીન મોહનભાઈ પટેલ, રાજકોટ કોટડાસાંગાણીના પડવલા ગામે રહેતા સહદેવસિંહ ચંદુભા જાડેજા અને મહેન્દ્ર દેવજીભાઈ ચૌહાણ, પોરબંદર આશાપુરા ચોકડી નજીક રહેતા ખારવા રમેશભાઈ જાદવભાઈ વાંદરીયા, ખારવા હિતેષભાઈ મેઘજીભાઈ બાદરશાહી, ખારવા નારણભાઈ બાબુભાઈ સલેટ, ખારવા નિલેશ માવજીભાઈ લોઢારી વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. આવી જ રીતે સાંગોદ્રા ગામના પાટિયા નજીક બોરવાવ ગીર ગામની સીમમાં આવેલી ધ ગીર પલ્સ નામના રિસોર્ટમાં દરોડો પાડતા રિસોર્ટ સંચાલક સાસણ ગીરના ખડાનેસનો ૨૧ વર્ષીય યુવક રબારી ભરત હાજાભાઈ, મુછાળ રબારી તેમજ તાલાલાના ગુંદરણ ગામે માલધારી વસાહતમાં રહેતા રબારી સુરેશ રામભાઈ કરમટા અને રિસોર્ટમાં નોકરી કરતો રાજકોટના કોઠારીયા રોડ સુરભી પાર્ક-૧માં રહેતો વાળંદ પરેશ મનસુખભાઈ કાલાવાડીયા વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. આ બન્ને રિસોર્ટમાં દારૂની મહેફિલ માણતા તમામ નશાખોરો સહિત રિસોર્ટ સંચાલકો વિરુદ્ધ તાલાલા પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુના નોંધી તમામને જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વઢવાણ પીજીવીસીએલના નાયબ એન્જિનિયર લાંચ લેતા ઝડપાયા

## ખેતરમાં વિજ કનેક્શન આપવા માટે પાંચ હજાર લેતા રંગે હાથે ઝડપાયા



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલ મોટાભાગની સરકારી કચેરીઓમાં અરજદારોને પોતાના કામ માટે અધિકારીઓથી લઈ કર્મચારીઓને લાંચ આપવી પડતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામીછે. જેમાં અગાઉ પણ જીલ્લાની સરકારી કચેરીઓમાં લાંચ લેતા અધિકારીઓ એસીબીના રંગે હાથે ઝડપાઈ ચુકયા છે ત્યારે સુરેન્દ્રનગર એસીબી પોલીસે વઢવાણ પીજીવીસીએલ પેટા કચેરીના નાયબ એન્જીનીયરને રોકડ રકમની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથરી છે.

આ અંગે એસીબી સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ શહેરી વિસ્તારમાં આવેલ પીજીવીસીએલની પેટા વિભાગીય કચેરીમાં નાયબ એન્જીનીયર પરેશકુમાર વિઠ્ઠલદાસ પંચાલ (વર્ગ-૧)એ ફરિયાદીના મોટા બાપુએ ખેતરમાં વિજકનેકશન મેળવવા વઢવાણ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરી હતી. આ વિજ કનેકશન આપવા માટેની કાર્યવાહી માટે નાયબ એન્જીનીયર પી.વી.પંચાલે રૂા.૫,૦૦૦ની લાંચ માંગી હતી જે ફરિયાદી આપવા માંગતા ન હોવાથી આ અંગે સુરેનૂદ્રનગર એસીબી પોલીસને ફરિયાદ કરી હતી. આથી રાજકોટ એસીબીના સુપરવીઝન અધિકારી કે.એચ.ગોહિલના માર્ગદર્શન હેઠળ સુરેનૂદ્રનગર એસીબી પીઆઈએમ.ડી.પટેલ સહિતની ટીમે વઢવાણ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ખાતે છટકુ ગોઠવ્યું હતું જેમાં નાયબ એન્જીનીયર પી.વી. પંચાલને રૂા. ૫,૦૦૦ની લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા હતા અને એસીબી પોલીસ મથકે લાવી ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પીજીવીસીએલ કચેરીના નાયબ એન્જીનીયર લાંચ લેતા ઝડપાતા પીજીવીસીએલના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જ્યારે આ મામલે સ્થાનીક જાગૃત નાગરિકોના જણાવ્યા મુજબ પીજીવીસીએલ કચેરીમાં નવા વિજ કનેકશન, વિજ કનેકશન ટ્રાન્સફર કરવા, મીટર બદલાવવા, ટીસી બદલાવવા સહિતની મોટાભાગની તમામ કામગીરી માટે કર્મચારીઓથી લઈ અધિકારીઓ સુધી લાંચ આપવી પડતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

# હિંમતનગરના બોરિયા ગ્રુપ ગ્રામ પંચાયતનો તલાટીમંત્રી ૧૦ હજારની લાંચ લેતાં ઝડપાયો

## તલાટીએ ગામના નમૂના નં.૨માં એન્ટ્રી માટે લાંચની માંગણી કરી હતી



**અબતક સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના બોરિયા ગ્રુપ ગ્રામ પંચાયતનો તલાટી રૂપિયા ૧૦ હજારની લાંચ લેતાં રંગેહાથ એ.સી.બી ની ટ્રેપમાં ઝડપાઈ જતાં સરકારી કચેરીઓના કર્મચારીઓ અને અધિકારીઓમાં ફફડાટ ફેલાયો ગયો હતો

આ અંગે એ.સી.બી ના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હિંમતનગરના બોરિયા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી દિનેશ રમેશભાઈ પટેલે અરજદાર પાસે ગ્રામપંચાયતની હદમાં આવતા રહેણાંક મકાન ફરિયાદીના નામે તબદીલ કરીને ગામનો નમુનો નંબર-૨ માં લેવા માટે અરજ કરી હતી આ બાબતે ફરિયાદીએ વેચાણ દસ્તાવેજ અને ઈન્ડેક્ષની નકલ રજુ કરી હતી જે કામના અવેજમાં તલાટી કમ મંત્રી દિનેશ પટેલે ગામનો નમુનો નંબર-૨ કાઢી આપવાના ફરિયાદી પાસે રૂ. ૧૦,૦૦૦/- લાંચની માગણી કરી હતી જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો અને લાંચનું છટકું ગોઠવ્યું હતું અને તારીખ ૧૯/૧૨/૦૨૪ ગુરૂવારના રોજ લાંચના છટકા દરમ્યાન લંચિયો તલાટી દિનેશે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી અને હિંમતનગરના મહાકાળી મંદિરથી કાંકણોલ જતા રોડ ઉપર અંજલિપાર્કની પાસે લાંચની રકમ સ્વીકારતા એ.સી.બી એ સ્થળ ઉપર જ રંગેહાથ ઝડપી લીધો હતો આ ઘટના બાદ જીલ્લાની સરકારી કચેરીઓમાં હલચલ મચી ગઈ હતી.

# ગોંડલમાં ઉઘરાણીના મામલે યુવાનનું અપહરણ

## પોલીસે યુવાનને ગણતરીની કલાકોમાં અપહરણકર્તાની ચૂંગાલમાંથી મુક્ત કરાવ્યોઃબે શખ્સો ઝડપાયા

**અબતક જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં ગતરાત્રીનાં ગુંદાળા પેટ્રોલ પંપ પાસેથી બુલેટ માં આવેલા બે શખ્સોએ યુવાન નું અપહસણ કર્યુ હતુ.પરંતુ એ'ડીવીઝન પોલીસે સતર્કતા દાખવી ગણતરીની કલાકો માં ગુંદાસરા નજીક થી યુવાન ને મુક્ત કરાવી અપહરણકર્તાઓ ને દબોચી લઈ ' ખાખી' નો પરચો બતાવી કાર્યવાહી હાથ ધરી હતી.પૈસાની લેતી દેતીમાં અપહસણ કરાયું હતુ.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ નાં જેતપુર રોડ પર આવેલી વૃંદાવન સોસાયટીમાં રહેતા અને દુધનો વ્યવસાય કરતા શુભમભાઈ દિનેશભાઈ તેરૈયા ને ગતરાતે અમરેલીનાં માસીયાળા રહેતા અંકીત ધીરુભાઈ જાવીયા તથા મહેન્દ્ર ઉર્ફે ધનાભાઈ ભયલુભાઈ આલાણી કાઠી દરબારે ગુંદાળા દરવાજા પાસે આવેલા પેટ્રોલ પંપ નજીક બોલાવી માર મારી જબરદસ્તીથી બુલેટ પર બેસાડી અપહરણ કરી જતા શુભમ નાં કાકાએ એ' ડિવિઝન પોલીસ માં જાણ કરતા પીઆઈ.આનંદ સી.ડામોરે તુરંત બનાવ ની ગંભીરતા સમજી સર્વેલન્સ સ્ટાફ ઉપરાંત પોલીસ સ્ટાફ ની અલગ અલગ ટીમ બનાવી સીસીટીવી કેમેરાનાં ફુટેજ તથા ટેક્નિકલ સોર્સ અને હ્યુમન રીસોર્સ નાં આધારે તપાસ હાથ ધરી ૫ ટીમે અપહરણકર્તાઓ નું પગેરુ દબાવી ગણતરીની કલાક માં ગુંદાસરા ગામ નજીક થી અપહરણકર્તાઓ ને દબોચીલઈ શુભમને મુકત કરાવ્યો હતો.

અપહરણ કરનાર શખ્સોની પુછપરછ માં જણાવાયું કે એક વર્ષ પહેલા શુભમે અમરેલીના સંદીપભાઈ ગેડીયા પાસેથી રુ.૫.૧૦ લાખ ઉછીના લીધા હતા.જે પૈકી અઢીલાખ અંકીત નાં હતા.વારંવાર ની ઉઘરાણી છતા પૈસા આપવામાં શુભમ મુદત આપી ગલ્લાતલ્લા કરતો હોય સોમવારે પૈસા આપવાનો વાયદો કર્યો છતા પૈસા નહી આપતા અંકીત જાવીયા અને મહેન્દ્ર ઉર્ફે ધનાભાઈ ગતરાતે બુલેટ લઈ ગોંડલ આવી ગુંદાળા પેટ્રોલ પંપ નજીક ઉભા રહી શુભમ ને મોબાઈલ કરી બોલાવ્યો હતો.શુભમ આવતા પૈસાની ઉઘરાણી કરતા શુભમે ફરી વાયદા આપતા બન્નેએ શુભમને માર મારી બળજબરી થી બુલેટ પર બેસાડી અપહરણ કર્યુ હતુ.

# મધ્યપ્રદેશના દિવ્યાંગ બાળક માટે જોરાવરનગર પોલીસ દેવદુત બની

## બોલી કે સાંભળી ન શકનાર બાળકના વાલીની તપાસ કરી પરિવારજનો સાથે મિલન કરાવતી પોલીસ



**અબતક ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**


જોરાવરનગર પોલીસ ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચમારજ ગામ પાસેથી એક દિવ્યાંગ બાળક મળી આવ્યો હતો જે બાળક કાંઈ બોલી કે સાંભળી ન શકતો હોવાનું પોલીસના ધ્યાને આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો અને બાળકને જોરાવરનગર પોલીસ મથકે લાવી તપાસ હાથ ધરતાં બાળકના હાથ પર હિન્દીમાં તેનું નામ અને વતનનું સરનામું લખેલું હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવતા જોરાવરનગર પોલીસે દિવ્યાંગ બાળકના મધ્યપ્રદેશ ખાતે રહેતા પરિવારજનોનો સંપર્ક કરતા દિવ્યાંગ બાળક અંદાજે દોઢ માસ પહેલા મધ્યપ્રદેશ ખાતેથી પોતાના ઘરેથી કોઈને કહ્યાં વગર નિકળી ગયો હોવાની વિગતો બહાર આવી હતી.

જોરાવરનગર પોલીસે પરિવારજનોને પોલીસ મથકે બોલાવી દિવ્યાંગ બાળકને પરિવારજનોને સોંપતા પોલીસ મથકમાં લાગણી સભર દ્રશ્યો જોવા મળ્યાં હતા અને મધ્યપ્રદેશના આ પરિવારજનોએ જોરાવરનગર પોલીસની કામગીરીને દિલથી બિરદાવી હતી.

### થર્ટી ફર્સ્ટે સૌરાષ્ટ્રમાં દારૂની રેલમછેલ કરવા બુટલેગરો રઘવાયા

# લીંબડી નજીક ૩૮ લાખની કિંમતનો દારૂ-બિયર ભરેલો ટ્રક ઝડપી લેતી એલસીબી

## શરાબની ૧૧,૧૧૮ બોટલ, ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂ. ૪૯.૩૭ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ડ્રાયવર-ક્લિનરની ધરપકડ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેનૂદ્રનગર જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પરથી મોટાપ્રમાણમાં રાજસ્થાન તરફથી ઈંગ્લીશ દારૂ ઘુસાડવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે તેમજ આગામી ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને લઈ બુટલેગરો દ્વારા ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને સ્ટોક કરતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે ત્યારે એલસીબી પોલીસે બાતમીના આધારે પાણશીણાથી લીંબડી તરફ આવતા એક ટ્રકમાંથી રૂ. ૩૮ લાખની કિંમતનો દારૂ-બિયરના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

આગામી ૩૧ ડિસેમ્બરની પાર્ટી અને ઉજવણીને ધ્યાને લઈ અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પરથી મોટા પ્રમાણમાં બુટલેગરો દ્વારા ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ થતું હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે હાઈવે પર પેટ્રોલીંગ હાથધર્યું હતું. જે દરમિયાન પાણશીણાથી લીંબડી તરફ આવી રહેલ એક ટ્રકને રોકી તેની તલાસી લેતા ટ્રકમાં ચોરખાનું બનાવી સંતાડેલ ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની અને બીયર ટીન સહિત કુલ ૧૧,૧૧૮ બોટલ કિંમત રૂ.૩૮.૦૬ લાખ તેમજ ટ્રક કિંમત રૂ.૧૦ લાખ, બે મોબાઈલ કિંમત રૂ.૧૧ હજાર, પ્લાસ્ટીક વેસ્ટ સ્ક્રેપ મટીરીયલ ૧૨૦ મણ કિંમત રૂ.૧,૨૦,૦૦૦ મળી કુલ રૂા.૪૯.૩૭ લાખના મુદ્દામાલ સાથે સુરેશ પોલારામ રહે.રાજસ્થાન (ડ્રાઈવર) અને પારસરામ ધીરારામ બીસ્નોઈ રહે.રાજસ્થાન (કલીનર)ને ઝડપી પાડયા હતા. જ્યારે અન્ય ત્રણ શખ્સો ડુંગરારામ મોહનલાલ મેઘવાલ રહે. રાજસ્થાન, માલ મંગાવનાર સામખીયાળીના અજાણ્યા શખ્સો અને લુધીયાણાથી માલ ભરી આપનાર ચાલક સહિતનાઓની સંડોવણી સામે આવી હતી. આથી પોલીસે ઝડપાયેલ બંને શખ્સો સહિત તમામ વિરૂધ્ધ લીંબડી પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સ્થાનીક પોલીસને અંધારામાં રાખી એલસીબી પોલીસે ૩૧ ડિસેમ્બર પહેલા મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતા સ્થાનીક પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

# મોરબીમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ: બે પકડાયા

## નેશનલ હાઈવે ઉપર ક્રિષ્ના ચેમ્બરમાં 'ભુરા સ્પા' માં ચાલી રહેલી દેહ વિક્રિય પ્રવૃત્તિ પકડાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી નેશનલ હાઈવે પર ક્રિષ્ના ચેમ્બરના ત્રીજા માળે ''ભુરા સ્પા''માં દેહવ્યાપારની પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની બાતમીના આધારે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ રેડમાં ભુરા સ્પાનો માલીક અને મેનેજર એમ બે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે, જ્યારે હજુ એક મુખ્ય આરોપી સહિત બે શખ્સો દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




મોરબી વાંકાનેર નેશનલ હાઈવે બેંક ઓફ બરોડા પાછળ આવેલ ક્રિષ્ના ચેમ્બરના ત્રીજા માળે 'ભુરા સ્પામાં' તેના સંચાલકો પોતાના આર્થીક લાભ માટે બહારથી રૂપ લલનાઓ બોલાવી સ્પા ના ઓઠા તળે લલનાઓ સાથે શરીર સુખ માણવા માટે સવલતો પુરી પાડીને કુટણખાનું ચલાવે છે. જે મુજબની મળેલ હકિકત આધારે આ 'ભુરા સ્પામાં' રેઈડ કરતા દેહવિક્રીયના ધંધા સાથે જોડાયેલ સ્પાના સંચાલક તથા માલીક આરોપી પંકજભાઈ રમેશભાઈ સઠવા તથા સ્પા મેનેજર આરોપી નારણભાઈ પરષોતમભાઈ સિતાપરાની અટકાયત કરવામાં આવી છે. આરોપીની સઘન પૂછતાછમાં અન્ય બે આરોપી વિજયભાઈ ઉર્ફે ભુરાભાઈ જેરામભાઈ પટેલ મોરબી તથા હિતેષભાઈ ભદ્રેચા રહે.હાલ ભુરા હોટલ એન્ડ સ્પા ક્રિષ્ના ચેમ્બર મોરબી મૂળ પોરબંદરવાળાના નામ ખુલ્યા હતા.

# મોરબી જિલ્લામાં વધુ ૬ બોગસ ડોકટરો ઝડપાયા

## હળવદમાં ૫ અને ટંકારામાં ૧ મુન્નાભાઈ એમબીબીએસની ધરપકડ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ડીગ્રી વિનાના ડોકટરોને પકડી પાડવાના અભિયાનના ભાગરૂપે અગાઉ ત્રણ બોગસ તબીબની અટકાયત કરવામાં આવી હતી જે બાદ હળવદ અને ટંકારા પોલીસે બે અલગ અલગ દરોડા કરીને ૬ બોગસ ડોકટરોને પકડી પાડવામાં આવ્યા છે.

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના અલગ અલગ ગામડાઓમાંથી છ બોગસ ડોકટરોને પકડી લેવામાં આવ્યા છે, સરકાર માન્ય મેડિકલ ડિગ્રી વિના પ્રાઈવેટ કલીનીક ચલાવી એલોપેથી દવાઓ દ્વારા દર્દીઓને ગેરકાયદે રીતે સારવાર આપી રહ્યા હતા. સંદિપભાઈ મનુભાઈ પટેલ રહે. રુકમણી સોસાયટી, સરા રોડ, હળવદ (દવાખાનું લીલાપર ગામ ખાતે), ૨)વાસુદેવભાઈ કાંતીભાઈ પટેલ રહે.સુંદરભવાની તા.હળવદ મુળરહે. બેચરાજી જી.મહેસાણા(દવાખાનું સુંદરીભવાની ખાતે), ૩)પરીમલભાઈ ધિરેનભાઈ બાલા રહે.રણમલપુર તા.હળવદ મુળરહે.અશોકનગર તા.બિલાસપુર જી.રામપુર(યુ.પી.) (દવાખાનું રણમલપુર ગામ ખાતે), ૪)પંચાનન ખુદીરામ ઘરામી રહે. રાયસંગપુર ગામ, તા.હળવદ મુળ રહે. ગુમા કોલોની તા.જી.પીલીભીતી (યુ.પી.) (દવાખાનું રાયસંગપુર ગામ ખાતે), ૫)અનુજ ખુદીરામ ઘરામી રહે. ઢવાણા તા.હળવદ મુળ રહે. ગુમા કોલોની, તા.જી.પીલીભીતી (યુ.પી.) (દવાખાનું ઢવાણા ગામ ખાતે)ની ધરપકડ કરી અલગ અલગ કંપનીની ટેબ્લેટ તથા તબીબી સાધન સામગ્રી મળી કુલ કિ.રૂ.૫૧,૫૬૭/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.



જયારે ટંકારા તાલુકાના બંગાવડી ગામમાં ડો. જયકિશનભાઈ કાંતીભાઈ ભિમાણી નામના બોગસ ડોક્ટર લાયસન્સ વિના ભાડેના મકાનમાં મેડિકલ પ્રેક્ટિસ કરી માનવ આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો હતો, ટંકારા પોલીસે સ્થળ ઉપરથી એલોપેથીક દવાઓ તથા ઈન્જેકશન મળી કુલ કી.રૂ. ૧,૩૬,૪૮૩/- નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# ઊપલેટામાં સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ



તસ્વીરઃશહેઝાદ બાદશાહ ઉપલેટા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકો માટે અનેક વિધ સેવા પ્રવૃત્તિઓ થઈ રહી છે જે અંતર્ગત હાલ ખૂબ જ ઠંડી નો માહોલ છે જેમાં ઉપલેટા પંથક આજુબાજુમાં રાત્રે સુતા હોય જેમની પાસે ઠંડીનું રક્ષણ માટેની વ્યવસ્થા ન હોય તે માટે સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો દ્વારા રાત્રીના સમયે જરૂરિયાતમંદ લોકોને ગરમ ધાબળા નું વિતરણ કરવામાં આવેલું

આ વિતરણમાં સિધ્ધનાથ ટ્રસ્ટના જયેશભાઈ ત્રિવેદી જગદીશભાઈ પૈડા વિક્રમસિંહ સોલંકી મનુભાઈ બારોટ દિનેશભાઈ રાણીંગા કિશોરભાઈ સોલંકી દિલીપભાઈ સોલંકી સાગરભાઈ સુવા નીલુભાઈ ગોંધીયા ભરત બાસોપીયિવગેરે જોડાયા હતા. તેમજ આ સમયે ખાંભાના સ્વામી વિષ્ણુપ્રસાદ સ્વામી તેમજ બાલ કૃષ્ણ સ્વામી પણ આ ધાબળા વિતરણ માં સાથે જોડાઈ અને આશીર્વાદ આપેલા હતા

# મોરબી: બાઈક સ્લીપ થતા આધેડનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના માનસર ગામે મગનભાઈ પ્રેમજીભાઈ મેરજાની વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના ખરગોન જિલ્લાના સાદડવન ગામના વતની મડીયાભાઈ હુકુમભાઈ દાવર ઉવ.૪૫ ગઈ તા. ૧૮ નવેમ્બરના રોજ સાંજના સુમારે બાઈક લઈને જતા હોય તે દરમિયાન માનસર ગામના સ્મશાનથી આગળ વોકળાના કાંઠા પાસે કોઈ કારણોસર બાઈક સહિત સ્લીપ થઈ જતા મડીયાભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેઓને ખરગોન હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયા હતા, જ્યાં મડીયાભાઈનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું, મૃત્યુના બનાવ અંગે મૃતકના પુત્રએ આપેલ પ્રાથમિક વિગતોને આધારે બનાવ માનસરનો હોય જેથી એમપી પોલીસે ઈન્વેસ્ટ પંચનામાં સહિતની કાર્યવાહી કરીને કેસના કાગળો મોરબી તાલુકા પોલીસ મથકમાં મોકલેલ જે આધારે તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: આરટીઓએ ટ્રાફિક નિયમ ભંગ બદલ રૂ.૬૧.૨૮ લાખનો દંડ વસુલ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા જીલ્લામાં માર્ગ સલામતીને ધ્યાને રાખી મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ની જોગવાઈઓનો ભંગ કરતા ૬૪૯ વાહનોને ચલણ ઈસ્યુ કરી ૬૧.૨૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા નવેમ્બર ૨૦૨૪ ની ૧૬ તારીખ સુધીમાં જિલ્લામાં માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને વાહન ચેકીંગ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની જોગવાઈઓનો ભંગ કરતા હોય તેવા ૬૪૯ વાહનોને ચલણ ઈસ્યુ કરી ૬૧.૨૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જેમાં ઓવરલોડના ૧૫૦ કેસમાં ૨૯.૮૨ લાખ રૂપિયા, ઓવરડાયમેનશનના ૫૫ કેસમાં ૨.૪૬ લાખ રૂપિયા, ફિટનેશ વિનાના ૧૩ વાહનોમાં ૦.૬૫ લાખ, પરમિટ વિનાના ૪૩ વાહનોમાં ૦.૪૩ લાખ, ડ્રાયવિંગ લાયસન્સ વિનાના ૧૦૦ વાહનોમાં ૩ લાખ, પિયુસી વગરના ૬૫ વાહનોમાં ૦.૩૨ લાખ, મોટર વાહન ટેક્ષ વગરના ૧૬ વાહનોમાં ૫.૧૫ લાખ, એલ.ઈ.ડી. લાઈટ લગાવેલ હોય તેવા ૧૮૧ વાહનોમાં ૧૦.૮૬ લાખ, રોડ સેફ્ટીના ગુન્હામાં ૨૦૧ વાહનોમાં ૨.૦૧ લાખ તેમજ અન્ય ૨૯ કેસોમાં ૬.૫૯ લાખ સહિત કુલ ૬૧.૨૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

# સુત્રાપાડા: ગાયત્રી પરિવાર આયોજીત નેત્રયજ્ઞમાં ૨૯૦ દર્દીઓએ લીધો લાભ

## કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં હાર્ડવૈદ જનરલ ચેકઅપમાં ૧૬૦ દર્દીઓ તેમજ ૮૫ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે લઈ જવાયા

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડ**

સુત્રાપાડા તાલુકાના પ્રાચી તીર્થ ખાતે ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન ઉકાભાઈ કરશનભાઈ ચુડાસમા ની નવમી પુણ્યતિથિ નિમિત્તે તથા સ્વ. રંભુબેન તથા લાડુબેન ચુડાસમા ના સ્મરણાર્થે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં કુલ ૨૯૦ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પના દાતા શ્રી ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા સ્વ. ઉકાભાઈ ચુડાસમા તથા સ્વ. રંભુબેન ચુડાસમા ના પુણ્યાર્થ તેમના પરિવારના પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા તેમના પરિજનો તથા



રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટના ડો.મહેશભાઈ, પાધેશ્વરી આશ્રમના ઉપવાસી મહંત કરસનદાસબાપુ સહીતના હસ્તે દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમાએ કેમ્પને ઉદ્બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ હતો. વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ઉકાભાઈ ચુડાસમા તથા રંભુબેન ચુડાસમા તથા લાડુબેન ચુડાસમા આત્મ કલ્યાણ અર્થે ગાયત્રી મહામંત્ર સામુહિક જાપ કરી બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી આ તકે કેમ્પના અંતમાં ગીર સોમનાથના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ હાજરી આપી કેમ્પમાં કુલ ૨૯૦ દર્દીઓએ લાભ લીધો જેમાં ૮૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ ગયેલ હતા અને ડો.ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા તથા હમીરભાઈ હાર્ડવૈદ કેમ્પ ના ૧૬૦થી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. દાતા તરફથી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. ચુડાસમા નો પરિવાર પ્રશ્નાવડા તથા પ્રાચી તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અમરેલી: સર્વજન હિતાય-સર્વજન સુખાયના મંત્રને સાર્થક કરતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

## સાજીયાવદર, કોલડા, સનાળીમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત - લોકર્પણથી સમગ્ર વિસ્તાર બનશે નંદનવન

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

વિકાસને વરેલા અમરેલીના કર્તવ્યબદ્ધ યુવા અને ઉર્જાવાન લોકપ્રિય ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી-કુંકાવાવ તાલુકાના સાજીયાવદર, કોલડા અને સનાળીમાં આશરે રૂ. ૨.૩૭ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સર્વજન હિતાય, સર્વજન સુખાયના મૂળમંત્રને સાર્થક કરવાના હેતુથી મતવિસ્તારના છેવાડાના નાગરિકોની સુખાકારીમાં ઉત્તરોતર વધારો કરવા પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, ખેતી અને ખેડૂત તેમજ રોડ રસ્તા



અને સિંચાઈને મુખ્ય લક્ષ્યમાં રાખીને આ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાજીયાવદર ગામે રૂ. ૩૮ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા અનુસૂચિત જાતિ વિસ્તારમાં રૂ. ૦૩ લાખના ખર્ચે ઈ.ઈ રોડના કામનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૪૧ લાખના ખર્ચે વિકસિત થનારી આ સુવિધાઓથી સાજીયાવદરના ગ્રામજનોની સુખાકારીમાં વધારો થશે આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સેવા અને સમર્પણ અને સુસાશનના બે વર્ષના પૂર્ણ કર્યા છે. અમરેલી જિલ્લા માટે રાજ્ય સરકારે ખોળો પાથરી દીધો છે. સર્વજન હિતાય, સર્વજન સુખાય એટલે કે સૌના વ્યાપક હિત અને સુખાકારી માટે જે કઈ કાર્યો કરવાના થશે તેના માટે અમે કર્તવ્યબદ્ધ છીએ. અમરેલી વડિયા કુંકાવાવના મતવિસ્તારને વિકાસકાર્યોની ભેટ મળી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના આગેવાનો સહિત મોટી સંખ્યા વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા...

# ધોરાજી: યુગ હોસ્પિટલ દ્વારા બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવાયા

## ૧૭૫ થી વધુ બાળકોએ લાભ લીધો

**અબતક રમણીકટોપીયા ધોરાજી**

ધોરાજીની યુગ આયુર્વેદ હોસ્પિટલના યશપાલસિંહ જાડેજા દ્વારા પુષ્પ નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રાશનના ૧૭૫ થી વધારે બાળકોને ટીપા પીવડાવવામાં આવેલ હતા. ડૉ. યશપાલસિંહ જાડેજાએ જણાવેલ કે સુવર્ણપ્રાશન ટીપા કોઈપણ પ્રકારની આડ અસર કરતુ નથી અને ફાયદાકારક ટીપા છે તેવુ જણાવેલ હતું.

# માળીયા(મી)ના ચીખલી ગામે ઝેરી જીવજંતુ કરડી જતા શ્રમિકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના ચીખલી ગામે શાંતિલાલની વાડીએ રહેતા લીલસિંગ ગુલીયાભાઈ નાયક ઉવ.૩૨ ગઈ તા.૧૮/૧૨ ના રોજ ઉપરોક્ત વાડીએ હતા ત્યારે રાત્રીના દસેક વાગ્યાના સુમારે લીલસિંગને કોઈ ઝેરી જીવજંતુ કરડી જતા જેની ઝેરી અસરને લીધે તેઓને રાજકોટ સરકારી હોસ્પિટલ સારવારમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં લીલસિંગનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા બનાવ અંગે માળીયા(મી) પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજી :બેન્ક અને વીમા કર્મચારી રિક્રિએશન કલબ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેર માં બેન્ક અને વીમા કર્મચારી રિક્રિએશન કલબ દ્વારા સભ્યો નાં બાળકો અભ્યાસ કરતાં હોય એ વિધ્યાર્થીઓ નું સન્માન કરી બધાં જ વિધ્યાર્થીઓ ને આકર્ષક ઈનામ આપવામાં આવ્યાં હતાં. સાથે સાથે જે કર્મચારીઓ નિવૃત્ત થયા હોય એમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ જે કર્મચારીઓ એ પ્રમોશન મેળવ્યું હોય કે કોઈ ક્ષેત્ર માં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય એમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ



કાર્યક્રમમાં યુનિયન સ્પોર્ટ્સ કલબ ધોરાજી નાં સેક્રેટરી રણજીતસિંહ જાડેજા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત જુદી જુદી બેન્ક નાં તથા એલ.આઈ.સી. નાં મેનેજર તથા કર્મચારીઓ પરિવાર સહિત વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ને અંતે ભોજન સમારંભ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કલબ નાં પ્રમુખ જગદીશભાઈ ગામોટ, હરેશભાઈ ત્રિવેદી, દિવ્યેશભાઈ અગ્રાવત તથા અન્ય સભ્યો એ ભારે જહેમત ઉઠાવી હતી.

# મોરબી: પર્યાવરણ બચાવવાનો ગેસ આધારિત સ્મશાન ગૃહનો પ્રયત્ન સફળ

## શાંતિ ધામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લીલાપર રોડ પર આવેલુ ગેસ આધારિત સ્મશાન ગૃહની ૨૧ વર્ષની લાંબી સફર પૂર્ણ

### ૨૧ વર્ષમાં ૯૦૦૦થી વધુ મૃતદેહોને અવ્વલ મંજીલે વિધિવત પહોંચાડવાનું કાર્ય પૂર્ણ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં લાકડાથી અગ્નિદાહ આપવાની પારંપરિક વર્ષો જૂની આપણી પ્રણાલીકાને ત્યાગી અને ઈલેક્ટ્રીક સ્મશાનની સ્થાપના કરવી તે એ સમયનો ક્રાંતિકારી વિચારનો અમલ કરવા ૨ થી ૩ વખત આયોજનનો પ્રયાસ થયો હતો, પરંતુ એક યા બીજા કારણો વસાત આગળ કાર્યવાહી થઈ શકી ન હતી.

ઈલેક્ટ્રીક સ્મશાનની જરૂરિયાત પાછળનું સબળ કારણ માત્રને માત્ર એક જ હતું કે પર્યાવરણની રક્ષા કરવી તે માટે બને એટલો પ્રયત્ન કરવો. સ્વ. મનુભાઈ પટેલ સમય વાળા અને ભરતભાઈ કારિયા અને ચંદ્રકાન્ત દફતરી આ વિચારને લઈ અને રાજકોટ અને આજુબાજુના વિદ્યુત સ્મશાનની મુલાકાત લઈ અને મોરબી શહેરના તમામ જ્ઞાતિના વડીલો સાથે મિટિંગ કરી અને શાંતિધામ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અને વિદ્યુત સ્મશાનની કાર્યવાહી આગળ વધારી હતી.

શ્રી શાંતિ ધામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે પ્રવીણભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ કારીયા, મંત્રી તરીકે ચંદ્રકાંતભાઈ દફતરી, ખજાનચી તરીકે સમીરભાઈ પંડિત અને ટ્રસ્ટીઓ તરીકે કરશનભાઈ આદ્રોજા, વેલજીભાઈ પટેલ, બેચરભાઈ હોથી, પરેશભાઈ પટેલ, દીલુભાભાઈ જાડેજા(જયદીપ), રાજુભાઈ દોશી, હસુભાઈ દોશી, ચંદુભાઈ પટેલ, ભાણજીભાઈ હીરાવાલા, એ. કે. પટેલ, કિરણભાઈ મહેશ્વરી અને પ્રમુખ મોરબી નગરપાલિકા આ ગેસ આધારિત સ્મશાનને વ્યવસ્થિત સંચાલન કરવામાં સહાય રૂપ થઈ રહ્યા છે. જમીન, ભઠી, અને બાંધકામ વિગેરેના નાના મોટા વિઘ્નોમાંથી પસાર થઈ મોરબીને એક વિદ્યુત સ્મશાન અર્પણ કરી શક્યા, એક મૃતદેહમાં અગ્નિદાહ દેવા માટે ઓછમાં ઓછા ૧૦૦ કિલો લાકડાની જરૂર પડે એ જોતા નવ લાખ કિલો લાકડાનો આપણે બચાવ કરી શક્યા છીએ તે એક સતોષ પ્રેરે તેવી ઘટના છે.

જયારે સ્મશાન બનાવવાનો વિચાર અમલમાં મુકવાનો સમય આવ્યો ત્યારે રાજકોટના સ્ટાર આર્કિટેકના સુરેશભાઈ સંઘવીનું સંપૂર્ણ માર્ગદર્શન મેળવી અને આપણે આ ઈમારત બનાવી શક્યા આજે બે દાયકા થઈ ગયા છતાં એવું જ લાગે કે હમણાં જ આ બિલ્ડીંગ બનાવવામાં આવેલા છે અને લાગે છે કે રીપેરીંગનો એક પણ પૈસો ખર્ચ કરવામાં આવ્યો નથી આવું સુંદર બાંધકામ પણ આપણને પુણ્ય યોગ્ય પ્રાપ્ત થયું રીપેરીંગના ખર્ચને તો સૌ કોઈ પહોંચી શકે પરંતુ તેની પાછળ સમયની બરબાદી અને આવવા જવાનો સમય કોઈની પાસે હોય નહીં જે આવી સુંદર ઈમારત બનવાથી આપણે બચાવી શક્યા,બે દાયકાની અંદર અંદાજે નવ લાખથી વધુ લોકો આ સ્મશાનની અંદરમાં પોતાના સ્વજનને અંતિમ દર્શન કરવા આવી ચૂક્યા હશે, છતાં પણ આંખે ઉડી અને વળગે એવી વાત એ છે કે કેટલી સુંદર સાફ-સફાઈ, નીરવ શાંતિ, કોઈપણ જાતની સગા સંબંધીઓ દ્વારા કોઈ ફરિયાદ નહીં, આ બધું લોક સેવાને વરેલા ટ્રસ્ટીઓના સદ્ભાગ્યથી શક્ય બની.

હમણાં જ તાજેતરમાં સંસ્થાના કાર્યમાં યસ કલગીનું વધુ એક છોગું પણ ઉમેરાયુ અંતિમયાત્રા બસ રૂપિયા ૨૧ લાખની તે પણ એક દાતા પાસેથી મેળવી અને તે દાતાને પ્રેરણા આપી અને ભરતભાઈએ નોંધનીય કાર્ય કરેલ છે. આ અંતિમ યાત્રા બસના દાતા દિનેશભાઈ હસુભાઈ મહેતા ડી મહેતા એન્ડ કંપની મોરબી વાળાએ સમાજને ઉપયોગી એવું ઉદાહરણ રૂપ પગલું લઈ અને સમાજ સેવાનું અનોખું ઉદાહરણ પ્રસ્તુત કરેલ છે.

બિલ્ડીંગના મુખ્ય દાતા તરીકે ટ્રસ્ટી શ્રીમાન દિલુભા ભાઈ જાડેજાના પ્રયત્નથી સ્વ.ઉદયસિંહજી જાડેજા પરિવાર દ્વારા ૨૫ લાખ જેવી માતબર રકમ આપી ઉદારતા દાખવી તે પણ વંદનીય કાર્ય છે.

મોરબી ગેસ આધારિત સ્મશાનને જોવા માટે રાજકોટથી પણ ઈલેક્ટ્રીક સ્મશાન વાળા આવે સુરેન્દ્રનગરથી પણ ઈલેકટ્રીક સ્મશાન વાળા આવે એ જ બતાવે છે કે સમાજને અતિ ઉપયોગી, પર્યાવરણ માટે અતિ ઉપયોગી અને જનતાને માટે અતિ ઉપયોગી કાર્ય કરી એનો સંતોષ અનુભવી શકીશું.

# મોરબી નગરપાલિકાના વાહન વેરાની નોટીસને રદ કરવાની માંગ સાથે વિરોધ કરતા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી નગરપાલિકા દ્વારા તા.૨૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થયેલ વાહનકર ચૂકવણીની જાહેર નોટીસને લઈને કોંગ્રેસના જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ નગરપાલિકા ચીફ ઓફિસર સમક્ષ લેખિત રજુઆત કરી છે.

રજુઆતમાં જણાવ્યા અનુસાર મોરબી શહેરની જનતાને અંધારામાં રાખી ગુજરાત મ્યુનીસીપલ એક્ટ-૧૯૬૩ ની કલમ-૧૦૧ અન્વયે વાહનકર ચુકવવા અંગેની જાહેર નોટીસ નગરપાલિકા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે નોટીસમાં જણાવ્યા પ્રમાણે મોરબી નગરપાલીકાની હદમાં રહેતા લોકો કોઈ પણ પ્રકારનું વાહન ખરીદી કરે તો તેમાં ૩% થી ૭% સુધીનો વાહનકર વસુલવામાં આવશે. હજુ તો મોરબી શહેરને મહાનગરપાલીકાનો દરજજો પણ મળેલ નથી.

જેથી આ વાહનકર ચુકવવાની જાહેર નોટીસની મોરબીની પ્રજા વતી અવગણના કરતા હોય, તાત્કાલીક ધોરણે આ નોટીસને રદ કરવાની માંગ સાથે રજુઆત કરવામાં આવી છે.

# ઉપલેટાના ઈતિહાસમાં સૌથી મોટુ ડિમોલીશન: ૧૨૦૦ વિઘા જમીન પર બુલડોઝર ફર્યું

## તંત્રએ રૂા.૯૦ કરોડની જમીન પરથી અસામાજીક તત્વોનો કબ્જો હટાવ્યો






### ધારાસભ્ય પાડલીયાએ રજૂઆત કરતા બુલડોઝરો ધણધણ્યા

ઉપલેટા ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા ગૌચરની જમીન ખાલી કરાવવા અનેક વખત ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી આખરે ગઈકાલે૧૨૦૦ વિઘા જમીન ખાલી થતા હવે આ જમીન ગૌચર માટે ઉપયોગમાં આવશે તેવું ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતુ.

### ડિમોલીશનમાં સાથે રહેતા મામલતદાર મહેતા

નવનિયુકત મામલતદાર નિખિલ મહેતા ચાર્જ સંભાળતા જ કબજા વાળી જમીનના અભ્યાસ કરી ઈન ચીફ ઓફીસર મોઢવાણીયાને સાથે રાખી તમામ કાગળોનો અભ્યાસ કરી કોઈપણ જાતનો વાંધા વચકા વગર જમીન શાંતીથી ખાલી થાય તે માટે આખો પ્લાન બનાવી ગઈકાલે અમલમાં મૂકતા શાંતૂપર્ણ રીતે ડિમોલેશન કરવામાં આવ્યું હતુ.

### ૨૦૧૦મા ભાડે ગામે ૫૦૦ વિઘા જમીન ગૌચર ડિમોલીશન થયું

ધોરાજી ઉપલેટાના તાત્કાલીન ધારાસભ્ય પ્રવિણભાઈ માકડીયાએ પણ ૨૦૧૦માં તાત્કાલીક ગૃહમંત્રી અમીતભાઈ શાહ સંપર્કમાં રાખી ભાડેર ગામે કરોડો રૂપીયાની ૫૦૦ વિઘા જમીન ઉપર સ્થાનીક દલીત લોકોએ દબાણ કર્યું હતુ. તે ૧૦૦ વાહનોના કાફલા સાથે ૫૦૦ અધિકારીઓ સાથે લઈ જઈ આ જમીન ખાલી કરાવી હતી ત્યારબાદ ગઈકાલે જે ડીમોલેશન થયું તે ઉપલેટાના ઈતિહાસમાં પ્રથમ વખત ૯૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ છે.

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા નગરપાલીકાની માલિકી ધરાવતી પાટણવાવ રોડ ઉપર આવેલ હાડફોડી ગામના સર્વે નં. ૧૮ વાળી ૧૨૦૦ વિઘા જમીનમાં માથાભારે શખ્સો કબજો જમાવી બેઠા હોય આખરે આ ગૌચરની જમીન ઉપર ૧૫ જેટલા બુલડોઝર ફરીવળતા આ ડિમોલેશનને જોવા ટોળે ટોળા ભાદરકાંઠા વિસ્તારમાં ઉમટી પડયા હતા.

ગઈકાલે સવારે પ્રાંત અધિકારી નાગાજણભાઈ તરખાણા, મામલતદાર નિખિલ મહેતા, ચીફ ઓફીસર નિલમ ઘેટીયા, પી.આઈ. બી.આર. પટેલ, જિલ્લા માપણી અધિકારી ધોરાજી-ભાયાવદરનાં ચીફ ઓફીસરો પાટણવાવ, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર પોલીસ ૫૦ વાહનો કાફલા સાથે ૨૦૦ જેટલા અધિકારીઓ કર્મચારીઓ વહેલી સવારે ભાદરકાંઠા પાસે આવેલ એનીમલ હોસ્ટેલમાં પાછળ આવેલ જમીન ઉપર ૧૫ જેટલા બુલ ડોઝરો ૫ જેટલા રોટાવેટરો ફરી વળતા જમીનનો કબજો લઈ બેઠેલા શખ્સો ભાગી છુટ્યા હતા.

ગઈકાલે શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત ૯૦ કરોડની કિમંત ધરાવતી ૧૨૦૦ વિઘા જમીન ગૌચર માટે ખાલી કરાવતા તંત્ર દ્વારા સતત બીજા દિવસે પણ ડિમોલેશન જાળવી રાખ્યું છે. નગરપાલિકા હસ્તકની ગૌચરની જમીન ઉપર ગૌ માતાને ચરવાને બદલે જમીનના માફીયા આ જમીનનો ચરી જતા પ્રથમ દિવસે એનીમલ હોસ્ટેલથી હાડફોડીથી સમઢીયાળા રોડ સુધી સતત આખો દિવસ બુલડોઝર ચાલુ રહ્યા હતા બે દિવસ બાદ ભાદરકાંઠાના ચીખલીયાવાળા રસ્તા ઉપર પણ ગેરકાયદે દબાણ હટાવવામાં આવશે તેવું તંત્ર દ્વારા જાણવા મળ્યું છે.

લગભગ એકાદ મહિના પહેલા જમીન ઉપર કબજો જમાવી બેઠેલા અસામીઓને ૧૦ દિવસમાં કબજો છોડી દેવા જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવી હતી. પણ આ નોટીસને આ જમીન માફીયાઓ ઘોળીને પી જતા આખરે તંત્ર દ્વારા કાયદાનું ભાન કરાવતા ગઈકાલે ઉભા પાકનો સંપૂર્ણ સફાયો કરી નાખવામાં આવ્યો હતો. ઉપલેટાના ઈતિહાસમાં આવું પ્રથમ ઓપરેશન થતા ભારે હલચલ મચી જવા પામી હતી.

# માંગરોળમાં કચરા માટે ડમ્પિંગ સાઈટ ન હોવાથી આજથી કચરો ઉપાડવાનું બંધ ..!

## નગરપાલિકાની શાપુર બારાના રસ્તે આવેલી સરકારી જગ્યા પરની ડમ્પિંગ સાઈટ શાહપુર ગ્રામજનો એ બંધ કરાવતા તંત્ર મુશ્કેલી

**અબતક નીતિન પરમાર માંગરોળ**

માંગરોળમાં નગરપાલિકા પાસે ઘન કચરો ઉપાડી તેના નિકાલ ની કોઈ સાઈડ ન હોવાથી શહેરમાંથી કચરો ઉપાડવાનો બંધ કરી દેવાતા શહેરમાં દરરોજ નીકળતા ૧૮ ટન કચરાનો ભરાવો થઈએ શહેરની સ્થિતિ શું થશે ?તે પ્રશ્ન એ વિકાસપ્રિય નાગરિકોમાં ચિંતા ઊભી થઈ છે.

માંગરોળમાં ઘણા લાંબા સમયથી ઘન કચરા ના નિકાલની જગ્યા ન હોવાના કારણે અનેક વિવાદો વચ્ચે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શાપુર થી બારા જતા ઉપર સરકારી જગ્યા પર માંગરોળ શહેરનો ઘન કચરો ઠાલવવામાં આવતો હતો ,આ ડમ્પીગ સાઈટ સામે સાપુર ગામજનોએ વિરોધ કરી મામલતદાર પીદીઓ નગરપાલિકા સમક્ષ ડમ્પિંગ સાઈટ બંધ કરવા રજૂઆત કરતા આજે ડમ્પિંગ સાઈટ ના અભાવે માંગરોળ માંથી



કચરો ઉપાડવાનું બંધ કરી દેવાયું છે ..

માંગરોળમાં આજથી સફાઈ અભિયાન સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યું છે, નગરપાલિકા સેનિટેશનના અબ્દુલભાઈ ભાટાએ ‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે નગરપાલિકા પાસે ડમ્પીંગ સાઈટ ન હોવાથી નવો ઓર્ડર ન આવે ત્યાં સુધી માંગરોળમાં સફાઈ અભિયાન અને વાહન દ્વારા કચરો લઈ જવાની કામગીરી બંધ કરી દેવામાં આવી છે.

માંગરોળ નગરપાલિકા પાસે ઘન કચરો નાખવા માટેની જગ્યા ન હોવાથી અને જે જગ્યા પર અત્યાર સુધી કચરો નાખવામાં આવતો હતો તે અંગે વિરોધ ઉઠતા આજથી માંગરોળ સફાઈ અને કચરો ભેગું કરવાની કામગીરી નગરપાલિકા દ્વારા બંધ કરવામાં આવી છે, માંગરોળ માંથી રોજનો૧૮ ટન જેવો કચરો નીકળે છે, જો વ્યવસ્થા નહીં થાય તો આગામી દિવસોમાં શું પરિસ્થિતિ થશે ?તેના વિચાર માત્રથી નગરજનો અને નગરપાલિકાના પદાધિકારીઓ ચિંતામાં મુકાઈ ગયા છે

# ઉપલેટા: સ્વામી નારાયણ મુખ્ય મંદિર આયોજીત શ્રીમદ્ સત્સંગીજીવન કથાના વક્તાને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા કરાયા સન્માનિત



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટાના આંગણે સ્વામી નારાયણ મુખ્ય મંદિર દ્વારા આયોજીત શ્રીમદ્ સત્સંગી જીવન કથા પારાયણમાં કથાના વિદ્વાન વક્તાનું સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

તાલુકા શાળાના ગ્રાઉન્ડમાં કથામાં દરરોજ બહોળી સંખ્યામાં હરિભક્તો કથાનું શ્રવણ કરવા ઉમટી રહ્યા છે ત્યારે આ કથાના મુખ્ય વક્તા પ.પૂ.શા.હરિપ્રકાશદાસજી સ્વામી અથાણાવાળા તેમજ મુખ્ય મંદિરના મહંત અને કથાના આયોજક કો.શા. ધર્મનંદનદાસજી સ્વામીનું સમસ્ત ઉપલેટા બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, ઉપપ્રમુખ ચંદુભાઈ વ્યાસ, મંત્રી મનિષભાઈ ત્રિવેદી, સુધીરભાઈ પંડ્યા, સંજયભાઈ ભટ્ટ, બિપીનભાઈ પંડ્યા, યોગેશભાઈ પંડ્યા, વિજયભાઈ પંડ્યા, રોનકભાઈ વ્યાસ, ભાવેશભાઈ પંડ્યા, શુભમભાઈ ભટ્ટ, કિશોરભાઈ ભટ્ટ, પ્રકાશભાઈ જોષી, અશ્વિનભાઈ મેહતા, રાજુભાઈ મેહતા, રાજુભાઈ ઉપાધ્યાય, મિલનભાઈ પાઠક, જતિનભાઈ ભટ્ટ, સી.પી.પંડ્યા, નાનુભાઈ વ્યાસ, ગીરીશભાઈ રાજ્યગુરૂ, બકુલભાઈ મેહતા, શિવાભાઈ મેહતા સહિત વિદ્વાન ભૂદેવો દ્વારા ફૂલહાર કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# પ્રાંતિજના સલાલની ધી વરાછા કો.ઓ બેન્ક લિ.ની સૂરત શાખા અન્યત્ર ખસેડવાના નિર્ણય સામે લોકોનો વિરોધ

## બેન્ક ખાતેદારો લોકર્સ ધરાવતા કેટલાય ગ્રાહકો થાપણદારો તેમજ બચતકારોમાં ભારે નારાજગી




**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે આવેલી વરાછા કો.ઓ.બેન્ક લિ.સૂરતની શાખા અન્યત્ર ખસેડવાના નિર્ણયથી સલાલ સહિતના વિસ્તારોના સભાસદોમાં હડકંપ મચી જવા પામ્યો છે અને કોઈ પણ સંજોગોમાં આ બેન્ક સલાલ ખાતે જ ચાલુ રાખવામાં આવે એવી બુલંદ માંગણીઓ ઉઠવા પામી છે.

વર્ષો પહેલાં વેપાર મથક સલાલમા લોકોની સુવિધાઓ માટે ધી.સલાલ નાગરિક બેન્ક ઉભી કરવામાં આવી હતી અને લોકોની સારી સેવાઓ પણ ઉપલબ્ધ હતી પણ ગમે તે કારણોસર બેન્ક નબર પડી જતાં નાગરિક બેન્કના ડિરેકટરો દ્વારા આ બેન્ક ધી.વરાછા કો.ઓ.બેન્ક લી. સૂરતમાં મર્જ કરાતા આ બેન્ક પુનઃ ધમધમી હતી પરંતુ ચર્ચા એવી છે કે સભાસદોની જાણ બહાર જ આ બેન્ક સૂરતની વરાછા બેન્ક લિ.ને મર્જ કરી વહીવટ સોપી બેન્કના સત્તાવાળાઓએ સભાસદો માટે ખૂબ ઉતાવળ કરી હોવાની ચર્ચાઓ થઈ રહી છે સલાલની આ બેન્ક અન્યત્ર ખસેડવાની ગતિવિધિની જાહેરાતથી સભાસદો સહિત આ પંથકના લોકોમાં હડકંપ મચી જવા પામ્યો છે . સલાલના બેન્ક ખાતેદારો લોકર્સ ધરાવતા કેટલાય ગ્રાહકો થાપણદારો બચતકારોની લાગણી એવી છે કે સલાલની આ નાગરિક બેન્ક સલાલ ખાતે જ ચાલુ રાખવામાં આવે અને લોકોની તમામ બેન્કીંગ સેવાઓ મળતી રહે એવી લાગણી સભાસદો અને લોકોમાં જોવા મળે છે જોઈએ હવે શું થાય છે? અન્યત્ર બેન્ક ખસેડવાની ગતિવિધિનો વિરોધ સલાલ પંથકમાં જોવા મળી રહ્યો છે.

# ધોરાજી: આંબાવાડી વિસ્તારમાં બે હજાર વાર જમીન પર બુલડોઝર ફેરવી દેવાયું



**અબ તક રમણીકટોપીયા ધોરાજી**

ધોરાજી નગરપાલિકા હદ વિસ્તારમાં આવતા જુનાગઢ રોડથી પાવર હાઉસ તરફ જતો રસ્તો તથા આંબાવાડી વિસ્તારના જુદાજુદા રસ્તાઓ ઉપર વીસ આસામીઓ દ્વારા તેઓની મિલકત બહાર જાહેર રસ્તા પર ગેરકાયદેસર કરેલ બાંધકામ અંદાજીત બે હજાર વાર રસ્તાઓના દબાણ જેની અંદાજીત જમીનની કિંમત રૂમ.૩૦,૦૦,૦૦૦/- ના દબાણો પ્રાંત અધિકારી નાગાજણ એમ. તરખાલાના માર્ગદર્શન હેઠળ દબાણ દુર કરવામાં આવેલ છે. તેમજ આગામી સમયમાં ધોરાજી નગરપાલિકા હદ વિસ્તારમાં અન્ય જાહેર રસ્તાઓ પરના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

# સાબરકાંઠા: પુંસરીમાં જેટકોના સબ સ્ટેશન વારંવાર બગડતા ખેડુતોની હાલત કફોડી

## 30 ગામના ખેડુતોને સુચારૂ રીતે વીજળી આપવા ઉર્જામંત્રી કનુભાઈ પટેલની કરી રજુઆત

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના પુંસરી ખાતે આવેલ જેટકોના ૬૬ કે.વી સબ સ્ટેશન વારંવાર ખોટકાતા રાજ્યના ઊર્જા મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે

આ અંગે સાબરકાંઠા જીલ્લા પંચાયતના કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પુંસરી ખાતે આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સંચાલિત ઝેટકોનુ સબ સ્ટેશન આવેલ છે જેનો આજુબાજુના 30 ગામોના ખેડૂતો લાભ લઈ રહ્યા છે આ સબસ્ટેશનમા છેલ્લા એક માસથી વારંવાર ખોટકાઈ જાય છે જેના કારણે વીજળી પર આધારિત જગતના તાત ગણાતા ખેડૂતો હેરાન થાય છે જેટકોના સબસ્ટેશન વારંવાર બ્રેકર બગડવાના કારણે વીજ આધારિત ખેડુતોની હાલત કફોડી બની જવા પામી છે તંત્રના અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નકકર પરિણામ મળતું નથી રાજ્યના ઊર્જા વિભાગની કામગીરીથી સમગ્ર રાજ્યનો ખેડૂત વર્ગ સંતુષ્ટ છે પરંતુ પુંસરી સબસ્ટેશન વારંવાર ખોટકાતા રાજ્યના ઊર્જા મંત્રી કનુ પટેલ સમક્ષ રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરી 30 ગામના ખેડુતોને ન્યાય આપવાં રજૂઆત કરી હોવાનું જણાવ્યું હતું.

# આદિપુર: ડી.એવી પબ્લિક સ્કુલમાં સાયબર એવરનેસ કાર્યક્રમ યોજાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છ સાયબર પોલીસ મથકના પીઆઈ એ.એ જાડેજા તથા સાયબર સેલના ગોપાલભાઈ સોધમ, દશરથભાઈ વાઘેલા સહિતના સ્ટાફ દ્વારા શાળા ખાતે ઉપસ્થિત છાત્રો અને શાળાના સ્ટાફને સાયબર ફ્રોડ અને તેના બચાવ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં



આવ્યું હતું.

આદિપુર ખાતે આવેલી ડીએવી પબ્લિક સ્કૂલમાં પૂર્વ કચ્છ સાયબર સેલ દ્વારા સાયબર ક્રાઈમ અવરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈ જાડેજા તથા સ્ટાફે સાઈબર ક્રાઈમ શું છે, તેના પ્રકાર અને મોડસ ઓપરેન્ડી બાબતે તેમજ ટેકનોલોજીના ફાયદા, નુકશાન, ઓનલાઈન ગેમિંગથી ઉભી થતી મુશ્કેલી, સોશિયલ મીડિયા ક્રાઈમ, સોશિયલ મીડિયા સુરક્ષા ટિપ્સ વિગેરે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સાયબર હેલ્પલાઈન નં-૧૯૩૦ ઉપર ફરિયાદ કરવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અને શાળાના તમામ સ્ટાફે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# અંજારમાં કોંગ્રેસનું પૂતળા દહન ઉગ્ર સુત્રોચ્ચાર

## કોંગ્રેસ દ્વારા વીડિયો કલીપ વાયરલ કરી ભાજપ વિશેની અફવાઓ સામે રોષ ભભૂકી ઉઠયો




**અબતક, ભારખી માખીજાણી, ગાંધીધામ**

અંજાર તાલુકા શહેર યુવા ભાજપ દ્વારા કોંગ્રેસ પાર્ટીનું પૂતળાં દહન કાર્યક્રમ યોજાયોલોકસભામાં સંવિધાન પર ચર્ચામાં ગૃહમંત્રી અમિત શાહે તેમના સંબોધનમાં તેમને કોંગ્રેસ પાર્ટી અને નહેરૂજી દ્વારા સંવિધાનના રચિયતા બાબાસાહેબ આંબેડકરજીનું અવાર નવાર અપમાન કર્યું તેની વિસ્તૃત ચર્ચા કરી માહિતી આપી હતી તેમાંથી કોંગ્રેસ પાર્ટી દ્વારા ૧૦ સેકંડનો વિડિયો કિલપ વાઈરલ કરી દેશમાં અમિત શાહજી તેમજ ભારતીય જનતા પાર્ટી માટે ખોટી અફવાઓ,દેશમાં અરાજકતા કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી ફેલાવી રહ્યા હોય તેના વિરોધમાં અંજાર તાલુકા - શહેર યુવા ભાજપ દ્વારા કોંગ્રેસ પાર્ટીનું પૂતળાં દહન કરી વિકૃત માનસિકતા ધરાવતી કોંગ્રેસ પાર્ટીનો વિરોધમાં સૂત્રોચાર અને વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો....

# સુરેન્દ્રનગરમાં લઘુ ઉદ્યોગોના વિકાસને પાંખો લગાડવા બિઝનેસ એકસ્પોની તડામાર તૈયારી

## લીંબડીના મીલન જીનીંગમાં ઝાલાવાડ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં યોજાયો સેમિનાર

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

ઝાલાવાડમાં નાના મોટા સ્થાનિક ઉદ્યોગો ને વિકાસની પુરી તક મળી રહે તે માટે સુરેન્દ્રનગર ખાતે ભવ્ય બિઝનેસ એક્સપો નુ આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે જેના ભાગ રૂપે લીંબડી મિલન જીનીંગ કેમ્પસમાં ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તથા મિલન જીનીંગ પ્રેસિંગ લિમિટેડ સંયુક્ત ઉપક્રમે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા એમએસએમઈ સેમિનારનુ




આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રાષ્ટ્રીય કૃત બેંકો દ્વારા લોન અને ધિરાણ અંગે વિસ્તૃત જાગૃતિ સભર માહિતી આપતો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ધારાસભ્ય કિરિટસિંહ રાણા, ગૌણ સેવા પસંદગી સમિતિના પુર્વ ચેરમેન પ્રકાશભાઈ સોની, અગ્રણી ઉદ્યોગપતિ બાબુલાલ જીનવાલા, નરેશ કૈલા, કૃષ્ણસિંહ રાણા, તથા નગરપાલિકા પ્રમુખ રઘુભાઈ પટેલ,શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ સેમિનારમાં જિલ્લા કુટિર ઉદ્યોગ અને રાષ્ટ્રીય કૃત બેંકોના અધિકારીઓ એ લઘુ ઉદ્યોગ માટે રાજ્ય સરકાર ની લોન અને તેની સબસિડી તથા વ્યાજ દર અંગે પુરતી માહિતી આપવામાં આવી હતી. સમગ્ર સેમિનાર ને સફળ બનાવવા અગ્રણી ઉદ્યોગપતિ બાબુલાલ જીનવાલા તથા ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ ઈન્ડસ્ટ્રીઝ ની ટીમ દ્વારા કરવા આવ્યું હતું.

# ધ્રાંગધ્રાઃ ટ્રાફિકની સમસ્યાને લઈને પાલિકા પ્રમુખ, ડીવાયએસપીની વેપારીઓ સાથે બેઠક યોજાઈ




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક સમસ્યાને લઈને અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે ત્યારે નગરપાલિકા ખાતે ડીવાયએસપી ની અધ્યક્ષમાં ટ્રાફિક સમસ્યા ને લઈને બેઠક યોજાઈ જેમાં પાલિકા પ્રમુખ પીઆઈ ચીફ ઓફિસર વેપારી મંડળના લોકોની હાજરી માં ૩૧ ડિસેમ્બર સુધીમાં ફૂટપાટ પર કરેલા દબાણો વેપારીઓ દ્વારા જાતે દૂર કરવામાં નહીં આવે તો પાલિકા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેઓ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ધાંગધ્રા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યાના પ્રશ્નોને લઈને ધાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ એમ યુ મશી દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં શહેરના વેપારીઓ નારાજ થતા ડીવાયએસપી કચેરી ખાતે રજૂઆત કરવા ગયેલા હતા જેમાં ડીવાયએસપી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આવનારા સમયમાં ટ્રાફિક સમસ્યાને લઈને સંકલન કરીને પસી ટ્રાફિક જુબેસ ઉપાડવામાં આવશે ત્યારે ૧૮ ડિસેમ્બર ના રોજ નગરપાલિકા ખાતે ડીવાયએસપી જે,ડી પુરોહિત, પી આઈ એમ યુ મશી,નગરપાલિકા પ્રમુખ, કુલદીપસિંહ ઝાલા, નગરપાલિકા ચીફ ઓફિસર મંડીલ કુમાર પટેલ તથા વેપારી સંગઠનના આગેવાનો સાથે મિટિંગ યોજાઈ હતી જેમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં, ધાંગધ્રા શહેરી વિસ્તારમાં તમામ વેપારીઓ દ્વારા ફૂટપટ પર કરેલા દબાણો વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક દૂર કરવામાં નહીં આવે તો આવનારા સમય માં નગરપાલિકા ટીમ પોલીસ પ્રશાસને સાથે રાખીને ટ્રાફિક સમસ્યા નો હલ કરવા માટે દબાણ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવશે તેવું નગરપાલિકા ચીફ ઓફિસર મંડીલકુમાર પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# અમરેલી પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં ઉપયોગ કરતા સાત વેપારીઓને દંડ ફટકાર્યો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરની સુચના મુજબ આરોગ્ય શાખાના સેનેટરી ઈન્સપેકટર નાનજીભાઈ ચાવડા, મહેબુબભાઈ ચૌહાણ સહિતના કર્મચારીઓ દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનાં વેચાણ તેમજ ઉપયોગ કરનારા અને પ્રતિબંધિત વિસ્તારમાં તમ્બાકુનું વેચાણ કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ગુરૂનાનક ટ્રેડર્સ, સુવિધા પ્લાસ્ટિક, રાજુભાઈ ચિતલીયા, જલારામ પ્લાસ્ટિક, ગોપાલ એજન્સી, ખોડીયાર સેલ્સ, વલ્લભ ટ્રેડર્સ સહિતના વેપારીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો. તેમજ આવા વેપારીઓ પાસેથી ૨૦ કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં શહેરના તમામ વેપારીઓની શોપનું ચેકીંગ હાથ ધરી સરકારનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ મુજબ રૂા.પાંચ હજારનો દંડ ફટકારી પ્લાસ્ટિક જપ્તી, જાહેરમાં કચરો ફેંકવો સહિતની દંડનિય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ભુજઃ રેડક્રોસ ભવન ખાતે મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેક-અપ કેમ્પ યોજાયો

## પ્રિન્ટ, ઈલેકટ્રોનીક મીડિયાના ૬૦ જેટલા પત્રકારોએ ઉત્સાહભેર કેમ્પનો લાભ લીધો

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**



ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે ભુજના રેડક્રોસ ભવન ખાતે પત્રકારઓ માટે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દર્શનમાં રાજ્યભરમાં પત્રકારઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજરોજ રેડક્રોસ ભવન ભુજ ખાતેના હેલ્થ કેમ્પમાં બહોળી સંખ્યામાં પત્રકારઓએ ભાગ લઈને હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાંબ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઈસીજી સહિતના વિવિધ ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. ભુજ ખાતે આયોજિત હેલ્થ કેમ્પનો ૬૦ જેટલા પત્રકારઓ, ફોટોગ્રાફરઓ અને માહિતી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ લાભ લીધો હતો. કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ખૂબ જ મોટો હોય

ભુજ ખાતે આયોજિત હેલ્થ કેમ્પમાં રેડક્રોસના ચેરમેન ધવલભાઈ આચાર્ય અને જિલ્લા કલેક્ટર અમિત અરોરાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ હેલ્થ કેમ્પમાં નાયબ માહિતી નિયામક ભુજ કચ્છ ઘનશ્યામ પેડવા, રેડક્રોસના વાઈસ ચેરમેન વિમલ મહેતા, તંત્રીઓ, પ્રતિનિધિઓ, કેમેરામેન, વીડિયોગ્રાફરઓ અને જિલ્લા માહિતી કચેરી ભુજ કચ્છનો સ્ટાફ તેમજ રેડક્રોસ ભુજનો સ્ટાફ જોડાયો હતો.

# ગાંધીધામઃ જીલ્લા ‘શી ટીમે’ સિનિયર સિટીઝનની મુલાકાત લીધી

## સિનિયર સિટીઝનનોના પ્રશ્નો કે સમસ્યાઓ બાબતે ચર્ચા કરી નિકાલ કરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તથા પોલીસ અધિક્ષક સાગર બાગમારના સુચન તથા માર્ગદર્શન હેઠળ પૂર્વ-કચ્છ ગાંધીધામ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન દ્વારા કાર્યરત શી ટીમ તથા પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓ દ્વારા જિલ્લાના નોંધણી થયેલ સિનિયર સિટીઝન સાથે તેઓના ઘરે, બાગ બગીચાઓમાં તથા અલગ-અલગ જગ્યાએ મુલાકાત લેવામાં આવેલ તથા તેઓના પ્રશ્નો કે સમસ્યાઓ બાબતે ચર્ચા કરવામાં આવેલ. આ ડ્રાઈવ દરમિયાન જિલ્લામાં જુના નોંધણી થયેલ કુલ ૪૨૧ તથા નવા ૧૩૨ સિનિયર સિટીઝનોની મુલાકાત કરી નોંધાણી કરવામાં આવેલ તેમજ જાહેર જગ્યાઓ તથા બગીચાઓમાં કુલ ૨૧૯ સિનિયર સિટીઝનો સાથે મુલાકાત કરી આ ડ્રાઈવ દરમ્યાન કુલ-૭૭૨ સિનિયર સિટીઝનોની મુલાકાત કરી તેઓના પ્રશ્નો કે સમસ્યાઓ બાબતે ચર્ચા કરી નિકાલ કરવાના પ્રયત્ન કરવામાં આવેલ.

આવનાર દિવસોમાં પણ પુર્વ કચ્છ જીલ્લામાં સિનિયર સિટીઝનની નોંધણીની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે. તથા પુર્વ કચ્છ જીલ્લામાં કોઈ પણ સિનિયર સિટીઝનને પોલીસ સહાયતાની કે પોતાની સુરક્ષાને લગતા પ્રશ્નો બાબતે પોલીસ મદદની જરૂરત હોય તો લોકલ પોલીસ સ્ટેશન કે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો.

# માણાવદરમાં ખેડુતો-વેપારીઓમાં પણ જંત્રી વિરૂધ્ધ સુર ઉઠ્યાં

**અબતક,જીજ્ઞેશ પટેલ,માણાવદર**



સરકારની જંત્રી દર વધારાની ચાલી રહેલી કવાયત સામે પ્રજામાં ભારે આક્રોશ અને રોષ ભભૂકી રહ્યો છે ગામોગામ સરકારના નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે જંત્રીના નવાદર ખેતી તથા ઉદ્યોગ પર ભારે અસર કરશે ધંધા રોજગાર તથા ખેતીપડી ભાંગવાની ભીતિ સેવાઈ રહી છે. સરકારની કથિત કવાયત સામે માણાવદર તાલુકાના ૫૮ ગામોના ખેડૂતો તથા નાના મોટા ઉદ્યોગકારોએ નારાજગી દર્શાવી મામલતદારને આવેદન પાઠવી રોષ પ્રગટ કર્યો.

મુખ્યમંત્રી તથા સબંધિત સચિવો, સાંસદ, ધારાસભ્ય વગેરેને ઉદેશીને લખાયેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે સને ૨૦૧૧માં સરકારે જંત્રીના દર જે જૂના હતા તેમાં વધારો કરવાની કવાયત કરી ભાવ વધારો ઝીકી દીધો હતો .

જેમાં પ્રતિ ચોરસ મીટર ૧૮૨૦ થી ૫૦૦૦ સુધી ઉદ્યોગિક હેતુને જંત્રી ચોરસ મીટર ૩૫૦૦ થી ૫૦૦૦ સુધી કરવાની તજવીજ ચાલી રહી છે આમ ઔદ્યોગિક હેતુ માટેની જંત્રી મુજબ એક વીઘાના ૭૦ થી ૮૦ લાખ રૂપિયા થાય છે અને ખેતીના હેતુ માટેની જંત્રી એક વીઘાના ૩૦થી ૫૦ લાખ થાય છે. જો આવા દતની અમલવારી થશે તો આ તાલુકાનો વિકાસ રુંધાઈ જશે અને વેપાર જમીનના સોદા અટકી પડશે ખેતી પડી ભાંગશે વેપારનું નામું નખાઈ જશે! આમેય માણાવદર તાલુકો રોજગાર વિહોણો તાલુકો છે અહીં ખેતી કામ સિવાય કોઈ રોજગારી આપે તેવા સાધન રહ્યા નથી ૧૨૫ જેટલા કપાસના કારખાના હતા. તેમાંથી ૨૦ ૨૫ માંડ ચાલે છે. તેમાંય જો જંત્રીદારનો વધારો કરવામાં આવશે તો ખેતી તો ભાંગશે જ સાથે સાથે ૨૦ થી ૨૫ જેટલા કારખાના ચાલે છે તે પણ બંધ થઈ જવાની ભીતી ખેડૂતો તથા વેપારીઓમાં પ્રસરી ગઈ છે.

# સિહોર - ટાણા રોડ પર આવેલા ફાયરીંગ બટ વિસ્તારમાં જવા પર પ્રતિબંધઃ જાહેરનામાનો ભંગ કરશે તે દંડાશે

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં.૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે.આ ફાયરીંગ બટ ખાતે આગામી તા.૧૯-૧૨-૨૦૨૪ થી તા.૨૩-૧૨-૨૦૨૪ સુધી દિન-૫ માટે ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી.,ભાવનગરના કેડેટસની ફાયરીંગ પ્રેકટીસની તાલીમનું આયોજન કરેલ છે.

જે સંદર્ભે શિહોરના સર્વે નં.૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલાં રૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષક,ભાવનગરના પત્ર થી દરખાસ્ત રજુ થયેલ છે.જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ બદલ પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

# અમરેલીઃ ખેલમહાકુંભ માટે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તા.૨૫ ડિસેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦ નું આયોજન છે. શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે.ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા પર ડિસેમ્બર-૨૦૨૪ની તા.૦૫ થી તા.૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે.અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું કોલેજમાં અભ્યાસ કરતા ખેલડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લામાંથી ભાગ લઈ શકશે. સ્પર્ધા દરમિયાન આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, બોનાફાઈડ અને બેંકની પાસબુકની નકલ સાથે રાખવી. રજિસ્ટ્રેશનને લગતી કોઈ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ભાવનગરઃ બહુજન સમાજ દ્વારા વૈકલ્પિક સુવિધા આપવા કલેક્ટરને રજુઆત

## ડિમોલીશનની કાર્યવાહી કરતા પહેલા બે હજાર પરિવારોને વૈકલ્પિક જગ્યા ફાળવવા પાઠવ્યું આવેદન

**અબતક, આનંદ રાણા, સિહોર**



ભાવનગર જીલ્લા બહુજન સમાજ પાર્ટીના જીલ્લા અધ્યક્ષ દિનેશભાઈ રાઠોડ, શહેર પ્રમુખ જગદીશભાઈ સોલંકી, લલીતભાઈ મકવાણા, વિનિતભાઈ તથા બહુજન સમાજ પાર્ટીના કાર્યકરોએ ભાવનગર શહેરના મિલની ચાલી, મોતી તળાવ રોડ, કુંભારવાડા, ભાયાણીની વાડી, ઓદરકા વાસ સહિતના વિસ્તારોમાં ડીમોલેશનની કામગીરી માટે નોટીસ આપવામાં આવી છે.

આ તમામ વિસ્તારોમાં ગરીબ લોકો છેલ્લા ત્રીસ વર્ષથી રહેછે, અને મહાનગર પાલિકાના નિયમો મુજબનાં તમામ વેરા ભરપાઈ કરે છે તથા આ વિસ્તારમાં આશરે અઢારસો થી બે હજાર પરિવારજનો મજુરીકામ કરી ગુજરાન ચલાવતા હોય આ પરિવારો મકાન વિહોણા બનશે , જેથી આ લોકોને માટે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવા બાદ ડીમોલેશન કરવામાં આવે તે અંગે આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

# ગોંડલના મોવિયામાં નળથી જળ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપોઃ વિજિલન્સ તપાસ

## વિજિલન્સ અધિકારીઓએ અરજદારોને સાથે રાખીને મોવિયા ગામમાં કર્યું ચેકિંગ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

સરકાર દ્વારા દરેક નાગરિકોને શુધ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે શરૂ કરવામાં આવેલી નલ સેજલ યોજના ભ્રષ્ટાચારની ગંગોત્રી સાબિત થઈ છે. આ યોજનામાં અનેક જગ્યાએ નળ તો લાગી ગયા છે પરંતુ તેમાંથી જળ આવવાના બદલે ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. આવો જ એક કિસ્સો ગોંડલના મોવિયા ગામથી પ્રકાશમાં આવ્યો છે.

ગોંડલ તાલુકાના મોવિયા ગામે નલસે જલ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈને તપાસનો ધમધમાટ શરૂ થયો છે. મોવિયા માં એન.આર.ડી.ડબ્લ્યુ.પી યોજના ‘‘નલસે જલ’’ના કામોમાં ભ્રષ્ટાચારની ઉચ્ચક્ષાએ માજી સરપંચની લેખિત રજૂઆતને લઈને તપાસના આદેશ થયા છે. માજી સરપંચ વાઘજીભાઈ પડારીયા અને ગામના આગેવાન શૈલેષભાઈ ઠુંમર દ્વારા યોજનામાં ભ્રષ્ટાચાર અંગે તપાસની માંગ કરી હતી. જેને લઈ ને વિજિલન્સ દ્વારા તપાસ નો ધમધમાટ શરુ થયો છે.

મોવિયામાં રૂપિયા ૩,૩૬,૭૩,૭૧૩/- ના ખર્ચે સાકાર થઈ રહેલ યોજનામાં ભ્રષ્ટાચાર થયાની ગાંધીનગર સુધી રજૂઆત થતા મોવિયામાં છેલ્લા ત્રણ દિવસથી વિજિલન્સના અધિકારીઓનો તપાસનો ધમધમાટ શરૂ થયો છે. અધિકારીઓએ અરજદારોને સાથે રાખીને ગામમાં અનેક વિસ્તારમાં જમીનમાં દાટેલ પાઈપલાઈનોની ખોદીને પણ તપાસ કરી રહ્યા છે. યોજનામાં સરપંચ અને તેમના મળતીયા દ્વારા ખોટી માહિતી આપીને ગ્રામજનોને વિશ્વાસમાં લીધા વિના વધારો કર્યો હોવાના અરજીમાં આક્ષેપો થયા છે. કરોડોની યોજનામાં ભ્રષ્ટાચાર સાબિત થશે તો ગ્રામ પંચાયત સતાધીશો સામે આકરા પગલાની શકયતાઓ સેવાઈ રહી છે.

# જગતમંદિરમાં ઠાકોરજીના એક દિવસમાં બે મનોરથ દર્શન

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં શ્રીજીને ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સહયોગથી એક જ દિવસમાં બબ્બે મનોરથ દર્શન યોજવામાં આવ્યા હતા. સવારે ઠાકોરજીની શૃંગાર આરતી સમયે કુંડલા ભોગ મનોરથ તેમજ સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે સુકામેવા મનોરથ યોજવામાં આવ્યા હતા. આ બન્ને મનોરથ દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના માધ્યમથી લાખો કૃષ્ણભકોએ લાભ લીધો હતો.

# ભાવનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા કાલે રોજગાર કાર્ડ નોંધણી કેમ્પ યોજાશે

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા‘‘શ્રી રામ ઈન્ફોસિસ નવા કુંભાર વાડા, જનરલ હોસ્પિટલની સામે, ગાંધીબાગ રોડ, મહુવા ખાતે આવતીકાલે સવારે ૧૧-૦૦ કલાકે લઘુમતી સમાજના ભાઈઓ/બહેનો માટે રોજગારી કાર્ડ નોંધણી કેમ્પ તેમજ કારકિર્દી અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

રોજગારી કાર્ડ નોંધણી માટે ઉપરોકત સ્થળે,તારીખ અને સમયે પોતાની શૈક્ષણીક લાયકાતના જરૂરી પ્રમાણપત્રો અને માર્કશીટ તથા જાતિના આધાર પુરાવા ની ઓરીઝનલ તેમજ ઝેરોક્ષ કોપી અને પાસપોર્ટ સાઈઝ ફોટો-૧ સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી ભાવનગરની યાદીમાં જણાવવામાં આવે છે.

# સિહોરઃ આરોગ્ય કેન્દ્રનું બાંધકામ ચાલુ છતાં નંદલાલ ભૂતા હોસ્પીટલમાં રાબેતા મુજબ કામગીરી

**અબતક, આનંદ રાણા, સિહોર**




સિહોરનું સરકારી દવાખાનાનુ સાલ ૧૯૨૨ થી અસ્તિત્વ ધરાવતું બિલ્ડિંગ હાલ જર્જરિત હાલતમાં હોય , તથા નવાં બિલ્ડીંગનું કામ ચાલું કરવામાં આવનાર હોય જેથી , હાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ની બાજુમાં આવેલ નંદલાલ ભુતા હોસ્પિટલના પાંચ થી છ મોટા રુમમાં રાબેતા મુજબ હોસ્પિટલ ચાલું કરવામાં આવી છે.

સિહોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ઈન્ચાર્જ અધિક્ષક ડો.રુબીનાબેન પઢિયારે જાહેર જનતાજોગ સંદેશમાં જણાવ્યું છે કે સરકારી હોસ્પિટલનાં નવાં બિલ્ડીંગનું કામ ચાલું કરવામાં આવતાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જુની બિલ્ડીંગની બાજુમાં આવેલી નંદલાલ ભુતા હોસ્પિટલ કાર્યરત થયેલ છે,

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી નાં માર્ગદર્શન હેઠળ તથા ડીપાર્ટમેન્ટના સહયોગથી નવા સેટપ માં શિફ્ટ થઈ ગયેલ છે,

નંદલાલ ભુતા હોસ્પિટલના વ્યવસ્થાપક રમેશભાઈ આલ નાં સહયોગ થી ગાયનેક અને ડીલીવરી માટે પાંચ થી છ મોટા રૂમ ફાળવવામાં આવતાં જેથી ડીલીવરી વિભાગ નંદલાલ ભુતા બિલ્ડીંગ માં કાર્યરત છે, તથા ઓપીડી અને ઈમરજન્સી વિભાગ જુના હોસ્પિટલનાં આગળના ગેઈટ ની બાજુના ભાગમાં કાર્યરત છે, તથા પી.એમ.રૂમ જુના પી.એમ.રૂમમાં કાર્યરત છે, હાલમાં તમામ ડીપાર્ટમેન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત છે, જે અંગે જાહેર જનતાને જાણ કરવામાં આવી છે.



# રાજકોટમાં ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ

## નવ રેન્જ આઈજી, ચાર પોલીસ કમિશ્નર, સીઆઈડી ક્રાઈમના વડા સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિ





**કાયદો વ્યવસ્થાની સ્થિતિ, સાયબર ક્રાઈમના ગુનામાં ધરખમ ઉછાળો, મહિલા સુરક્ષા, દરિયાઈ સુરક્ષા સહિતની બાબતોએ ચર્ચા**

**રાજ્ય પોલીસવડાનું ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયું**

**અબતક, રાજકોટ**

ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે રાજ્ય પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ રહી છે. જેમાં નવ રેન્જ આઈજી, ચાર પોલીસ કમિશ્નર, સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના એસપી, કોસ્ટલ રેન્જના આઈજી, સીઆઈડી ક્રાઈમના વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા છે.

આ કોન્ફરન્સમાં રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, સાયબર ક્રાઈમના ગુનામાં ધરખમ ઉછાળો, મહિલા સુરક્ષા, ગુનાખોરીનો ગ્રાફ, દરિયાઈ સુરક્ષા સહીતની બાબતે નોટ રીડિંગ યોજાનાર છે.

રાજકોટ ખાતે યોજાઈ રહેલી ક્રાઈમ કોન્ફરન્સ માટે રાજ્ય પોલીસવડાનું પોલીસ કમિશ્નર કચેરી ખાતે આગમન થતાં ગાર્ડ ઓફ ઓનર આપી તેમનું સ્વાગત આપવામાં આવ્યું હતું. ક્રાઈમ કોન્ફરન્સમાં સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત, વડોદરા પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, ભાવનગર રેન્જ ગૌતમ પરમાર, જૂનાગઢ રેન્જ નિલેશ જાજડિયા, બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. રાજયના પોલીસ વડા વીકાસ સહાય આજે વધુ એક વખત રાજકોટ આવ્યા છે. ડીજીપી તરીકે ચાર્જ લીધા બાદ વિકાસ સહાય ગત મે-૨૦૨૩માં પોલીસ અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ રાજકોટ ખાતે યોજી હતી. ત્યાર બાદ દોઢ વર્ષ પછી ફરી રાજકોટ ખાતે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની અદયક્ષતામાં પ્રથમ વખત ગુજરાત સ્ટેટની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ છે. જેમાં ગુજરાતના ચારેય મહાનગરના પોલીસ કમિશ્નર તેમજ ૯ રેન્જ આઈજી તેમજ સી.આઈ.ડી. ક્રાઈમ, ટેકનિકલ સેવાઓ, કોસ્ટલ સિક્યુરિટીના વડાઓ ઉપસ્થિત રહ્યા છે.

ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષા તેમજ મંદિરો તેમજ ગેસ પ્લાન્ટની સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા અણઉકેલ બનાવોમાં પોલીસે કરેલી કામગીરી બાબતે ચર્ચા કરી તેની સમીક્ષા કરવામાં આવી છે.

# વાઈબ્રન્ટ સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું: મુખ્યમંત્રી

## ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સ્નેહ મિલનમાં ઉપસ્થિત રહેતા ભૂપેન્દ્ર પટેલ




**અબતક, રાજકોટ**

અમદાવાદ ખાતે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સ્નેહ મિલનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સામેલ થયા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં સાબરમતીની કાયાપલટ થકી સાબરમતી રિવરફ્રન્ટ વિકાસ પામ્યો. તેમણે સૌને સાથે રાખીને રાજયને વિકાસના માર્ગે અગ્રેસર રાખ્યું હતું. તેમના માર્ગદર્શનમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આજે ટોચની ૫૦૦ કંપનીમાંથી ૧૦૦થી વધુ કંપનીઓ ગુજરાતમાં કામ કરી રહી છે એમ જણાવીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર જેવા નવીન ક્ષેત્રોમાં આપણે ઉત્તમ વિકાસ સાધી રહ્યા છીએ, તો સાથે સાથે પ્રાકૃતિક કૃષિ જેવી મુહીમના લીધે આપણે મિશન લાઈફનો મંત્રને પણ સાકાર કરી રહ્યા છીએ.

'યહીં સમય હે, સહી સમય હે' એમ જણાવીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં આજે ધંધા રોજગાર સહિત દરેક ક્ષેત્રે સોનેરી સમય છે અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો મંત્ર સાકાર થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીએ વિકસિત ભારતના નિર્માણમાં જીસીસીઆઈ સહીત વેપાર ઉદ્યોગોનું યોગદાન મહત્વનું રહેવાનું છે એમ જણાવીને સૌને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિવાનંદ આશ્રમના સ્વામી પરમાત્માનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે, પરિવર્તન એ સંસારનો નિયમ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આધુનિક સમયમાં દરેક ક્ષેત્રે પરિવર્તન જરૂરી બન્યું છે. આધુનિક સમયમાં જીવનમાં સુખ દુઃખ, જીવનમૂલ્યો અને સામાજિક આદર્શોના પરિમાણો બદલાયા છે ત્યારે આપણી આવનારી પેઢી વધુ ચારિત્ર્યવાન બને એ આપણી સૌની જવાબદારી છે, એમ તેમણે ઉમેર્યું હતું.પ્રમુખ સંદીપભાઈ એન્જિનિયરે સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસના બે વર્ષ હમણાં જ પૂર્ણ થયા છે.મુખ્યમંત્રીના નેતૃત્વમાં આજે વિવિધ બિઝનેસ ફ્રેન્ડલી પોલિસી, સહાયો અને યોજનાઓના યોગ્ય અમલીકરણના લીધે રાજ્યમાં વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે ખરાં અર્થમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની સંકલ્પના સાકાર થઈ રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# હવે મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડમાં વિદેશીઓ પ્રવેશી નહીં શકે

## પૂર્વતર રાજ્યોમાં અગાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવા વિદેશી નાગરિકો માટે હળવા કરેલા નિયમો રદ કરી ચીન અફઘાનિસ્તાન પાકિસ્તાન સહિતના પ્રવાસીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવાયું



**અબતક , રાજકોટ**

રાષ્ટ્રીય સુરક્ષા મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મણીપુર નાગાલેન્ડ અને મિઝોરમના સંવેદનશીલ રાજ્યોમાં પડોશમાંથી આવતા વિદેશી નાગરિકોના પ્રવેશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી છે ,અગાઉ ૨૦૧૦માં સરકારે પ્રવાસન ઉદ્યોગને વેગવાન બનાવવા વિદેશીઓના પ્રવેશ અંગે નિયમો હળવા કર્યા હતા, હવે ચીન અફઘાનિસ્તાન પાકિસ્તાન સહિતના વિદેશી પ્રવાસીઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવાયું છે

બુધવારે સરકારે જાહેર કરેલ માર્ગદર્શિકામાં પડોશી દેશોના નાગરિકોની અવરજવરથી રાષ્ટ્રીય સુરક્ષા ના ઉભા થયેલા પ્રશ્નને લઈને પૂર્વ તર સરહદીય રાજ્યોમાં વિદેશીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવાયો છે, સાથે સાથે મણિપુરની મુલાકાતે આવનાર વિદેશીઓ ની તમામ હિલચાલ પર કડક નજર રાખવામાં આવશે ,વિદેશી નાગરિકો માટે પ્રતિબંધિત વિસ્તાર અધિનિયમ ૧૯૫૮ મુજબ હવે કોઈપણ વિદેશી નાગરિકોને પૂર્વ તરરાજ્યોમાં આવતા પહેલા ખાસ મંજૂરી લેવી પડશે,ઉત્તર પૂર્વ રાજ્યોમાં ચીન પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સિવાયના વિદેશી નાગરિકોના પ્રવેશ પર નો પ્રતિબંધ અગાઉ હળવો કર્યો હતો, જે ફરીથી લાગુ કરી દેવામાં આવ્યું છે, આ અંગે મણીપુર મિઝોરમ અને નાગાલેન્ડના મુખ્ય સચિવ ને જાણકારી આપી દેવાય છે મુખ્યમંત્રી એન બિરેન્સીહે ગઈકાલે એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપતા જણાવ્યું હતું કે પૂર્વતર રાજ્યોમાં રાષ્ટ્રીય સુરક્ષા ને ધ્યાને લઈ કેટલાક પ્રતિબંધો નું પાલન કરવું જરૂરી છે

સરકારે લોકોને અપીલ કરી કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ સંગઠન ની હિલચાલ નજરે આવે તો તાત્કાલિક તંત્રને જાણકારી આપવી. રાજ્ય સરકાર રાજ્યમાં શાંતિ અને સામાજિક સૌહાર્દ જાળવવા માટે પ્રતિબધ છે નાગરિકો જાગૃત રહી રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે સંવેદનશીલ રહે તેવી અપીલ કરી છે.

# સુત્રાપાડા: વ્હાલી દીકરી યોજનાના અરજી ફોર્મ ઓફલાઈન સ્વીકારવા માંગ

**અબતક, રામસિંહ મોરી સુત્રાપાડા**

રાજ્યભરમાં વ્હાલી દીકરી યોજનાની અરજીમાં સર્વર ડાઉન અને નેટ પ્રોબ્લેમના કારણે લોકોને ભારે હાડમારી ભોગવવી પડે છે ત્યારે આ યોજનાના ફોર્મ ઓનલાઈનની સાથે ઓફલાઈન સ્વીકારવાની વ્યવસ્થાની માંગ ઉઠી છે. જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ મહિલા અને બાળ વિકાસ વિભાગ મંત્રી ભાનુબેન બાબરીયાને પત્ર પાઠવી વ્હાલી દીકરી યોજનાના ફોર્મ ઓફલાઈન આપવાની વ્યવસ્થા ગોઠવવા જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે સરકાર ''વ્હાલી દીકરી યોજના'' હેઠળ આર્થિક સહાય મેળવવા દિકરીઓ તરફથી વાલી દ્વારા ઓનલાઈન અરજી કરવા જાય છે. ત્યારે આધાર કાર્ડ ન હોવાથી તેમજ આધાર કાર્ડ જન્મના નામો તેમજ સુધારાના કારણે આધાર કાર્ડ નીકળતા ન હોવાને કારણે ઓનલાઈન અપલોડ ન થવાથી વાલીઓને ખુબ જ મુશ્કેલી પડે છે. આધાર કાર્ડની કામગીરીમાં લોડના કારણે/ઈન્ટરનેટ/સર્વર/વીજળી/તેમજ અન્ય કરણોસર સમયસર આધારકાર્ડની કામગીરી થઈ શકતી નથી અને સરકારની વિવિધ કામગીરી જેવી કે રેશનકાર્ડ કેવાયસી/ખેડુત રજી./પી.એમ.એ.વાય. તેમજ અન્ય કામગીરીને કારણે કામગીરીમાં મુશ્કેલી ઉભી થાય છે. આવી મુશ્કેલીઓને ધ્યાને લઈ ''વ્હાલી દીકરી યોજના'' હેઠળ જે આર્થીક સહાય મળવાને પાત્ર છે. તેવા લાભાર્થીઓ વંચીત ન રહી જાય અને સરકારની યોજનાનો લાભ મળતો નથી તે માટે ''વ્હાલી દીકરી યોજના'' અંતર્ગત ઓફલાઈન અરજી સ્વિકારવામાં આવે તો મોટો પ્રશ્ન હલ થઈ શકે, ભુતકાળમાં બાલીકા સમૃધ્ધિ યોજનાના અરજી ફોર્મ પણ ઓફલાઈન સ્વિકારવામાં આવતા હતા તેવી જ રીતે આ યોજનામાં ઓફલાઈન અરજી ફોર્મ સ્વિકારવાની ઘટતી કાર્યવાહી કરવા સાથે રાજેશભાઈ ચુડાસમાએ મંત્રી ભાનુબેન બાબરીયાને રજૂઆત કરી છે.

# ગાત્રો થીજવતી ઠંડી: નલીયા ૬.૪ રાજકોટનું ૯.૫ ડિગ્રી તાપમાન

## ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની સંભાવના:હિમાલયના બર્ફીલા પવનોને લીધે ઠંડીનો ચમકારો દેખાશે અને દક્ષિણ અને પૂર્વ ગુજરાતના ભાગોમાં માવઠાની શક્યતા



| જિલ્લા વાઈઝ | તાપમાન |
|---|---|
| નલિયા | ૬.૪ |
| પોરબંદર | ૧૪ |
| રાજકોટ | ૯.૫ |
| બરોડા | ૧૪.૬ |
| ભુજ | ૧૦.૨ |
| ભાવનગર | ૧૫.૪ |
| દીવ | ૧૨.૧ |
| વેરાવળ | ૧૫.૪ |
| અમરેલી | ૧૨.૬ |
| દ્વારકા | ૧૬.૨ |
| ડીસા | ૧૨.૯ |
| સુરત. | ૧૬.૮ |
| અમદાવાદ | ૧૩.૪ |
| દમણ | ૧૭ |
| કંડલા | ૧૩.૫ |
| ઓખા | ૧૯.૨ |

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં હવે ઠંડીનું જોર વધી રહ્યું છે. ગાત્રો થીજવતી ઠંડી સાથે માવઠાની પણ આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો આ વખતે ગુજરાતમાં ઠંડીની મોસમ થોડી મોડી શરૂ થઈ હતી, પરંતુ હવે ઠંડીનું જોર સતત વધી રહ્યું છે અને તાપમાન ઘટી રહ્યું છે. ગુજરાતનું નલિયા અત્યારે કાશ્મીર બની ગયું છે. ત્યાં તાપમાન ૬ ડિગ્રી કરતા પણ નીચે પહોંચી ગયું છે. હવામાન વિભાગની આગામીની વાત કરવામાં આવે તો, આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની સંભાવનાઓ છે. આ સાથે અનેક ભાગોમાં લઘુત્તમ તાપમાન ઘટે તેવી પણ શક્યતા છે. ગુજરાતના કેટલાક વિસ્તારમાં ૧૨ ડિગ્રીથી ૧૦ ડિગ્રી નીચુ તાપમાન રહેશે તેવી પણ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

જામનગર, રાજકોટ, કચ્છ, જૂનાગઢ અને અમરેલીમાં કડકડતી ઠંડીની શક્યતાઓ છે.ડિસેમ્બરના અંતમાં અને જાન્યુઆરીમાં માવઠાના એંધાણ છે. આગાહી પ્રમાણે ૨૬ ડિસેમ્બરથી રાજયમાં વાદળછાયું વાતાવરણ રહેશે, હિમાલયના બર્ફીલા પવનોને લીધે ઠંડીનો ચમકારો દેખાશે અને દક્ષિણ અને પૂર્વ ગુજરાતના ભાગોમાં માવઠાની સંભાવનાઓ રહેવાની છે. ગુજરાતમં હવે ઠંડીનું વાતાવરણ સતત ઘટી રહ્યું છે.

# તમારાં દાંત ઊંચા કોલેસ્ટ્રોલની 'ચાડી' ખાય છે

## મોઢાંની તકલીફો, ખાસ કરીને દાંત અને પેઢાને કોલેસ્ટ્રોલ સાથે સંબંધ છે



**અબતક, રાજકોટ**

કોલેસ્ટ્રોલ કોઈ સામાન્ય રોગ નથી. કોલેસ્ટ્રોલનું વધતું પ્રમાણ હૃદય રોગ, બ્રેઈન સ્ટ્રોક અને કિડની સહિત ગંભીર આરોગ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે. જે અંગે યોગ્ય સાવચેતીના પગલાં લેવા આવશ્યક છે. ત્યારે કોલેસ્ટ્રોલ નું પ્રમાણ વધતાં પહેલા શરીર એવી અસંખ્ય ચેતવણી ચિહ્નો આપે છે જે હાઈ કોલેસ્ટ્રોલ તરફ નિર્દેશ કરે છે. ચામડીના રંગમાં ફેરફારથી લઈને છાતીમાં દુખાવો, પગમાં ખેંચાણ અને થાક સુધીના ચિહ્નો અલગ-અલગ પ્રકારના સંકેતો કોલેસ્ટ્રોલ વધતું હોવા અંગે ચેતવણી આપે છે, પરંતુ તે કોલેસ્ટ્રોલ સિવાય પણ અન્ય બીમારીના સંકેત હોય શકે છે. જ્યારે મોટાભાગના લોકો માને છે કે ઉચ્ચ કોલેસ્ટ્રોલને મોનિટર કરવાનો એકમાત્ર રસ્તો લોહીનું પરીક્ષણો છે, પરંતુ મોઢાના કેટલાક સંકેતો છે, જે કોલેસ્ટ્રોલનું સ્તર સૂચવી શકે છે.

દાંતના ડોક્ટરો કેટલીકવાર હાઈ કોલેસ્ટ્રોલના પ્રારંભિક ચેતવણીના ચિહ્નો શોધી શકે છે. તમારું મૌખિક સ્વાસ્થ્ય સંભવિત કોલેસ્ટ્રોલ સમસ્યાઓના સૂચક તરીકે સેવા આપી શકે છે.

તમારા મોઢાંની તકલીફો, ખાસ કરીને દાંત અને પેઢાને કોલેસ્ટ્રોલના સ્તરો સાથે સંબંધ છે. જો કે, કડી રુધિરાભિસરણ તંત્રમાં રહેલી છે. ઉચ્ચ કોલેસ્ટ્રોલ સાથે સંકળાયેલ આરોગ્ય સમસ્યાઓ જેમ કે ધમનીમાં અવરોધ અને લોહીનો પ્રવાહ ઘટવો, તમારા પેઢા પર અસર કરી શકે છે. જ્યારે પેઢાને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન અને પોષક તત્ત્વો મળતા નથી, ત્યારે તે રોગો માટે વધુ સંવેદનશીલ બને છે.

હાઈ કોલેસ્ટ્રોલ તમને જીન્ગિવાઈટિસ અને પિરિઓડોન્ટાઈટિસ જેવી સ્થિતિઓ માટે જોખમી બનાવી શકે છે. જીન્ગિવાઈટિસએ પેઢાની બળતરા છે, જેમાં પેઢા લાલ થવા, સોજો આવવો અને લોહી નીકળવાનો સમાવેશ થાય છે. જો સારવાર ન કરવામાં આવે તો, જીંજીવાઈટિસ, પિરિઓડોન્ટાઈટિસ તરફ દોરી શકે છે, જે પેઢાનો ગંભીર ચેપ છે જે તમારા દાંતને ટેકો આપતા પેશીઓ અને હાડકાંનો નાશ કરે છે. આ આખરે દાંતના નુકશાન તરફ દોરી શકે છે.

તેવી જ રીતે, મોંનું કોરું થઈ જવું પણ હાઈ કોલેસ્ટ્રોલની ચેતવણી આપે છે. હાઈ કોલેસ્ટ્રોલમાં એવી સ્થિતિ ઊભી થાય છે, જ્યાં લાળ ગ્રંથીઓ પૂરતી લાળ ઉત્પન્ન કરતી નથી. જેના કારણે ચાવવું અને બોલવું મુશ્કેલ બની શકે છે. તેમજ દાંતમાં સડો થવાનું જોખમ પણ વધારે છે. હાઈ કોલેસ્ટ્રોલને ઘણીવાર 'સાયલન્ટ કિલર' તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તેના લક્ષણો માત્ર ત્યારે જ ઉદ્દભવે છે જ્યારે તે ખૂબ વધી ગયું હોય.પરિણામે હાર્ટ એટેક અથવા સ્ટ્રોક જેવી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. તમારાં મોઢાંમાં થતી કેટલીક સમસ્યાઓ પ્રારંભિક સંકેતો આપી શકે છે કે કંઈક ખોટું છે, જેથી નિયમિત દાંતની તપાસ વધુ જરૂરી બનાવે છે.

# રાજયના સૌથી મોટા ફલાય ઓવરબ્રિજનું સંભવતઃ ફેબ્રુઆરીમાં લોકાર્પણ

## ફલાયઓવરબ્રિજ પર કુલ પાંચ જગ્યાએથી એન્ટ્રી-એકઝીટ મળશે

**અબતક જામનગર**

જામનગર શહેરમાં છેલ્લાં બે વર્ષ કરતાં વધુ સમયથી ચાલતા શહેરના પ્રથમ ફલાય ઓવરનું કામ કેટલે પહોંચ્યું તે જાણવાની શહેરીજનોમાં જીજ્ઞાશા હોય તે સ્વાભાવિક છે. ત્યારે રાજ્યના સૌથી મોટા ફલાય ઓવરનું નિર્માણ કાર્ય ફેબ્રુઆરી ૨૦૨૫ માં પૂર્ણ થઈ જવાનો દાવો જામ્યુકોના અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. સુભાષબ્રિજ થી સાત રસ્તા સર્કલ સુધીના આ ફલાય ઓવરનું ૮૬ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે બાકીના ૧૪ ટકા જેટલું કામ હાલ બાકી છે

આમ તો ડિસેમ્બર-૨૦૨૪ માં જ ફલાય ઓવરનું કામ પૂર્ણ થઈ જવાનું હતું. પરંતુ, ભારે વરસાદ તેમજ ક્રશ મટીરીયલ ઓપરેટરોની હડતાલને કારણે કામમાં થોડો વિલંબ રહ્યો છે. પરિણામે હવે આ કામ ડિસેમ્બરને બદલે ફેબ્રુઆરી ૨૦૨૫ માં પૂર્ણ થશે.

કામમાં થોડો વિલંબ છતાં મંજૂર રહેલાં ૧૯૩ કરોડના નિર્માણ ખર્ચમાં કોઈપણ પ્રકારનો સંભવિત વધારો થશે નહીં.

આ ફલાયઓવરની નીચેના ભાગમાં પાર્કિંગ સુવિધા ઉભી કરવામાં આવશે. જેમાં અંદાજિત ૮૫૦ ટુ વ્હીલર, ૨૦૦ ફોરવ્હીલર, ૫૦ રીક્ષાઓ, ૫૦ મીની વાહનો તેમજ ૬૦ મોટી બસનો સમાવેશ થઈ શકશે. આ ઉપરાંત ફલાયઓવર નીચે ગેમઝોન, ગ્રીન સ્પેસ તેમજ સિનીયર સિટીજનોને બેસવા માટે વ્યવસ્થા પણ ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ફલાયઓવર પર કુલ પાંચ જગ્યાએથી એન્ટ્રી-એકઝીટ મળી શકશે. જેમાં અંબરચોકડીથી હોસ્પિટલ તરફ જવા માટેના સ્લોપનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ માટે હાલ આ માર્ગ પરની વીજ કંપનીની વીજલાઈનો સ્વીફટ કરવાની કામગીરી ચાલી રહી છે જે પૂર્ણ થયા બાદ અહીંથી ફલાયઓવરનો વધુ એક સ્લોપ ઉતારવામાં આવશે. રચના કટ્રકશન નામની પેઢી દ્વારા આ ફલાયઓવરનું કામ કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ આધુનિક ફલાયઓવરનું કામ પૂર્ણ થતા જામનગર શહેરના લોકો ખરા અર્થમાં મહાનગરમાં વસતા હોવાનો અહેસાસ કરી શકશે.


ફ્લાયઓવર શરૂ થયા બાદ ઈન્દિરા માર્ગ પરની ટ્રાફિક સમસ્યા પણ થોડી હળવી થશે. સુભાષબ્રિજથી ખંભાળિયા તરફ જવા ઈચ્છતા વાહનચાલકો કોઈપણ જાતના ટ્રાફિક સિગ્નલના વિઘ્ન વગર પસાર થઈ શકશે.




### ફલાય ઓવરબ્રિજનું ૮૬ ટકા જેટલું કામ પૂર્ણઃ પ્રોજેકટ-પ્લાનિંગ વિભાગના ઈજનેર રાજીવ જાની

અબતક સાથેની વાતચીતમાં પ્રોજેકટ અને પ્લાનિંગ વિભાગના ઈજનેર રાજીવ જાની જણાવ્યું હતું કે જામનગર મહાનગરપાલિકા દ્વારા સાત રસ્તાથી સુભાષ બ્રિજ ફલાયઓવર બનવાથી મુખ્ય ટ્રાફિકની સમસ્યા નું નિવારણ તો આવશે જ સૌરાષ્ટ્રનો સૌથી લાંબામાં લાંબો બ્રીજ છે આ ફલાયઓવરની નીચેના ભાગમાં પાર્કિંગ સુવિધા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત ફલાયઓવર નીચે ગેમઝોન, ગ્રીન સ્પેસ તેમજ સિનીયર સિટીજનોને બેસવા માટે વ્યવસ્થા પણ ઉભી કરવાફલાય ઓવરનું ૮૬ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે





**ફલાયઓવરબ્રિજ નીચે ગેમઝોન, ગ્રીન સ્પેસ તેમજ સિનીયર સિટીજનોને બેસવાની સહિતની અનેક સુવિધાઓ**



# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ડો. બાબા સાહેબ આંબેડકર અંગેના નિવેદનનો કોંગ્રેસ દ્વારા વિરોધ

## વિરોધ પ્રદર્શન કરી રહેલા શહેર કોંગ્રેસ પ્રમુખ સહિતના ૨૪ હોદ્દેદારોની પોલીસ દ્વારા અટકાયત

**અબતક, જામનગર**

સંસદ ભવનમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિશે બોલનારા ગ્રહ મંત્રી અમિત શાહ ને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે જામનગરના લાલ બંગલા સર્કલમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરીને જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. હાથમાં બેનર રાખીને ગૃહમંત્રીને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરાતાં ૨૪ કોંગી આગેવાનો- કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે.





સંસદ ગ્રહમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિશે બોલનારા ગ્રહ મંત્રી અમિત શાહને સસ્પેન્ડ કરવા સંદર્ભે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા ની રાહબરી હેઠળ તેમજ જામનગર મહાનગર પાલિકાના વિરોધ પક્ષના નેતા ધવલ નંદાની રાહબરીમાં શહેર કોંગ્રેસના અન્ય કોર્પોરેટરો ઉપરાંત દલિત સમાજના આગેવાનો લાલ બંગલા સર્કલમાં બેનર પોસ્ટર સાથે એકત્ર થયા હતા ,અને અમિત શાહનો વિરોધ દર્શાવી સૂત્રોચાર કર્યા હતા. જે સમયે પોલીસ તંત્ર આવી પહોંચ્યું હતું, અને જાહેરમાં વિરોધ કરી રહેલા ૨૪ જેટલા કોંગી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. જે તમામને પોલીસ હેડ કવાટર્સમાં લઈ જવાયા હતા. જોકે મોડેથી તમામને મુક્ત કરી દેવામાં આવ્યા છે.

# હાપા યાર્ડમાં સુકા-લાલ મરચાની ૪૦૦થી વધુ ભારીની આવક

## રૂ.૫૦૦થી ૩૦૫૦ ભાવ બોલાયાઃ સારા ભાવ મળતાં ખેડુતો ખુશખુશાલ

**અબતક, જામનગર**

જામનગર ના હાપા માર્કેટિંગ યાર્ડમાં દિન પ્રતિ દિન જુદી જુદી જણસની આવક થઈ રહી છે, અને ખેડૂતોને ઊંચા ભાવ મળી રહ્યા હોવાથી ખેડૂતો પણ ખુશખુશાલ નજરે પડી રહ્યા છે.



હાપા માર્કેટિંગ યાર્ડમાં આજે લાલ સુકા મરચા ની ૪૦૦ ભારી ની આવક થઈ હતી. જેમાં રેવા જાતિના મરચાંના ૨૮૦૦ થી ૩,૦૫૦ ભાવ બોલાવ્યો હતો. જ્યારે સાનિયા જાતિના મરચા ના ૨,૪૦૦ થી ૨૭૦૦ રૂપિયા ના ભાવે ભારી ના સોદા થયા હતા.

ઉપરાંત કડી કાબરા મરચા ના ૫૦૦ થી ૧,૨૦૦ રૂપિયા ના ભાવે શોદા થયા હતા. હજુ માર્કેટિંગ યાર્ડમાં ધીમે ધીમે લાલ મરચા ની આવક શરૂ થઈ રહી છે, અને ખેડૂતોને સારી જાતના મરચામાં ઊંચા ભાવ મળી રહ્યા છે.

# ડો. બાબા સાહેબ વિશે અપમાનજનક શબ્દ બોલનાર ગૃહમંત્રી વિરુદ્ધ ગુન્હો નોંધવા 'આપ'ની માંગણી




**અબતક, જામનગર**

જામનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા સંસદ ગૃહ માં ડોક્ટર બાબા સાહેબ આંબેડકર નું અપમાન કરવાના મામલે ભારતના ગૃહ મંત્રી અમિત શાહ નો વિરોધ કરવામાં આવ્યો હતો.

આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢાની રાહબરી હેઠળ આપી પાર્ટીના કાર્યકરોએ જિલ્લા પોલીસ વડા ની કચેરીએ પહોંચી વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું છે, અને રાજ્ય મંત્રી સામે ગુન્હો દાખલ કરવા માટેની માંગણી કરવામાં આવી છે.

# હાસ્ય સમ્રાટને અલવિદા કહેવા ઉમટ્યો જનસૈલાબ

## વસંત પરેશ 'બંધુ'ને અંતિમ યાત્રામાં ખ્યાતનામ કલાકારો-અગ્રણીઓ સહિત ચાહક વર્ગ દ્વારા અપાય શ્રદ્ધાંજલિ



**અબતક, જામનગર**

જામનગરનાં વતની અને હાસ્ય કલાકાર તરીકે દેશ - વિદેશમાં ખ્યાતિ મેળવી જનમાનસમાં હાસ્ય સમ્રાટનું બિરૂદ મેળવનાર વસંત પરેશ 'બંધુ' નું ૭૦ વર્ષની વયે અવસાન થતા તેમનાં પરીવારજનો સહિત લાખો ચાહકોનાં મનમાં શોકની લહેર દોડી ગઈ હતી.વસંત પરેશે વ્યારામાં અંતિમ શ્વાસ લીધા પછી તેમનાં શવને એમ્બ્યુલન્સ દ્વારા જામનગર લાવવામાં આવ્યું હતું અને વતનમાં તેમનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં.

શહેરમાં મંગલબાગ વિસ્તારમાં આવેલ તેમનાં નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતાં. હાસ્યકાર સાંઈરામ દવે સહિતનાં ખ્યાતનામ કલાકારો તથા કલાજગતનાં સ્થાનિક મહાનુભાવો અને વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ તેમને અંતિમ વિદાય આપવા ઉમટ્યા હતાં.

ઉદાર અને માયાળુ સ્વભાવને કારણે બહોળું મિત્ર વર્તુળ ધરાવતા વસંત પરેશના ચાહક વર્ગ વિશાળ હોય એ સ્વાભાવિક છે. તમામ લોકોએ તેમનાં પત્ની અનિતાબેન તથા પુત્ર ચિંતન સહિતનાં કુટુંબીજનોને સાંત્વના પાઠવી હતી. સ્વજનો, મિત્ર વર્ગ તથા ચાહકો તમામે તેમને ભીની આંખે વિદાય આપી હતી. તેમની ચિરવિદાય સાથે જ હાસ્યજગતનાં એક સિતારો આથમી ગયો એમ કહી શકાય.



# દ્વારકા જિલ્લામાં ખેડૂતોના પ્રશ્ને આપ કિસાન સેલ દ્વારા રજૂઆત



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા આપ પાર્ટીના કિસાન સેલ દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્ને જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા આમ આદમી પાર્ટી કિસાન સેલ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતોના ગંભીર પ્રશ્નો અંગે જિલા વહીવટી તંત્રને આવેદનપત્ર પાઠવી તુરન્ત પગલા લેવા માંગ કરાઇ હતી. કિસાન સેલના અગ્રણી બલદેવ ગઢવી સહિતની આગેવાનીમાં આપ પાર્ટીના કાર્યકરોએ આવેદન પત્ર પાઠવી ખેડૂતોને સરકારે નકકી કરેલા નિર્ધારીત ભાવોથી યાર્ડ તથા ખુલી બજારમાં ૩૦૦ રૂપિયા ઓછા મળતા હોય સરકાર એમ.એસ.પી. જાહેર કરે, ડી.એ.પી. તથા યુરીયા ખાતરની ખરીદીમાં નેનો યુરીયા તથા લીકવીડ ફરજીયાત છે તે બંધ કરવા માંગ કરાઇ હતી. હાલ ખંભાળીયામાં ૧૦ હજાર ઉપરાંતના ખેડૂતોના રજીસ્ટ્રેશન વખતે દરરોજ માંડ ૧૦૦ જેટલા ખેડૂતોનો વારો આવતો હોય કેન્દ્રોની કાર્યક્ષમતા વધારવા પણ માંગ કરાઇ છે.

# નાઘેડીના પાટીયા પાસે નોનવેજની રેંકડી સંચાલક પિતા-પુત્ર પર માથાભારે શખ્સોએ કર્યો હુમલો

## રેંકડી વાળી જગ્યા પર ચારેય શખ્સોએ કબજો જમાવવો હોવાથી રેકડીમાં તોડફોડ કરી રૂ.૨૫,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું

**અબતક, જામનગર**

જામનગર નાઘેડીના પાટીયા પાસે નોનવેજની રેકડી ચલાવતા પિતા-પુત્ર પર નાઘેડી ગામના ચાર માથાભારે શખ્સો એ હુમલો કર્યા ની તેમજ જે જગ્યાએ રેકડી રાખી હતીઝ તે જગ્યા પર કબજો જમાવવો હોવાથી રેકડીને દૂર ફેંકી દઈ તેમાં ૨૫ હજારનું નુકસાન કર્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.



આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા અને નાઘેડી ગામના પાટીયા પાસે જાહેર રોડ પર નોનવેજ ની રેકડી ચલાવતા સાહિલ મહમદભાઈ ગામેતી નામના યુવાને પોતાના ઉપર તેમજ પોતાના પિતા મહમ્મદભાઈ ઉપર હુમલો કરી મુઢ ઈજા પહોંચાડવા અંગે નાઘેડી ગામના ચાર માથાભારી શખ્સો રામભાઈ ઉર્ફે રામકો જીવાભાઈ મોઢવાડિયા, આસીફ કાસમભાઈ કાટલીયા, ઈરફાન કાસમભાઈ કાટલીયા, તેમજ મુન્નાભાઈ પાલાભાઈ માડમ સામે ફરિયાદ નોંધાવી છે.

રેકડીમાં તોડફોડ કરી અંદાજે રૂપિયા ૨૫,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું, અને રેકડી ઉપાડીને દૂર ફેંકી દીધી હતી. અને ફરીથી અહીં ધંધો કરવા આવશો તો જીવતા નહીં રહેવા દઈએ તેમ કહી ને ધાક ધમકી આપી હતી.

પંચકોસી બી-ડિવિઝને ગુનો નોંધી ચારેય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૬૦૦ શાળાઓમાં ૧૪૪૫ જેટલાઓ શિક્ષકોની જગ્યા ખાલી..!

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૬૦૦ જેટલી શાળાઓમાં ૩૧૩૦ શિક્ષકોમાંથી ૧૪૪૫ શિક્ષકોની સ્થિતિ ખાલી હોય ગંભીર સ્થિતિ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લોએ રાજયનો છેવાડાનો આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે મહદંશે અન્ય જિલ્લાઓની સાપેક્ષમાં પછાત જેવો વિસ્તાર હોય તેમજ રાજયના દૂરના જિલ્લામાં રહેતા શિક્ષકો સામાન્યતઃ છેવાડાના જિલ્લાઓને પસંદગી આપના ન કહોય ૧૧૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. આવી પરિસ્થિતિમાં તાજેતરમાં જિલ્લા ફેરની માંગણી અનુસાર જિલ્લાના શિક્ષકોને તેમના વતનમાં જવાના કેમ્પમાં ૩૪૫ જેટલા શિક્ષકો દૂર જતાં જિલ્લાની ૬૦૦ જેટલી સરકારી શાળાઓમાં ૩૧૩૦ના મહેકમ સામે ૧૪૪૫ જેટલા શિક્ષકોની ખાલી જગ્યાથી ગંભીર સમસ્યા સર્જાઇ છે.

સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ માંગણી અનુસાર ૫૭૪ શિક્ષકોની બદલી અન્ય જિલ્લામાં કરવા હુકમો થયા છે જેમાંથી ૩૪૫ જેટલા શિક્ષકોને છુટા કરાયા છે અને વધુ બસ્સોથી વધુ શિક્ષકો ટૂંકમાં છુટા થનાર હોય જિલ્લાના ૫૮૪ જેટલા શિક્ષકો અન્યત્ર જતાં હોય અને ૧૧૦૦ જગ્યા ખાલી મળીને જિલ્લાના ખંભાળીયા, દ્વારકા, ભાણવડ અને કલ્યાણપુર તાલુકામાં કુલ ૩૧૩૦ શિક્ષકોના મહેકમ સામે પચાસ ટકાથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી રહેનાર હોય શાળા દીઠ અઢી જેટલા શિક્ષકોની ઘટ ઉપરાંત અનેક શાળામાં મુખ્ય વિષ્યના શિક્ષકો ન હોય સમગ્ર શાળામાં એક યા બે શિક્ષકો હોય તેવી શાળાઓ પણ હોય પ્રાથમિક શિક્ષણની ગંભીર સ્થિતિ સર્જાઇ છે.

# રાજયભરના ૨૭૨ બાર એસોસિએશનના હોદ્દેદારોનો આજે ફેસલો

## રાજકોટ ત્રણ પેનલો મળી ૫૧ ઉમેદવારોનું ભાવિ મત પેટીમાં, ઉત્સાહભેર મતદાન: વકીલો કતારમાં




**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્ય ભરના ૨૭૨ ૧૨ એસોસિએશનમાં આજે મતદાન યોજનાર છે. જેમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી - ૨૦૨૫માં છ હોદેદારો અને દસ કારોબારી સભ્યોની નક્કી કરવા માટેના ત્રિપાંખિયા જંગમાં આજે નવા કોર્ટ બિલ્ડિંગમાં પ્રથમ વખત મતદાન સવારે ૯:૦૦ વાગ્યાથી શરૂ થઈ ગયું છે. જેમાં આ લખાય છે ત્યારે સવારે ૧૦: ૪૫ વાગ્યા સુધીમાં ૪૦૦ જેટલા મત પડ્યા છે. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં આશરે ૮૦% થી વધુ મતદાન થવાનું મનાઈ રહ્યું છેબાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ગાઈડલાઈન વન બાર વન વોટ મુજબ રાજકોટ સહિત રાજ્યભરના બાર એસોસિએશનોની ચૂંટણીમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા ૩,૬૯૯ની સભ્ય સંખ્યા ધરાવતા રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીનું નવા કોર્ટ બિલ્ડીંગ ખાતે બી વિંગમાં પહેલા માળે પ્રથમ વખત જ મતદાન શરૂ થયું છે. આ ચૂંટણીમાં ત્રણ વખત ચૂંટાયેલા હાલના પ્રમુખ બકુલ રાજાણીની એક્ટિવ પેનલ, ભાજપ લીગલ સેલ સમર્થિત દિલીપભાઈ જોષીની કાર્યદક્ષ પેનલ અને બીસીઆઈ મેમ્બર દિલીપભાઈ પટેલ પ્રેરિત પરેશ મારૂની સમરસ પેનલ વચ્ચે ત્રિપાંખિયા જંગનું આજે સવારે ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી મતદાન યોજાયું છે. જેમાં સવારથી વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ તેમજ સિનિયર જુનિયર વકીલોએ મતદાન કર્યું હતું.આ ચૂંટણીમાં ત્રણ પેનલો સહિતના ઉમેદવારોમાં પ્રમુખપદ માટે હરિસિંહ મનુભા વાઘેલા, દિલીપભાઈ નટવરલાલ જોષી, બકુલભાઈ રાજાણી, પરેશભાઈ ભગવાનજીભાઈ મારુ, અતુલકુમાર મોહનલાલ જોશી અને કૌશિક કાંતિલાલ પંડ્યા વગેરે છ ઉમેદવારો મેદાનમાં છે. ઉપપ્રમુખમાં ત્રણ ઉમેદવારોમાં મયંકકુમાર રમણીકલાલ પંડ્યા, નીરવકુમાર કરુણાશંકર પંડ્યા અને સુમિત ધીરજલાલ વોરા, સેક્રેટરીપદમાં ચાર ઉમેદવારોમાં સંદીપ મનજીભાઈ વેકરીયા, વિનેશ કદમકાંત છાયા, કેતનકુમાર પ્રફુલચંદ્ર દવે અને પરેશકુમાર મનસુખલાલ વ્યાસ. જોઈન્ટ સેક્રેટરીના બે ઉમેદવારોમાં જીતેન્દ્ર હિંમતલાલ પારેખ અને ગિરિરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા. ટ્રેઝરરમાં ત્રણ ઉમેદવારોમાં કૈલાશ જીતેન્દ્રભાઈ જાની, રાજેશ બચુભાઈ ચાવડા અને પંકજ રામજીભાઈ દોંગા, લાઈબ્રેરી સેક્રેટરીના બે ઉમેદવારોમાં રવિ ભુપેન્દ્રભાઈ ધ્રુવ અને કેતન વાજસુરભાઈ મંડ, કારોબારી સભ્ય મહિલા અનામતમાં ચાર ઉમેદવારોમાં અરુણા/ અલકા હરિલાલ પંડ્યા, રૂપલબેન ભાસ્કરભાઈ થડેશ્વર, હર્ષા નીરવકુમાર પંડ્યા અને રક્ષા ગિરીશભાઈ ઉપાધ્યાય તેમજ

(અનુ. આઠમા પાને)

**પ્રમુખપદ માટે છ, ઉપપ્રમુખમાં ત્રણ, સેક્રેટરીમાં ચાર, જોઈન્ટ સેક્રેટરી બે, ટ્રેઝરરમાં ત્રણ, લાઈબ્રેરી સેક્રેટરીમાં બે, મહિલા અનામત સહિત કારોબારીની ૧૦ બેઠકોમા**

# રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરશે: ૧ જાન્યુઆરીથી રજીસ્ટ્રેશન



**અબતક, રાજકોટ**

ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે અન્વયે રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મારફતે કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સમગ્ર રાજ્યમાં ગ્રામીણ કક્ષાએ વીસીઈ મારફતે તા.૦૧ જાન્યુઆરી ૨૦૨૫થી કરવામાં આવશે.

અ ા ઓનલાઈન નોંધણી માટે ખેડૂતની આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮-અની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ન થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જેવા જરૂરી પુરાવા સાથે રાખવાના રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા હોય તો આ માટે ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત છે.

### પ્રતિ ક્વિન્ટલ રૂ.૨૪૨૫ લેખે ઘઉંની ખરીદી કરવામાં આવશે

વધુમાં, ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને જાબજ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ-કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો તેવા કિસ્સામાં ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ પણ નહી કરવામાં આવે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

# પીએમ કિસાન યોજનાની અરજી માટે ૧ જાન્યુઆરીથી ફાર્મર આઈડી ફરજીયાત

### વેબ પોટેલ તથા મોબાઈલ એપ્લીકેશન પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા પીએમ કિસાન યોજના હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂતોની પોર્ટલ ઉપર નોંધણી સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારા કરવામાં આવે છે. આ નોંધણી માટે તા.૦૧ જાન્યુઆરી ૨૦૨૫થી અરજદાર માટે ફાર્મર રજીસ્ટ્રી હેઠળનો ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવ્યો છે. પોર્ટલ પર સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારા અરજી કરતી વખતે અરજદારે ફાર્મર આઈડી-ખેડુત નોધણી ક્રમાંક ફરજિયાત દાખલ કરવાનો રહેશે.

પીએમ કિસાન યોજના માટે પાત્રતા ધરાવતા ખેડૂતો વેબ પોર્ટલ અથવા મોબાઈલ એપ્લિકેશનથી જાતે અથવા ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યુટર ઓપરેટર મારફતે અરજી કરી શકે છે, પરંતુ તે માટે ફાર્મર આઈડી જરૂરી હોય છે. જે માટે ખેડુતે https://gjfr.agristack.gov.in પોર્ટલ પર જાતે અથવા ગામમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે ગામના ગ્રામસેવક અથવા તલાટી-કમ-મંત્રી અને તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરવા, ખેતી નિયામક કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જામનગર, લાલપુર, વેળાવદર અને ભુજ, મુન્દ્રા રોડની રોડની સિકલ ફરી જશે

## રાજયના ૧૪૨ કિ.મી. ના પાંચ રસ્તાઓ ટનાટન બનાવવા રૂ. ૧૩૧ કરોડ ફાળવાયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છના બે સહિત રાજ્યના ૧૪૨ કિ.મી.ના પાંચ રસ્તાઓને ટનાટન બનાવવા રાજ્ય સરકાર દ્વારા ૧૩૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અગત્યના પ્રોજેક્ટ્સ સાથે કોર નેટવર્કને જોડતા કે પુરક રસ્તા તરીકે કાર્યરત કુલ ૧૪૨ કિ.મી.ના પાંચ રસ્તાઓના રિસરફેસીંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જેમાં પેથાપુર-નારદિપુર-ખેરવા ૨૨.૪૦ કિ.મી. માટે રૂ.૨૭.૭૫ કરોડ, જામનગર-લાલપુર-વેરાદ ૩૧.૮૫ કિ.મી. માટે રૂ.૧૮.૦૨ કરોડ, નડિયાદ-પેટલાદ-ખંભાત ૨૪.૦૦ કિ.મી. માટે રૂ.૨૩.૪૫ કરોડ, ચિખલી-ધરમપુર ૨૦.૪૫ કિ.મી. માટે રૂ. ૧૯.૯૮ કરોડ અને ભુજ-મુંદ્રા ૪૩.૫૦ કિ.મી માટે રૂ.૪૨.૫૧ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. રાજ્યના અગત્યના માર્ગોના નિર્માણની રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન હસ્તકની કામગીરી વધુ ગતિશીલ બનશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા રાજ્યમાં હાથ ધરાઈ રહેલા અગત્યના પ્રોજેક્ટસ સાથે કોર નેટવર્કને જોડતા તથા તેને પૂરક માર્ગો તરીકે કાર્યરત કુલ પાંચ જેટલા રસ્તાઓના રીસરફેસિંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા કુલ ૧૪૨ કિ.મી લંબાઈના માર્ગો માટે આ રકમ મંજૂર કરી છે.

### આ પાંચ રસ્તાઓ માટે રૂ.૧૩૧ કરોડ ફાળવાયા

૧) પેથાપુર-નારદિપુર-ખેરવા ૨૨.૪૦ કિ.મી. માટે રૂ. ૨૭.૭૫ કરોડ
૨) જામનગર-લાલપુર-વેરાદ ૩૧.૮૫ કિ.મી. માટે રૂ. ૧૮.૦૨ કરોડ
૩) નડિયાદ-પેટલાદ-ખંભાત ૨૪.૦૦ કિ.મી. માટે રૂ. ૨૩.૪૫ કરોડ
૪) ચિખલી-ધરમપુર ૨૦.૪૫ કિ.મી. માટે રૂ. ૧૯.૯૮ કરોડ
૫) ભુજ-મુંદ્રા ૪૩.૫૦ કિ.મી માટે રૂ. ૪૨.૫૧ કરોડ

તદ્અનુસાર, પેથાપુર-નારદીપુર-ખેરવા ૨૨.૪૦ કિ.મી, જામનગર-લાલપુર-વેરાદ ૩૧.૮૫ કિ.મી. તેમજ નડિયાદ-પેટલાદ-ખંભાત ૨૪.૦૦ કિ.મી. અને ચીખલી-ધરમપુર ૨૦.૪૫ કિ.મી. તથા ભુજ-મુંદ્રા ૪૩.૫૦ કિ.મી. માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના સાહસ સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા પાછલા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં વિવિધ મહત્વપૂર્ણ માર્ગોના નિર્માણ, રીસર્ફેસિંગ, વિસ્તૃતિકરણ વગેરે માટે કુલ ૨૯૯૯ કરોડ રૂપિયાના કામો હાથ ધરવામાં આવેલા છે.



# સેમીકંડક્ટર ક્ષેત્રે ૩૦ હજાર તજજ્ઞોની જરૂર પડશે

## આગામી વર્ષથી ગુજરાતમાં ચિપનું ઉત્પાદન શરૂ થઈ જવાની ધારણા, રોજગરીનો મોટો વિકલ્પ ઉપલબ્ધ થશે



**અબતક, અમદાવાદ**

ગુજરાત આગામી દિવસોમાં સેમીકન્ડક્ટરનું ઉત્પાદન શરૂ થઈ જવાનું છે. ત્યારે આગામી દિવસોમાં ૩૦ હજાર જેટલા તજજ્ઞોની જરૂર પડવાની છે.

ગુજરાતના માઈક્રોનના પ્લાન્ટમાંથી આવતા વર્ષે ચિપનું ઉત્પાદન થાય તેવી શકયતા છે. નિષ્ણાતોનો અંદાજ છે કે ભારતમાં ઉત્પાદન અને ડિઝાઈન સુવિધાઓના વિસ્તરણ સાથે, આ ક્ષેત્રને લગભગ ૩૦,૦૦૦ પ્રશિક્ષિત કર્મચારીઓની જરૂર છે. જો કે, રાજ્ય આ ક્ષેત્ર માટે આઈટીઆઈ/ડિપ્લોમા ધારકો સિવાય વાર્ષિક માત્ર ૬૦૦ એન્જિનિયર્સનું ઉત્પાદન કરશે.

શહેરમાં પ્રથમ વખત આયોજિત ૩૩મા આઈઈઈઈ એશિયન ટેસ્ટિંગ સિમ્પોસિયમમાં, નિષ્ણાતોએ પ્રદેશ માટે લાંબા ગાળાના વિઝન અને વધુ ઊંડા શૈક્ષણિક-ઉદ્યોગ એકીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિએલએસઆઈ સોસાયટી ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ ડો. સત્ય ગુપ્તાએ ૨૦ ડિસેમ્બરના રોજ સમાપ્ત થનારી ઈવેન્ટનો ભાગ છે, જણાવ્યું હતું કે સેક્ટરને ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ બંને માટે લગભગ ૩૦,૦૦૦ પ્રશિક્ષિત કર્મચારીઓની જરૂર છે.

ગુજરાતમાં હાલમાં આ સેક્ટરમાં ડિઝાઈનથી લઈને પેકેજિંગ સુધીના વિવિધ ફોકલ વિસ્તારો સાથે ચાર પ્રોજેક્ટ છે. ‘‘સ્થાનિક પ્રતિભાઓ માટે આ એક મોટી તક છે, પરંતુ માનવ સંસાધનોની માત્રા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવી એ સમયની જરૂરિયાત છે,‘‘ તેમણે કહ્યું. એલનફોચિપ્સના કોન્ટ્રાકટ

(અનુ. આઠમા પાને)

# મહાકુંભ મેળામાં રાજકોટથી બનારસ વચ્ચે ટ્રેન દોડાવાશે

## રાજકોટ-બનારસ અને વેરાવળ-બનારસ વચ્ચે વિશેષ ભાડા સાથે ટ્રેન દોડશે: આગામી મંગળવારથી બુકીંગ શરૂ



**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે અને મહાકુંભ મેળામાં મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે, પશ્ચિમ રેલ્વે મહાકુંભ મેળાની ૨ જોડી સ્પેશિયલ ટ્રેનો દોડાવશે જે રાજકોટ ડિવિઝનમાં થી પસાર થશે. આ ટ્રેનો રાજકોટ-બનારસ અને વેરાવળ-બનારસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર દોડશે.

રાજકોટ-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ રાજકોટથી સવારે ૦૬.૦૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪.૪૫ કલાકે બનારસ પહોંચશે. આ ટ્રેન ૦૬, ૧૫ અને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. એ જ રીતે ટ્રેન બનારસ-રાજકોટ મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯.૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૪.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૦૭, ૧૬ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, ફાલના, રાણી, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઇ, ભરતપુર,

(અનુ. આઠમા પાને)

# ચિંતા ન કરતા ગુજરાતમાં રાજકોષીય ખાધ અંકુશમાં..!

### ગુજરાતના દેવામાં ૮.૫૨ ટકાનો ઘટાડો: રાજયવિત્તિય ખાદ્ય માત્ર ૧.૮૬ ટકા

### વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માં જાહેર દેવું જીએસડીપીના ૨૩.૮૬ ટકા હતું, જે ૨૦૨૩-૨૦૨૪ માં ૧૫.૩૪ ટકા

**અબતક, રાજકોટ**

નાણાકીય વ્યવસ્થાપનમાં છેલ્લા બે દાયકાથી સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાત દેશનું રોલ મોડલ તેમજ આર્થિક એન્જિન રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વિકાસલક્ષી સહિત ખર્ચ નિયત મર્યાદામાં રહીને જ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા ઉંચો વૃદ્ધિદર હાંસલ કરવા માટે મૂડી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતું જાહેર દેવું રાજ્યના વિકાસને વધુ વેગવંત બનાવવા તેમજ મૂડી ખર્ચ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીમાં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૫ ટકાનો અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૦ ટકાનો મૂડી ખર્ચમાં વધારો કરવામાં આવ્યો છે

વધુમાં, વર્ષ ૨૦૦૫માં ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમને રાજ્ય સરકારે અમલી બનાવ્યો છે. જે અન્વયે રાજયના ઘરગથ્થુ ઉત્પાદનના પ્રમાણમાં જાહેર દેવું ૨૭.૧૦ ટકાથી નીચે રહેવું જોઈએ. વર્ષ ૨૦૦૦-૦૧માં તે સમયનું જાહેર દેવું જીએસડીપી ના ૨૩.૮૬ ટકા હતું. જેમાં ઉત્તરોત્તર ઘટાડો લાવીને નાણાકીય વર્ષ:૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજોમાં ૧૫.૩૪ ટકા તેમજ નાણાકીય વર્ષ: ૨૦૨૪-૨૫ના અંદાજોમાં ૧૫.૨૭ ટકા સૂચવવામાં આવ્યું છે. રાજ્યના અસરકારક નાણાકીય સંચાલનના પરિણામે, કોવિડ-૧૯ના વર્ષને બાદ કરતા, આ પ્રમાણ સતત ઘટતું રહ્યું છે. જીએસડીપીના પ્રમાણમાં જાહેરદેવાના ગુણોત્તર મુજબ ગુજરાત સમગ્ર દેશમાં બીજા સૌથી નીચા સ્થાને છે જે રાજ્ય સરકારનું યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન દર્શાવે છે.

ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અનુસાર રાજ્યવિત્તીય ખાધનું પ્રમાણ રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૩ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. ગુજરાતે અસરકારક રાજવિત્તીય વ્યવસ્થાપન દ્વારા રાજ્યવિત્તીય ખાધને નિયંત્રિત રાખવામાં સફળતા મેળવી છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યવિત્તીય ખાધ માત્ર ૧.૮૬ ટકા અંદાજવામાં આવી છે.

મહેસૂલી આવકની સાપેક્ષે જાહેર દેવાં પરનું વ્યાજ જે નાણાકીય વર્ષ ૨૦૦૦-૦૧ માં ૨૫.૧૭ ટકા જેટલું ઊંચું હતું તે ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧.૭૬ ટકા જેટલું થયું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના સુધારેલ અંદાજ મુજબ આ પ્રમાણ ૧૧.૬૮ ટકા જેટલું અંદાજવામાં આવ્યું છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી વગર વ્યાજની ૫૦ વર્ષના લાંબા સમયગાળાની લોન લેવામાં પણ ગુજરાત અગ્રેસર છે. ગત નાણાકીય વર્ષમાં ગુજરાત દ્વારા લેવામાં આવેલ કુલ જાહેર દેવામાંથી ૨૦ ટકા કરતાં પણ વધારે હિસ્સો આવી વગર વ્યાજની કે ઓછા દરની લોનનો છે. નાબાર્ડ દ્વારા ગ્રામિણ આંતરમાળખાકીય સુવિધાઓના નિર્માણ માટે કન્શેસનલ દરે લોન આપવામાં આવે છે. આ ઓછા દરની લોન લેવામાં ગુજરાત સમગ્ર દેશમાં સૌથી અગ્રેસર છે.

(અનુ. આઠમા પાને)

**મહેસૂલી આવકની સાપેક્ષમાં જાહેર દેવા પરનું વ્યાજ વર્ષ ૨૦૦૧-૦૨માં ૨૫.૧૭ ટકાની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં માત્ર ૧૧.૭૬ ટકા**